સંત તુકારામ.



સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ.

॥ શ્રી સરસ્વત્યૈ નમઃ ॥

[...-વાટિકા] ॐ [પુષ્પ-૩૪ મું

...િતરસથી ઓતપ્રોત ધાર્મિક વસ્તુ *

સંત તુકારામ

—: અથવા :—

સંસાર-સિન્ધુ

...મરા બનેલા

...રે સંશોધન ...રાજક :—"પુષ્પ" :—

...રસ્ત... ફળીઆ પગથીઆ ...રી-સુરત

...ના સર્વાધિકાર પ્રકાશકને સ્વાધીન છે.]

: પ્રકાશક :

બુકસેલર ક... ચનલાલ શાંતિલાલ બ્રધર્સ

ઠે૦ સ્વામીનારાયણના મંદીર પાસે, નડીઆદ

...તે ૧] પ્રત ૨૦૦૦ [સં. ૧૯૮૫

મૂલ્ય: બાર આના

* તમારે કંઇ છપાવવું હોય તો ! *

ઉમરેઠ ભટવાડી પોળના નાકે આવેલા સરસ્વતી પ્રીન્ટીંગ
પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ [illegible] અને
ચોકસી કંચનલાલ શાન્તિલા[illegible]
નડીઆદમાંથી પ્રગટ કર્યું.

* ઉપરના ઠેકાણાની પહેલી નોંધ લેજો. *

બે બોલ

ચાર ચાર વર્ષના અખંડ જલસિંચન પછી આજ મ્હારી પુષ્પ-વાટિકામાં આ ચોત્રીસમું પરિમલભીનું પુષ્પ પ્રફુલ્લે છે, જેને ચૂંટી પૂજનીય ભગવતી બ્રહ્મબાળાના ચરણકમળમાં આજ પવિત્ર હાથે અને પ્રેમભીને હૈયે પધરાવતાં પ્રાર્થું છું, કે 'એની પરિમલથી હે માતા! આખું મંદિર મ્હેંકે!'

ભક્ત સુરદાસ અને ભક્ત પ્રહ્લાદ લખ્યા પછી ધાર્મિક વસ્તુ આલેખવાનો આ મ્હારો ત્રીજો પ્રયાસ છે. આ ખરા બનેલા બનાવમાં મ્હેં કેટલાક પ્રસંગો દંતકથાને આધારે સંશોધન કરીને તો કેટલાંક વસ્તુસ્થિતિ ધ્યાનમાં રાખી સ્વતંત્ર—નવીન પણ યોજ્યા-ગોઠવ્યાં છે. તેમ છતાં સંતના જીવન—વૃત્તાંતને એથી જરા જેટલીય ઝાંખાશ ન આવે, એ તો પ્હેલેથીજ સંભાળ રાખી છે.

સંત તુકારામના પ્રેમ-ભક્તિના આદર્શને પડતો મૂકીએ, તો એમની પત્ની જીજીનું ચિતરાયલું જીવન—ચરિત એ મ્હારી આ કૃતિમાં એક ખાસ નવીનતા છે ગ્રામ્યજીવનમાં ઉછરેલી, અભણ—અજ્ઞાન છતાં સંસ્કારી સ્ત્રીઓનો સ્વભાવ કેવો અને કેટલો વ્હેમી હોય છે? સાથે તે કેટલી ભોળા અને નિષ્કપટ હૃદયની તથા પતિવ્રતા હોય છે? તેમજ

સ્ત્રીઓને શૃંગાર, સુવર્ણ અને સંસારનો કેટલો શોખ અને સ્નેહ હોય છે? એ ત્રણે આધુનિક અબળાનાં ગૃહ-સંસારનાં સાચાં ચિત્રો એના જીવનને અનુસરતાં કરી ખાસ યોજાયલાં છે.

આજના પાખંડી સાધુઓની પાપી વૃત્તિ, મૂર્ખ સ્ત્રીઓની બાધા-માનતા અને માયા-મમતા તથા પ્રભુ ભક્તિનો પ્રભાવ કેટલી હદ પર્યંત પ્હોંચી શકે છે? તથા કેવાં પરિણામ લાવી શકે છે? એ ત્રણ વિષયો ઉપરજ આંતના **સંસાર-સિન્ધુનું** જહાજ ઝૂલતું હોય એટલામાંજ સારાંશ સમાઇ જાય છે. અસ્તુ!

મ્હારી ગદ્ય-પદ્ય-મિશ્રિત સ્વયંશોધિત નવીન શૈલીને અંતઃકરણથી સત્કારનાર પ્રત્યેક વ્યકિત મ્હારા આ નવીન પુષ્પને પણ પ્રેમથી સત્કારી-સૂંઘી એની પાંખડીઓ અને પરિમલ અમર રાખે, અને પ્રભો! એવાં પરિમલભીનાં પુષ્પો મ્હારી હૃદય-વાટિકામાં પ્રફુલ્લવા પ્રેરણા-વારિના છાંટણા હમેશાં છાંટે, એજ નમ્ર અભિલાષા!

ભવદીય સ્નેહાધીન
"પુષ્પ"
ગમનલાલ હીરાલાલ બદામી
વાડીફળીઆ પગથીઆશેરી
સુરત.

સંવત્ ૧૯૮૫
મકર સંક્રાંત
તા. ૧૩-૧-૨૮

જીવન ઈતિહાસ

સંત તુકારામ ન્યાતે વાણીઆ હતા. એમના પિતાનો ધંધો ગાંધીનો હતો. પુનાથી ચૌદ માઇલ દૂર વાયવ્ય ખુણામાં આવેલા દેહુ નામના એક ન્હાના શા ગામડામાં ઇ સ. ૧૬૦૭-૮ માં એમનો જન્મ થયો હતો. એમનું કુટુંબ પંઢરપુરના શ્રી વિઠોબાનું પરમભક્ત હતું. પિતાનું નામ બાલોજી, અને માતાનું નામ કુંકઇ હતું. એમને એક મ્હોટો ને એક ન્હાનો એમ બે ભાઇ હતા, પણ મ્હોટો ભાઇ પહેલેથી જ ભગત જણાયાથી બાલોજીએ ન્હાનપણથી જ દુકાનનું જોતરું પહેરાવી રૂકમા નામની એક છોકરી સાથે તુકારામના લગ્ન કરી નાખ્યા. તે સ્ત્રી દિવસે દિવસે નબળી પડી જવાથી આવલી નામની બીજી કન્યા સાથે એમને ફરી પરણાવ્યા. એ બીજી વારની સ્ત્રી તે પતિવ્રતા જીજીબાઇને નામે પ્રખ્યાત છે.

અઢાર વરસની નાદાન વયમાં જ તુકારામના માતા પિતા દેવલોક થયા. અને આખો કુંટુંબભાર એમને માથે આવી પડ્યો. મોટો ભાઇ શાવજી ભગત હોઇ દુકાનના કામ માટે સર્વથા નિરૂપયોગી હતો, તેમજ ન્હાનો ભાઇ હજુ બાળક હતો.

ભક્તને માથે દેવાના ડુંગર ખડકાયા. બીજે વરસે વળી દુકાળ પડ્યો, અને તુકારામે દુકાન કાઢી નાખી દેવાળું કાઢ્યું. એક તો વિધાતાના મારથી એ હામ હારેલા ત્યાં વળી એમની પ્હેલી પત્ની રૂકમાએ પ્રાણ છોડ્યો. એનો ન્હાનો છોકરો શિવાજી પણ ઇશ્વર શરણ થયો. મ્હોટોભાઇ શાવજી પણ એમને છોડી કોઇ તીર્થક્ષેત્ર જઇ વસ્યો.

અને આવા કપરા સંજોગોમાં જો એમને સંસાર-સિંધુ-માંથી છટકી જતાં વારંવાર પકડી રાખનાર પતિવ્રતા પત્ની આવલી યાને જીજીબાઇ ન હોત, તો અવશ્ય તુકારામે સંન્યાસ સેવી કોઇ મહા તપસ્વી પદ પ્રાપ્ત કર્યું હોત. પોતાના ભક્ત પતિ તથા નાગા-ભુખ્યા બાળક માટે એ આદર્શ ગૃહીણીએ મજુરણની માફક વેતરૂં કરી ગૃહ-સંસાર નભાવ્યો. ઘણીવાર એનું દુઃખથી દાઝતું હૈયું ભરાઇ આવતું, અને ઘણીવાર એ પોતાના બળતા હૃદયના ઉભરા રોષભર્યાં શબ્દોમાં બ્હાર ઠાલવતી. પરંતુ જ્યાં તુકારામ ઘરસંસાર છોડી જવાની વાત કરતા, ત્યાં પાછી એ નમી પડતી, એમને પગે પડતી, માફી માગતી.

આવલી અર્થાત્ જીજી પરમ પતિભક્ત હોવા છતાં એના બાલ્યકાળના જીવન-સંસ્કારમાં સંસારના પ્રલોભનોની છાપ એવી અને એટલી તો સજ્જડ પડી હતી, કે એ પોતાના જીવન અને પ્રાણ પોતાના પતિના આદર્શને અનુસરતા બનાવી શકી નહિ. સંસારની માયાવી માયાના મોહમાં એ પોતાના ભક્ત સ્વામીના ભક્તિ-ભાવનાના મૂક્તિદાયક રસ-ઘુંટડા ઝીલી શકી નહિ. અને એ એક જ ખામીએ એની નામના જગતના ઇતિહાસને પાને અપરિચિત અને અણપૂજી રહી ગઇ.

પોતાની આવી દારિદ્રયાવસ્થામાં પણ તુકારામ દાનેશ્વરી હતા રથા પટેલના ખેતરનું અનાજ પંખીઓને ખવડાવી દીધું, ઘરના એક માત્ર જીવન નિર્વાહના સાધન ગાયોને સાધુઓને આપી દીધી, એટલું જ નહિ પરન્તુ એક વખત એમના પત્ની કપડાં ઉતારી સ્નાન કરતાં હતા, તેવામાં ટાઢે થરથરતી એક

વયોવૃદ્ધ યાચકની દીન દશાથી દયાભીના થઇ જતાં એમણે જરા પણ વિચાર કર્યા વિના એ કપડાં ખીંટીએથી ઉતારી એને દઇ દીધાં હતાં.

બાઇ આવલીએ પોતાને પિએર જઇ પિતા પાસેથી વિનંતી કરી કરીને પતિને કામધંધે વળગાડવા બસો રૂપીઆ માગી આણ્યા હતા, તે પણ વેપાર અર્થે બહારગામ નીકળેલા સંતપુરૂષે એક ગરીબ બ્રાહ્મણને કન્યાદાન દેવાને દઇ દીધા હતા. જ્યારે એમના બાપદાદાની મિલ્કતના ભાગ વહેંચાયા, ત્યારે પણ તુકારામે તો એ લખાણ તે જ દિવસે ઇંદ્રિયાની નદીમાં ફેંકી દીધું.

તદુપરાંત એમના જીવનના ગૃહત્યાગ કરી ભીમનાથ ડુંગર ઉપર જવાના, તથા વીરશ્રેષ્ઠ મહારાજા શિવાજીને કથા સંભળાવવાના નિમિત્તે જઇ ચમતકૃતિ બતાવવાના બંને પ્રસંગો તો ઇતિહાસ-મશહૂર છે. કેવળ કસાઇ તથા વેશ્યાના પાત્રોની વાત લોકકથા યાને દંતકથાને આધારે આલેખાયલી છે, અને મંદિર કે મસ્જીદનો પ્રસંગ કલ્પના સૃષ્ટિમાંથી ઉપજાવી કાઢવામાં આવ્યો છે.

એઓ ઘણાખરા નદી કિનારે અથવા તો મંદિરમાં પડી રહી દુહાઓ ગાતા અને લખતા. જીવનપર્યંત એમણે વિઠોબાના અભંગ પદો લખ્યાં છે. જો કે એમાં છંદ-માપના ઠેકાણા નથી, છતાં ભક્તિની અલખ ધુનથી એ તરબોળ હોઇ આજ મહારાષ્ટ્રમાં ઘેર ઘેર રસભરી રીતે ગવાય છે.

* એમની જયંતી જગમશહૂર છે, પરન્તુ સંવત્સરી ક્યાંય સાંપડતી નથી. * ? ? ?

પ્રયોજક:—" પુષ્પ "

—: અનુક્રમણિકા :—

:: સંખ્યા ::	:: વિષય ::
(૧)	"સ્ત્રીઓનો સ્વભાવ."
(૨)	"લઇ જાવ."
(૩)	"ચમત્કાર ત્યાં નમસ્કાર."
(૪)	"ત્યાગ"
(૫)	"હાર-જીત."
(૬)	"પાગલ પતિવ્રતા."
(૭)	'અમીરી કે ગરીબી?'
(૮)	"સોનાનો સુરજ."
(૯)	"પ્રભુની ઇચ્છા."
(૧૦)	"વિઠોબાના વિશ્વાસ પર."
(૧૧)	"સૌન્દર્યનું તીર."
(૧૨)	"અંધકાર પર પ્રકાશ."
(૧૩)	"સાધુ કે શયતાન ?"
(૧૪)	"સંસાર-સિન્ધુ."
(૧૫)	"આંખો રૂધડી"
(૧૬)	"મંદિર કે મસ્જીદ ?"
(૧૭)	"સંતના શબ્દો."
(૧૮)	"ભકિતનો પ્રભાવ."
(૧૯)	"રાસ-લીલા"

શ્રી ભક્ત શિરોમણી

સંત તુકારામ

પ્રયોજકઃ- શ્રી. "પુષ્પ"

પુષ્પઃ- ૧ લું.

"સ્ત્રીઓનો સ્વભાવ"

હરિ ૐ... ..હરિ ૐ.....હરિ ૐ......

મહારાષ્ટ્રનો એ મહાપુરુષ સંત તુકારામ અત્યારે પોતાની જીર્ણ પર્ણકુટીના એક એકાન્ત ખુણામાં બેસી નિરાંતે પ્રભુના નામની માળા ફેરવવામાં લીન થઇ ગયો હતો. જગતમાં નહિ, એની ઝુંપડીની બ્હાર પણ નહિ, પરન્તુ એની આજુબાજુય શું થઇ રહ્યું છે ? એ જાણવાની અગર તો જોવાની પણ એને દરકાર ન્હોતી. એને તો વિચાર હતા બસ એક એના વિઠોબાના !

જ્યારે એ સંતપુરૂષના શ્રીમતીજી સર્વથા એમના સ્વભાવથી વિપરિતજ હતાં. જ્યારે પતિ માયાના ત્યાગી ત્યારે પત્ની માયાના

મહા અનુરાગી! એકનું દીલ જ્યારે દિવ્યધામ તરફ, ત્યારે બીજાની દ્રષ્ટિ દુનિયા તરફ! એકને આવતાં હતા સંન્યાસનાં સ્વપ્નાં, જ્યારે બીજાને દેખાતાં હતાં સંસારનાં સ્વપ્નાં! અને આમ આસમાન અને જમીન જેટલાં જ્યાં અંતર રહ્યાં, ત્યાં પછી એ સાગર-સરિતાના ખારા-મીઠાં સ્વભાવ-જળના સંગમ થાયજ શી રીતે?

એમની અર્ધાંગનાનું નામ જીજીબાઇ હતું બ્હારથી ઘરમાં આવતાંજ પતિને પાછા હાથમાં માળા લઇ પરમેશ્વરનું નામ દેતાં ગૃહદેવીએ જોયા, કે તુર્તજ એમના સ્ત્રી સ્વભાવ પ્રમાણે એમણે હમેશની માફક પોતાના અંતરના બળાપા કાઢવા શરૂ કર્યા. જન્મથીજ એ અભણ અને સંસ્કારહીન હોઇ ગ્રામ્યગૌરી હોવાને લીધે પ્રભુભક્તિના વિષયથી સર્વથા અજ્ઞાન હતી, એટલુંજ નહિ બલ્કે ગ્રામ્યજીવનના વ્હેમી વાતાવરણમાં ઉછરેલી હોવાથી એ ભૂત-પિશાચ-ચોટ-નજર-મંત્ર-દોરા-માંદળીઆ અને માનતા (દેવ-દેવીઓની) બાધા વિગેરે ખોટા વ્હેમોને પણ હદ ઉપરાંત માનતી હતી. તેમાંય વળી સાધુડાઓની ઉપર સંપૂર્ણ વિશ્વાસની દ્રષ્ટિએ જોવાની અને હરિભક્ત સંતપુરૂષોની તરફ મોઢું મચકોડવાની એને જન્મથીજ કૂટેવ હતી. અર્થાત્ એના સંસ્કાર અને શ્રદ્ધા બંનેય આંધળા હતા.

" અરેરે! આ કૃષ્ણ! કૃષ્ણ! અને કૃષ્ણ! રાતદિવસ બસ એકજ ધુન! એ સિવાય બીજું કંઇ એમને સૂજતુંજ નથી. મુઆ એ વિઠ્ઠલીઆ વિના એમને કોઇ બીજું દેખાતુંજ નથી. ઉપાયો યોજી યોજી હારી ગઇ, બાધાઓ લીધી, માનતાઓ માની, ભુવા, જતિ, જ્યોતિષી સઘળાનું કહ્યું કર્યું, પરન્તુ આ એક ભજવાનીઆના

નામનું ભુત,... કોણ જાણે કેમ.... તે એમના દીલમાંથી ખસતુંજ નથી.

ધુણીઓ ધિકાવી પણ વ્યર્થ ! બ્રહ્મ-ભોજન કરાવ્યાં પણ નક્કામા ! કેવો વિચિત્ર અને ભયંકર વળગાડ ! મુઓ એ વિકુલીયોય કોણ જાણે મ્હારો કયા જનમનો દુશ્મન થઇને પૂઠે લાગ્યો છે, કે ખાઇ-પીને દેખી-દેખાને એ ચોવીસે કલાક એમનેજ દેખે છે ? બે ઘડી પણ સુખે જંપવા દેતો નથી ? કેવું અજબ વશિકરણ !

અને હું રહી રંક અબળા જાત ! હવે વધારે તે શું કરૂં ? મ્હારાથી જેટલું થયું, એટલું તો મ્હેં કર્યું. હવે તો હારી, લાચાર થઇ ગઇ. લગાર વાર પણ જો ઠરી ઠામ બેસવા દે, છાલ છોડે; (પિછો મૂકે) અને ઘડીક વારે દુનિયાદારીની બે ગાંડીઘેલી વાત કરવાનો અવસર આપે, તોય જાણે ઠીક. ગંગા ન્હાયા. પણ આ તો ચોવીસે કલાકમાં એક પળ પણ વ્હીલા મૂકે તો.........”

સ્વગત નિશ્વાસ નાખતી જીજીબાઇની આંખ આટલાં ઉદ્ગાર કાઢતાં કાઢતાં તો ભરાઇ આવી. એટલામાં એક પાખંડી બાવો ત્યાં આગળથી પસાર થતો હતો પર્ણકુટીનું દ્વાર ઉઘાડું જોતાંજ તેણે બૂમ મારીઃ “ ભિક્ષાન્ન દેહી...કલ્યાણ ! માઇ તેરા કલ્યાણ હો ! ”

“ જા, મુઆ ભામટા ! અહીં શું ત્હારા બાપદાદાની થાપણી દાટી છે ? રસ્તે પડ. ” જીજીએ બળતામાં ઘી હોમવા આવનાર હરામીને શબ્દ-ભિક્ષાથીજ સંતુષ્ટ કરવા માંડયો.

“ ગુસ્સા મત કરના, માઇ ! હમ જંત્ર-તંત્ર જાણનેવાલે લોગોંકા અપમાન કરકે તુમ કયા અચ્છા ફલ પાવેગા ? ” બાવાજીએ ડોકમાં નાખેલી નક્કામી માળાઓ બતાવતાં નવની તોપ મારી.

" જંત્ર-તંત્ર ! " જીજીબાઇ ચમકીને ઢીલા પડતાં બોલ્યાં: " બાવાજી ! આરે તમે કંઇ સાધના-બાધના (મેલી વિદ્યા) જાણો છો. ખરા કે ? "

" હાં...હાં...કયું નહિ ? મૈં ભૂત-ચોટ-મંતર-તંતર-જંતર -દોરા-ધાગા-માંદલીઆ સબ કુછ જાનતા હું. જો ચાહે સો ફરમાઇએ."

" તો તો ઘણું સારૂં. ઘર બેઠાં ગંગા આવી. આવો, આવો, પધારો. સાંઇબાવા ! જુઓને, વાત એમ છે, કે આ સ્હામે માળા ફેરવતા બેઠા છે, તે મ્હારા પતિદેવ થાય, પણ આજ કેટલો વખત થયા એમને વિઠોબાના નામનું વળગણુ વળગ્યું છે, અને આખો દહાડો આમજ......બસ સમાધિ ચઢાવીને માળા લઇને આંખ મીંચીને બેસી રહે છે. ખાવા-પિવાની પણ વાત ન મળે. તમારી પાસે એનો કાંઇ ઉપાય-ઉતાર છે ? "

" વિઠોબાકે નામકા ભૂત ! બડા આશ્ચર્ય ! બહૂત અચ્છા. લેકિન દેખો માઇ ! અયસા ભૂતપ્રેતકા ઉતારના યહી તો હમારા હમેશકા ધંધાહી હય...મગર......"

" શું બાવાજી ? "

" યહ બડા ભારી ભૂત હૈ, ઇસી લીયે ઉસકા ખર્ચ ભી જ્યાદા હોગા. "

" ખર્ચ ! કેટલોક આશરે ? "

" દેખો, હમારે પાસ યહ ગુરૂમંતરકા ધુપ હૈ. ઉસકી ધુની સાડેસાત દિન તક કરના, બસે, ફિર દેખના. સબ સહાયક મયદાન

હો જાયગા. અજી ભુત ક્યા! કભી ઉસકા બાપભી ક્યું સામને ન આ જાય. ઉસીકો ભી મૈં ફૂંકસે ભગા દું."

"હૈં!"

"ફિર, તુમ હમકો નહિ પિછાનતે? મય કૌન? મેરા નામ ક્યા? ઔર મેરા ગુરુ......ઓહૂ......"

"શું શું?" બાવાના મોઢાના વિચિત્ર હાવભાવથી જીજી અંજાવા લાગી.

"મેરા નામ! અહહહ....સંત શ્રી સ્વામીન્ પાખંડાચાર્ય."

"હા..."

"ઔર મેરા ગુરુજીકા નામ હિમગિરિ નિવાસિત મર્હુમ મહાત્મા શ્રી સકલ ગુણાલંકૃત ધૂર્તાચાર્ય ત્રિકાળજ્ઞાની."

"તો તો મહારાજ! મ્હારૂં આટલું દુઃખ તમે જરૂર દૂર કરો." વાદીની વેણુમાં ભાન ભુલેલી નાગણુની માફક જીજી વાગ્જાળના આંદોલનો ઉપર નાચવા લાગી.

'પરોપકાર કરના યહી તો હમારા સબસે પહીલા ધર્મ હે. દેખ! યે હમારા ગુરુવર્યકી કૃપયા પ્રસાદી: ક્યા? ચર્ણધૂલિ! કિંવા મંત્રિત ભસ્મ! ઉસકા ધૂપ દેનેસે બડે બડે રાજરોગ ભી નષ્ટ હો જાતે હે. સેંકડો વેદ-ડોકટર ઇસ અદ્ભુત દવાઇકી તારીફ કરતે હૈ, સીર્ફ ઇતનાહી નહી, વો ભી ખુદ યહ ખરીદનેકે લીએ મેરી પર્ણકૂટી કે દ્વારપે દિન ભરમે દસ દફે ચક્કર લગાતે હૈ. મુફલીસકો મૈં યહ ચીજ બિલકુલહી મુફ્ત દેતા હું. મગર તુમ્હારા જયસા સાધારણ સંસારીકે પાસ સીર્ફ સવાહી રૂપયા લેતા હું. વોભી મેરે

લીએ નહિ. દૂસરે ગરીબોંકો બાંટનેકે લીએ. હમ તો સાધુ–ફકીર લોગ! યહ માયા–ધનકો અપની પાસમેં રખ કર કરેંગે ક્યા? સીતારામ...સીતારામ...સીતારામ..." હિંદી–મુસલમાની–ગુજરાતી મિશ્ર અગડંબગડં ભાષામાં ફેંકતા બગભગતે ભોળી અને અક્કલ વગરની જીજીને ભરમાવવા માંડી.

"મહાત્મા પુરુષ! સચ્ચા રૂપીઆ તો મ્હારી પાસે નથી, પણ લ્યો, આ મ્હારા નાકમાં ન્હાની સરખી સોનાની ચૂંક છે, એ ચાલે તો..." કહી જીજીએ પતિપ્રેમની આશાએ એક રહીસહી સુવર્ણકણિકા પણ એ પાખંડીને આપી દીધી.

અને આર્ય–સ્ત્રીઓના એ અનુકરણીય, અભિનન્દનીય અને અણમોલા આદર્શોના ઉજ્વલ ઉદાહરણોજ આજ હીણાયલા ભારતના એક માત્ર યશસ્વી ગૌરવ સ્થંભો છે ગમે એવી ગાંડીઘેલી અને સંસ્કાર તથા શિક્ષણહિન ગ્રામ્ય બાળા હોવા છતાં "પતિ એટલે પ્રભુ" એ ભાવનાના રસ–બિન્દુઓ તો જીજીને ગળથૂથીમાંજ એના માબાપોએ ટપકાવેલાં! શિતળ સુધાવર્ષિય શશિના સેંકડો ગુણોને ઢાંકનાર કેવળ એનું એક કિંચિત માત્ર કાળું મૃગ–લાંછન! જ્યારે આર્ય–રમણીના સેંકડો અવગુણોને ઢાંકનાર એનો આ એકજ અદ્વિતીય આદર્શ! સદ્‌ગુણ! પછી એને અંધ–વિશ્વાસ. અંધ–શ્રદ્ધા, અંધ–પ્રેમ, તમારે ગમે એમ કહો!

પાખંડીને જ્યાં એ ચળકતી પીળી વસ્તુ મળી, ત્યાં એ નયન નચાવતો બોલ્યોઃ "અચ્છા માઇ! પત્રં પુષ્પં ફલં તોયં! આપકા યદ્‌કિંચિત જો કુછ મિલા ઉસકા હમ આનન્દકી સાથ સ્વિકાર કરતે હૈ, ઔર...લીજીએ...યહ મંત્રિત ભસ્મ..."

ઝોળીમાંથી ધૂળની સાત ચપટી ભરી હોઠ ફફડાવી મંત્ર ભણવાનો ડોળ દેખડાવી તે એણે ભોળી જીજીના હાથમાં આપી, અને તે બદલ એ જગત્ કલ્યાણકારી મહાપુરુષ સોનાની ચૂંક પોતાના ગજવામાં મૂકી કહેવા લાગ્યાઃ " સુનીએ માઇ ! સુકી મીરચીકો ધૂપમેં યે ડાલકે ઉસકા ધૂંવા તુમારા ખાવિંદકો પાસ ઝપટ દેના, ફિર દેખીએ. ઘંટે દો ઘંટેમેં ફૌરન હી ઉસકા ભૂત-તૂત સબ ભાગ જાયગા. અચ્છા...સીતારામ...સીતારામ..."

" આવજો મહારાજ. "

" કલ્યાણ...કલ્યાણ...અબ તો ઘૂમતે ઘૂમતે આઠ દિન પિછે એક ચક્કર લગા જાયેંગે...માઇ ! "

કલ્યાણનું નામ દેતા આજ ભારતવર્ષમાં ભમતા આવા છપ્પન લાખ ચલમ ફૂંકતા અલમસ્ત બાવાઓ–સાધુઓમાંના આ એક રસ્તે ચાલતા શું વિચારી રહ્યા હતા ? " ખુદા માલુમ ! ઉસકા કલ્યાણ તો કબ હોગા ? મગર અભી તો હમારા કલ્યાણ હો ગયા. આજકલ યહી બેષમેં બહુત અચ્છા ફાયદા માલુમ હોતા હૈ. ઇસ લીયે યહી ભારતવર્ષમેં મેરે જયસે બાવનલાખ હરામજાદી સાધુ મસ્તક મુંડિત હો કર ઇધરઉધર ઘૂમતે-ફીરતે હે, અરુ ભોલેભાલે આદમીયોંકો ઇસી તરહ ભરમા કર અપની સુનહેરી જાલમેં ફંસા કર, અમનચમન ઉડાતે હૈં. अशक्तिमान भवेत् साधु ! "

મુખમેં રામ બગલમેં છૂરી,
ભગત ભયા પન દાનત બૂરી.

* * * *

સાધુ મહારાજના ગયા પછી જીજીએ તાબડતોબ ઘરમાં જઇ ભૂતના ઉતારનો ઉપાય અજમાવવા સપાટાબંધ સગડી સળગાવી નાખી. દેવતા બરાબર સળગતાંજ તે તુકારામની સન્મુખ લાવવામાં આવી, અને તેમાં સુકા મરચાની સાથે પેલો બાવાજીનો આપેલો ઉધરસ આવે એવો મંત્રીત ગુગળી ધૂપ નાખી ધુમાડો પોતાના પતિ તરફ જાય, એને માટે પંખો લઇ એ બાજુ વીંઝવા લાગી. આંખમાં નાકમાં અને મ્હોમાં એ ધુમાડાની મુઝવી નાખે એવી લ્હેર જતાંજ ધ્યાનસ્થ તુકારામની આંખો ઉઘડી ગઇ. માળા હાથમાં છે એવા એ સંત પુરૂષ ગૂંગળાઇ જતાં કંઠે ઉભા થતાં સાશ્ચર્ય બોલ્યા: "અરરર! આ શું?"

"એ તો ભૂતનો ઉતાર છે. બેસો બેસો. બે ઘડી......" જીજી એના હાથ પકડી એને પરાણે ધુમ્રસેવન કરવા ખેંચવા અને વિનવવા લાગી.

"પણ ભુતનો ઉતાર, એ વળી શું? મ્હને ભૂત વળગ્યું છે, એ ભૂત વળી ત્હને કોણે ભરાવ્યું?"

'લ્યો, વળી કહે કોણ? આ હું જાનેજ જોતી નથી, કાંઇ આંખે આંધળી છું, જે રોજ તમને આ વિઠોબા કરીને ઠામ બેસવા દેતા નથી."

"ગાંડી રે ગાંડી! એ વિઠોબા કાંઇ ભૂત નથી છતાં પણ ધારો કે એમ હોય, તો પણ શું? એવાં કોના અહોભાગ્ય હોય! કે જેને શ્રી ભગવાનના નામના ભૂત વળગે? દેવી! ગૃહલક્ષ્મી!

મોઘો મનસા દેહ આ...મળે ન વારંવાર,
હરિ ભજીને હેતથી...તરી જાવ સંસાર.

ભવસાગર તરવા ચહો...અહો ભક્તિ-સૂકાન,
જન્મ-મરણુનો ભાંગશે...ફેરો શ્રી ભગવાન.

સુશિલ અને સમજુ થઇ તું આ શું કરી રહી છે ? એથી રૂડું તો અંતરમાં ચોવીસે કલાક એજ ભાવના ભર, કેઃ-

આ લોકથી તારી સનાતન સુખ દે સુરધામના,
એવા વળગજો નિત્ય મંગળ ભૂત શ્રીભગવાનના.

ખરેખર ! દેવી !

અવસર મળ્યો છ હાલ...જપો જાપ શ્રી રામા,
જી જી ! જવું છ કાલ...રટો શ્રી રાધેશ્યામા.
વખત વીતે નહિ વળે...નથી અમર આ કાયા,
માટીમાં જઇ મળે......અકળ પ્રભુની માયા.

અજ્ઞાન-અંધારામાં ગોથાં ખાતી એ! અબોધ અર્ધાંગના !
સાંભળ......

નયનનું કામ શું સહુમાં સદાયે શુદ્ધ નીરખવું,
હરિનું ધ્યાન અંતરમાં હમેશાં અંતરે ધરવું.
પ્રભુનું નામ બુદ્ધિએ હૃદયમાં ૐ ચીતરવું,
મગજ કર્તવ્ય મ્હારૂં એ વિભુની પાસ વીચરવું

કવિઓએ કાવ્યે કાવ્યે લખવું, ચિતારાઓએ ચિત્રે ચિત્રે ચીતરવું, શિલ્પીઓએ પત્થરે પત્થરે કોતરવું, ગવૈયાઓએ ગાયને ગાયને લલકારવું, અને પ્રેમી પિપાસુઓએ પલકે પલકે પીવું.

સૃજેલું શિર કર્તાએ ઝૂકાવો ને કરો વંદન,
દીધી વાચા મનુષ્યોને સમરવા નન્દના નન્દન.

કરેનું કાર્ય કે કેશવ કને જોડી ઉભા રહેવું,
ગૃહી માળા પવિતર નિજ હૃદય-કાયા કરી લેવું.
ચરણ-કર્તવ્ય ચાલીને જવું નિત્યે પ્રભુ-દર્શન,
અને કર્તવ્ય કર્ણોનું સદા સુણવું હરિ-કીર્તન.

દેવી ! માટેજ મ્હારૂં ત્હને ફરી ફરીને કહેવું છે, કે:—

ખાવ, પીઓ, વ્હેંચો, લૂંટો લેશ ન બેસે દામ,
મંગળકર બોલો બધા જય જય નટવરશ્યામ."

એટલું બોલી તુકારામે પ્રભુને સાષ્ટાંગ નમસ્કાર કર્યાં આથી જીજીબાઇ વધુ ચીડાયાં. ક્રોધના આવેશમાં પ્રભુના નામ પ્રતિ ઘૃણા દર્શાવતાં એ બુરકયાં:

" જુઓ ! જોયું ને ? ફરી પાછું એજ નામ ! એજ ઘેલછા ! ભુત...નક્કી ભુત, નહિ તો બીજું શું વળી ? આવી આવીને એજ ઠેકાણે આવી રહો છો હ્યો, ઘડીક વાર તો આ ધુણી પાસે બેસો. મ્હારા સમ. નાથ ! પતિદેવ ! તમને હું શું કહું ? કેમ સમજાવું ? છેવટની રહેલી નાકની ન્હાની શી ચૂક પણ મ્હેં આપને માટે આ ભુતનો ઉતાર ખરીદવામાં આપી દીધી અને તમને તો તેની જરા જેટલી પણ પરવા નથી......" એની પ્રેમઘેલી પાંપણો આટલું કહેતાં કહેતાં તો ભીની થઇ ગઇ. એનો કંઠ ભરાઇ આવ્યો.

"દેવી ! ત્હારી અગાધ પતિભક્તિથી હું સર્વદા પ્રસન્ન-સંતુષ્ટ છું. પરન્તુ ત્હને ખબર નથી, કે પાખંડી બાવાઓ, જેનો ઉદ્યમ જગતના ભોળા અને અંધશ્રદ્ધાળુ લોકોને આવા ખોટા મંત્ર-તંત્રના વ્હેમદ્વારા ભરમાવી ઠગવાનો હોય છે, તેમની ઉપર તું

એકદમ વિશ્વાસ મૂકવામાં સજ્જડ ભૂલ ખાય છે. ભગવાન તો ભાવના ભૂખ્યા છે, આવી બાધા-માનતા અને લાલચોના લોભી નહિ.

તેમ છતાં હશે ! તેનું પ્રારબ્ધ ! गतं न शोचामि મ્હારે તો માત્ર કહેવાનું એટલુંજ કે પરમાત્મા જેવું કોઇ પ્રેત છે, એમ જો તું માનતી હોય, તો ત્હારી એ માન્યતા સદંતર ખોટી અને ભૂલભરેલી છે. માટે ત્હારા હૃદયમાંથી એને ઉંચી મૂક, અને તેમ ન કરી શકે, તો ધાર, કે એ નામનું કોઇ ભૂત હોય, તોપણ એને ઉતારવા-કાઢવા આ માયાવી જગતનો કોઇ પણ પામર મનુષ્ય-જીવો અગર વતિ આ યુગમાં તો સમર્થ નથી જ. મહાત્મા પુરૂષોના વચનામૃતો શું છે ?

રામનામકી લૂંટ હય...લૂંટ શકે તો લૂંટ,
પિછેસે પસ્તાયગા...જબ જી જાયગે છૂટ "

" ફરી એની એજ વાત ! આપનું મગજ તો વધારે ને વધારે બગડતું જાય છે, જાવ, મ્હારૂં કહ્યું માનો, ઉઠો, એ માળા પડતી મૂકો, અને જરા વાડામાંથી ગાયોને છોડી જંગલમાં ચરાવવા લઇ જાવ. કામમાં ચિત્ત લાગશે, તો ઘડી વાર એ ભગવાનીઆને ભૂલાશે." પાછળનું વાક્ય એ સ્વગત બોલી.

પત્નીના આગ્રહે તુકારામ ઝૂંપડાની બ્હાર આવ્યા. જીજીએ એના હાથમાં ગાયોના દોર આપ્યાં: " લ્યો, જાવ...જલ્દી પાછા ફરજો જો જો વળી ક્યાંક ગાયોને વ્હેતી મૂકી પાછા ભગવાનીઆને સંભારવા બેસી જતા ? "

પોતાની અજ્ઞાન પત્નીનું મન રાજી રાખવા અને અનાયાસે પ્રાપ્ત થતી આ એકાન્ત-જીવનની લ્હાણ લૂંટવા તુકારામે ગાયના બંધ હાથમાં લઇ જંગલ તરફ ચાલવા માંડયું. જતા જતાં તેઓ બોલવા લાગ્યાં:

"ખરેખર! દુનિયામાં સર્વ રોગનો ઉપચાર છે, પરન્તુ વ્હેમનું ઓસડ નથી. ગમે એટલી કેળવાયલી હોય, ગમે એવી સંસ્કારી, શિક્ષિત, સમજુ અને સતી શિયળવતી હોય, છતાં પણ છેવટ સ્ત્રીઓનો સ્વભાવ! પ્રમદાની બુદ્ધિ! (પગની પાનીએ) એનું જોર કેટલું? બહુ થાય તો એ આંસુ વેરી પાડે! અગર તો ખીજવાય તો એ કડવા-મીઠાં અંતરના ઉભરા ઠાલવી નાખે! બસ... પ્રભુ! પ્રભુ! શી ત્હારી સંસાર-લીલા શી ત્હારી દુન્યવી માયા!

કઠિન સંસારે રહી......રટવા રાધેશ્યામ,
વધુ કઠિન એથીય સ્ત્રીને...સમજાવાનું કામ

વનવાસ વેઠી, સંસાર ત્યાગી, સર્વેશને ભજવા એ કાર્ય જેટલું સ્હેલું છે, એટલું સંસારમાં રહી પ્રભુ-નામ સ્મરવું સ્હેલું નથી. અને એટલા માટેજ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણચંદ્ર પારથને એ બોધ આપી ગયા છે, કે:—

સંસારમાં સરસો રહે...ને મન મ્હારી પાસ,
સંસારમાં લેપાય ના...તે જાણ મ્હારો દાસ.

ચાલો......ઇશ્વરનુ નામ લેતાં ગૌમાતાની સેવાના કાર્યમાં લાગું. કારણ કે જેવી રીતે પ્રભુભક્તિ એ મનુષ્યોનો પ્હેલો ધર્મ

છે, તેજ પ્રમાણે ગોપાળને પ્રિય એવી આ ગોમાતાની સેવા કરવામાં પણ પરમ કલ્યાણ છે. અને એથીજ અસલના ઋષિમુનીઓ પર્ણકૂટિમાં રહેતા, અને પ્રભુભજન સાથે ગો-પાલન કરી ગૌ-સેવાનો લાભ લેતા.

* એમના એક હાથમાં માળા અને બીજા હાથમાં દોરડા હતાં. આંખો ગો તરફ હતી, જ્યારે દિલ ગોવિન્દામાં હતું, ચાલતા હતા જમીન ઉપર, જયરે વિહરતા હતાં વિશ્વ બ્રહ્માંડમાં !

આવાં એ મહાપુરુષ ! એમને સંસારી કહેવાં કે સંન્યાસી ?



પુષ્પઃ- ૨ જું

"લઇ જાવ."

ભજન

વ્હાલી ગૌ માતાની સેવા...રે...,
મ્હોટામાં મ્હોટી સેવા......વ્હાલી૦
પયપાને પિંડા પોષાયે...ઘી-નવનીત-દધી દાતા એ,
ઋષિ મુનિઓની પણ માતા એ...પૂજન એનું પ્હેલાં...વ્હાલી૦
ગંગાજળ ગૌ-મૂત્ર ગણાયે...મંગળ-પૂજને પણ વપરાયે,
પવિત્ર મરતાં ચોકો થાયે...એના મીઠાં મેવા...વ્હાલી૦
પાળો ને સંરક્ષો મરતી...દીન દશામાં લાખ્ખો ફરતી,
અન્ન વિના જીવન પરહરતી...પુત્ર છતાં તમ જેવા...વ્હાલી૦
કૈંક કસાઈ-હસ્ત ફસાતી...કરૂણા આવે દીન દશાથી,
પોકારે! 'અફસોસ' કપાતી...વ્હારે ધાઓ વ્હેલાં...વ્હાલી૦
ગૌશાળા ભારતમાં ક્યાં છે? ગૌ-પાલક પણ ક્યાંય રહ્યા છે?
સુત માતાને ભૂલી ગયાં છે...આશ્રમ બાંધો રૈ'વા...વ્હાલી૦
ધનવાનો ધન આપનું અર્પો...ગૌ-સેવામાં સ્નેહે સમર્પો,
સદ્વ્યય વિણ સંગ્રહ-અર્થજ શો? એજ વિચારો ઘેલા!...વ્હાલી૦
હાં રે...સર્વોત્તમ ગૌની સેવા...વ્હાલી૦



છૂટી મૂકેલી ગાયો જંગલમાં આમતેમ છૂટથી ચરી રહી હતી, જ્યારે તુકારામ એક ઘનઘોર વૃક્ષને છાંયે બેસી પ્રભુ ભજનમાં મસ્ત બની ગયા હતા.

"તન મન મુખમાં ટુંકી ટુંકી વ્યાપ્યો...સ્થાપ્યું હૃદયે તારૂં નામ,
સોંપી દીધું ત્હનેજ મ્હેં તો...ત્હારૂં જે કંઇ હતું તમામ.
અથડાનો તો અંત ! આજ મ્હેં પકડયો પાલવ ત્હારો શ્યામ,
ભેખધારી હું ભિક્ષુક મ્હારે હૈયે હોઠે શ્રી ભગવાન.

મોહ નિંદ્રામાં ઘોરતા સંસારીઓ !

મોંઘો માનવ દેહ આ...હરિ ભજી ઉતરો પાર,
ધન્ય ઘડી આવી ફરી...મળે ન વારંવાર.
પત્ર ડાળ ફળ ફૂલ મૂકી...પકડયું મ્હેં તો મૂળ,
જન્મ ધરી હરિ ના જપ્યા...જીવતર તેનું ધુળ.

માટેજ મ્હારી ફરી ફરીને વિનંતી છે, કે—

તજ લોભ લક્ષ્મીદેવીનો ભજ મૂર્ખ લક્ષ્મીકાન્તને,
પ્હોંચાડશે એ પુણ્ય એવા ધામ પરલોકે ત્હને.
નહિ દાસ થા માયા તણો...પણ શેઠ કર માયાપતિ.
સેવા વિના ભકિત નથી...ભકિત વિના મૂકિત નથી.

હરિના ભકતોનો ધંધો શું ? ભજન–કીર્તન !

જીવન મૃત્યુ તણી પરવા...પ્રભુ વિશ્વાસ પર છોડી,
હરિને આશરે ભકતો...હરિના મસ્ત થઇ ફરતા.
ભર્યા સંસાર-સિન્ધુમાં...ઝૂકાવીને જીવન—હોડી,
મરે તોપણ ખરા ભકતો...પ્રભુના નામ પર મરતા.
નથી વ્હાલી જગતની જેમને આ મોહમય માયા,
કરે કિરતારના બસ નામ પર કુરબાન તે કાયા.

હે અભાગી આત્મા ! આત્મા નામ પરમાત્માને ઓળખ.

—: ભજન :—

કંઇ નવું નવું સમજાવું રે...સમજો તમે:
એક મધુર મંત્ર શીખવાડું રે...શીખજો તમે.
નિત્ય પ્રભાતે વ્હેલા ઉઠી...રામ નામ લઈ ન્હાવું,
સ્નાન-સંધ્યાથી પરવારીને...હરિ ઓમ્ કહી ખાવું...
રે.. શીખજો તમે૦
એક ભણતર દિવ્ય ભણાવું રે...ભણજો તમે,
એક અજબ હિસાબ ગણાવું રે...ગણજો તમે
એક દિવસમાં એક વાર પણ ભજન હરિનું ગાવું
શ્રીમદ્ ભાગવત અગર ગીતાજીનું પુસ્તક કર સ્હાવું.
રે...સમજો તમે૦
એક પાઠ પવિત્ર પઢાવું રે...પઢજો તમે,
એક સરસ વાત સંભળાવું રે...સુણજો તમે.
હરિકથા સાંભળાવી હેતે...હૈયું ભકિતથી ભરવું,
ફૂલ નહિ તો ફૂલ-પાંદડી...બને એટલું કરવું...
રે...કરજો તમે...એક...

એવામાં ભજનની ધૂનમાં મસ્ત બની ગએલ એ સંતપુરૂષની પાસે એક જટાધારી સાધુબાવાઓનું ઝુંડ આવી ઉભું. એમાંના એકે આગળ વધી તુકારામના કાનમાં મ્હોટેથી બૂમ મારી: "ભક્તરાજ ! જય શ્રી કૃષ્ણ !"

"જય હરિ ! જય હરિ ! હરિના લાલો ! હે પ્રભુના પ્યારા ભકતજનો ! ભલે પધારો ! આ ગરીબ તુકાને લાયકની કોઇ સેવા હોય તો ખુશીથી ફરમાવો." તુકારામ વેશધારી સંતોના ચરણમાં માથું નમાવી બોલ્યો.

"તુમ યહાં ક્યું આયા હૈ ?"

"ગૌઆં ચરાવવા પ્રભુ !"

"જબ ક્યા, વો સબ ગૌ તુમ્હારી હૈ ?"

"જી હાં...મહારાજ !"

"બહુત અચ્છા, તુમ્હારા નામ ?"

"સેવકનું નામ તુકારામ."

"અચ્છા તુકારામ ! હમ તુમ્હારી પાસ કુછ ભિક્ષા મંગનેકે લીએ આયે હૈ ક્યા સચ્ચિદાનંદકે નામ પે કુછ દેનેકી તેરી શ્રદ્ધા હૈ ?"

"ઓહોહો ! એ શું બોલ્યા ? મહાત્મન્ ! દીલ ચાહે તે માગી લ્યો. આ તુકાની પાસે આપવા જેવું હશે, તો તે જરૂર તમારા ચરણમાં ધરી દેશે.

પોતે પ્રભુનો હું જ છું...છે સર્વ મ્હારું ઇશનું,
આ પ્રાણ તેમજ પિંજરું પણ એજ શ્રી જગદીશનું.
હું ઓળખું છું એક એને...મ્હારી છે જેને ફિકર,
સર્વસ્વ લૂટાવી રહ્યો સર્વેશના એ નામ પર !

બાઇઓ ! ભક્તજનો !

ભીડભંજન એ શ્રી ભગવન્નો મ્હને ભરોસો મ્હોટો,
એની સાથેના ધંધામાં નફો સદા...નહિ તોટો.
પળમાં પડતાં ફૂટે પિંજર...પાણીના પરપોટા,
સાચ્ચો સિક્કો એજ સૃષ્ટિમાં એક બીજા સૌ ખોટા.
બોલો, પ્રભુના નામ પર આ સેવક શી ભેટ ધરે ?"

"તુકારામ! તુમ બડા ઔર સચ્ચા ભાવિક ભક્ત લગતે હૈ. દેખો, યહ હમારા ગુરુજી હૈ, ઔર હમ સબ ઉનકે ચેલે હૈ. હમારે ગુરુદેવ ગૌકી તલાસમેં નીકલે હૈં. યદિ તેરી શ્રદ્ધા હો, તો એક અચ્છીસી ગૌ હમારા ગુરુદેવકો ભેટ કર. ગોદાનં મહા પુન્ય"

"વાહ વાહ! એવાં મ્હાગ્ય અહોભાગ્ય ક્યાંથી? કે આ પામર તુકાની ગાય તમારા ગુરૂજીને ભેટ ધરાય? તમ જેવા સંતની સેવા અને દયાદ્રષ્ટિ એજ મ્હારે મન સર્વસ્વ છે પ્રભુ! એક શું, જોઇએ તો બધીએ લઇ જાવ મ્હારૂ શું છે? કંઇજ નહિ સઘળું આપનું છે. ખુશીથી લઇ જાવ, એટલી ચિન્તા ઓછી મ્હારૂં તન મન ધન તમામ મ્હેં તો ત્રિભુવનપતિને અને તેના તમ જેવા સંત પુરૂષોનેજ ચરણે ધરી દીધું છે.

કોની કાયા? કોની માયા? મિથ્યા મ્હારૂં ત્હારૂં.
સંગાથી નહિ કોઇ આખરે સહુ થનારૂં ન્યારૂં
હું-તું ને તજ ભજ તું તે ને વિશ્વ સકળ છે તેનું.
ભક્ત નરસિંહે મીરાબાઇએ શરણું સ્હાયું જેનું.
તું છે એનો હું છું એનો એ છે આપણુ સૌનો,
તુકારામ તો સેવક માલીક સાચો તો એ ગૌનો.

માટે સંતમંડળી! જાવ...લઇ જાવ. ખુશીથી લઈ જાવ જોઇએ એટલી લઇ જાવ. એટલી જ જાળ ઓછી"


પાખંડી સાધુઓ એના આવા વિચિત્ર જવાબથી એને કોઇ પાગલ ધારી એના આવા સખી દીલનો લેવાય એટલો લાભ લઇ અર્થાત્ તમામ ગાયોને હાંકી ચાલતા થયા. કેવળ જતાં જતાં એક "કલ્યાણ...કલ્યાણ મસ્તુ" શબ્દ કહેતા ગયા.

" આહા! સંતજનોનો કેવળ એકજ આશિર્વાદ! સ્વસ્તિ શબ્દ! આની સેંકડો ગૌમાતાઓની પૂંજી કરતાંય વિશેષ છે. ખરેખર! પ્રભુના ભક્તો……"

તુકારામ આગળ કંઇ બોલે એ પહેલાં તો એક ભયથી ધ્રૂજતો ગરીબ બ્રાહ્મણ ત્યાં એકાએક દોડી આવ્યો. એના હાથમાં એક ન્હાની સરખી ગાયની વાછરડીનો દોર હતો. પૂંઠે એક કસાઇ હાથમાં ચળકતો છરો પકડી શ્વાસભેર દોડી આવતો હતો. અશ્રુભરી આંખે એ ગરીબ બ્રાહ્મણ તુકારામના પગમાં પડી, અચકાતી જીભે શ્વાસભર્યા તૂટતે સ્વરે બોલ્યો: "મહાત્મન્! બચાવો…બચાવો…મ્હારી રક્ષા કરો."

" પ્રભુનું–રક્ષણહારનું નામ લ્યો એની ઇચ્છા વિરૂદ્ધ કોઇથી કશું થઇ શકતું નથી. એની ઉપર આસ્થા રાખો. નિર્દોષ અનાથોની વ્હારે સર્વ શાસ્તમાં ઇશ્વર જરૂર ચઢે છે. ભાઇ! ડરવાનું દોષિતને હોય, દયાહીન દૈત્યોને હોય! દાયહાન દૈવી દીલોને એના ભણકારાંય કેવાં!"

આ તે શબ્દો કે સુવર્ણ–રેખાઓ?



પુષ્પઃ–૩ જું

"ચમત્કાર ત્યાં નમસ્કાર."

"ભાઇ! શું છે?"

"ઓ પરોપકારી મહાપુરૂષ! મ્હારી મ્હોટામાં મ્હોટી અને વ્હાલામાં વ્હાલી એવી આ એકજ છેવટના જીવન-આધાર રૂપ મિલ્કત! એ ગરીબડીને ચાંડાળની નિર્દય છૂરી નીચે વિના કારણ રેંસાતી બચાવો. બચ્ચે નિર્દોષ જીવોનું રક્ષણ કરો, નહિ તો મ્હારા આ જીવન-સૂર્યનો અસ્ત થતાં અંધારામાં વલખા મારી મ્હારો આ સચેતન પ્રાણ-દીપક પણ બુઝાઇ એમાં વિલીન થઇ જશે."

"ભલે આવે, ત્હારા એ જીવન-સૂર્યને ગ્રાસ કરનાર રાહુને ખુશીથી આવવા દે."

દરમ્યાન કસાઇ આવી પહોંચ્યો. થર થર ધ્રૂજતા અને તુકારામને પડખે સંતાયલા બ્રાહ્મણનો હાથ પકડી તેને પોતાની તરફ ખેંચતાં તે બોલ્યોઃ "ચાલ, જીવવાની ઇચ્છા હોય તો જલ્દી આ ગાયને સોંપી દે."

"ના...ના...ઓ નિષ્ઠુર હૃદયના નરપિશાચ! એ તો

મ્હારૂં જીવનસર્વસ્વ છે. જવા દે...એણે અને મ્હેં-અમે ત્હારૂં શું બગાડ્યું છે ?"

"ગયનો અને બ્રાહ્મણનો જન્મ લીધો એ જ પ્હેલી તો એક ગંભીર ભૂલ !"

"ભાઇ ! જરા સબૂર ! આ બ્રાહ્મણને આપ વિના અપરાધે શા માટે કનડો છો ? કૃપા કરી મ્હને કહેશો ?" તુકારામ હવે એઉને શાન્ત પાડવા વચ્ચે પડયા

"તુ કોણ છે ?" કસાઇ તુકારામ તરફ કરડી આંખે જોઇ હવે ધુરકયો.

"ત્હારા જેવો એક સામાન્ય જીવ. પ્રભુનુ રચેલું એક પંચભૂતનું પૂતળું. ઘડી બે ઘડીનો મૃત્યુપુરીનો મહેમાન. જગતરૂપી ધર્મશાળામાં ઉતરેલો એક ભેખધારી ભિક્ષુક, સંન્યાસી, વટેમાર્ગુ."

"ભામટા ! કહે, કયાંથી આવ્યો, અને કયાં જવા વિચાર છે ?"

"જયાંથી આવ્યો છું, ત્યાં જ જવા વિચાર છે. જેણે મોકલ્યો છે. તેની જ પાસે પાછો જનાર છું. ભાઇ ! જ્યાંથી તું આવ્યો છે, ત્યાંથી જ હું આવ્યો છું, જ્યાં તું જવાનો છે, ત્યાં જ હું પણ જવાનો છું."

"એ પાગલ ! આ તું શું બકે છે ? ગાંડુઘેલું શું લવે છે ? બકવાટ (લવારો) બંધ કરી સીધેસીધો ઘર ભેગો થઇ જા, નહિ તો નાહક વેચાતી લઢાઇ લેવા જતા કાંઇ તું સપાટામાં આવી જશે..."

“ હાય ! અફસોસ ! મ્હારા ભરથાર તો તો બિલકુલ ગાંડા થયા ! પાજી ! પાગલ ! હવે મ્હારૂં શું થશે ? ” બાઇની હિંમત તુકારામનો શાન્ત સ્વભાવ અને સમજુતી તથા નરમાશભર્યાં તત્વજ્ઞાની ઉપદેશ વચનો સાંભળતાં જ છૂટી ગઇ

“ લલાટમાં લખ્યું હશે તે ! બાઇ ! જરા હિમ્મત અને શ્રદ્ધા રાખ હું પાગલ નથી, પરન્તુ ત્હારો સ્વાર્થ અને એનો મમત ઉભય પાગલ છે.”

“ ચાલ, એ જોગટા ! તું વચમાંથી આઘો ખસ, અને એ બામણા ! તું ગાય સોંપી દે. ” કસાઇએ પોતાની જાત જણાવવી શરૂ કરી.

“ ગાય ! ગાય જોઇએ છે ? ” તુકારામ ગાયનું નામ સાંભળતાંજ જરા જોરથી બોલ્યાઃ “ ઓહો ! એક ગાય મેળવવાને માટે આટલું બધું તોફાન ? રમખાણ અને તકરાર ! અરેરે ! ઘડી પ્હેલાંજ મ્હેં મ્હારી તમામ ગાયો એક ભક્ત મંડળીને દાનમાં દઇ દીધી. [બાવાઓને !] બાઇ ! એક ગાય આપવી, એમાં આટલી બધી ખેંચતાણ શા માટે કરે છે ? પ્રભુ ત્હને વળી બીજી આપી રહેશે. એનું એની ઉપર મન–દીલ છે, તો ભલે એ લઇ જાય, એ પાળે.

પરહીત અર્થે ગાય તો શું કાય પણ આ આપવી,
મરતા લગી યે કેઇના આતરડી ના સંતાપવી
ઉલ્લસ હ ને ફિર યોગ્ય કાજના તોડવાના હાથ જ,
પરમાર્થ માટે સ્વાર્થનો એ ભોગમાં સંતોષ છે.

પરમપ્રિય પણ વસ્તુનો...પર હિત અર્થે ત્યાગ,
સાચો સજ્જન એક એ...સાચો એજ વિરાગ.

દેશ ધર્મ અને પરોપકારાર્થે પરમપ્રિય પદાર્થનો પણ ત્યાગ કરે, હસતે મુખ તેને જતા કરે, કચવાયા વિના સંતોષથી જૂદા કરે, તેજ માણસ! તેનુંજ નામ આત્મભોગ! તેનુંજ જીવ્યું સાર્થક!"

"અરે પણ તમે પણ જોયા-વિચાર્યા વિના આમ...... આપવા આપવા કરી રહ્યા છો...પણ આપવા તે શું આપવા? કયા આપવા? કાપવા?

ચંડાળની છૂરી નીચે ગૌ-ભેટ મ્હારે આપવી,
ઉપદેશ શું આપો તમે પાલક બનીને કાપવી?
ચીસો હૃદયભેદક સુણી અંગુલી કાને નાખવી,
ગરદન નજર સ્હામે ઉડાવે ઘાતકી તે સાંખવી?
મમતાભર્યા મીઠી નજરથી ઘટે જેને ઝાંખવી,
હિંસા કરે તેની સહનશિલતા શું મ્હારે રાખવી?

સત્પુરુષ! આ તો કૂપાત્રે દાન થાય છે, કલ્યાણ તો બાજુએ રહ્યું. પરંતુ આપણે જીવોનું અકારણ અકલ્યાણ થાય છે. ચાંડાળની છૂરી નીચે ગાયની ગરદન જાય છે, જ્યારે નિર્દય હત્યારો આપના આવા અવળા ન્યાયે ફુલ્યો ફાવી જાય છે."

"અલબત્ત! કળિયુગમાં તો લુચ્ચાઇનીજ દિવાળી થાય છે ધર્મી દંડાયા જાય છે, આજ તો બળીયાના બે ભાગ, મારે તેની તલવાર."

"પણ જબરજસ્તીથી દાન?"

" અરે જાન પણ ! "

" ભાઇ ! તમે બંને શાન્ત પડો, સાંભળો.

બની આંધા અમારી યા અભિમાને નહિ ભૂલો,
ઉંચો નાચો થયા કરતો વિધાતાનો ચલિત ઝૂલો.
ઉંચે એ લઇ ગયો આજે ન એથી ડાંપણે ડુલો,
નીચે એ લાવશે ને આવશે પાછો...નહિ ભૂલો.

કાળચક્ર સમાન ધરાથીજ ફર્યે જાય છે. પાપી તેમજ પુણ્યાત્મા, ઘઉં તેમજ કાંકરાઓ સર્વ કંઇ એની નીચે આવતાં એક સરખી રીતે કચડાઇ જાય છે. એ કાળની ઘંટી કાંકરા કે દાણા કશુંજ જોતી નથી. માટે [બ્રાહ્મણને] ભાઇ ! તું ત્હારે રસ્તે જા, અને [કસાઇને] તું ત્હારે પથે પડ "

" જાય ક્યાં ? ગાય વેચાતી લીધા સિવાય, અગર ન આપે તો બળાત્કારથી પણ હાથ કીધા સિવાય એક ડગલુંય ભરનાર નથી, કદી પાછો ફરનાર નથી, સમજ્યો ? "

" ભાઇ ! કોઇને દમીને, કોઇનું દીલ દુખવીને તેની પાસેથી તેની વસ્તુ પડાવવી એ ક્યાંનો ન્યાય ? "

" મ્હારો, મ્હારા ઘરનો. "

" ભલે ! ભાઇ ! તો હવે જ્યારે એ કોઇ પણ ભોગે ત્હારી એ પ્રિય વસ્તુને હાથ કરવાના નિશ્ચય ઉપર છે, તો પછી તું એ અનાથના નાથને ભરોસે એની કિસ્મતનું નાવ મૂકી દઇ મ્હોટું મન રાખ. બીજો શો ઉપાય છે ? "

" એમ થતા પ્હેલાં હું મ્હારું લોહી રેડીશ."

"એથી શો ફાયદો? મૃત્યુને આધીન થનારાં, અગર તો થયેલાં જો પ્હેલાં યા પુંઠે પ્રાણ આપવાથી ઉગરતાં અથવા તો સજીવન થતાં હોય! તો પછી જગત્માં એવાં દાન દેનાર સેંકડો શોધ્યાં સાંપડશે, પરન્તુ એમ નથી થઇ શકતું."

"તો શું આવા દેખીતા અન્યાય અને અત્યાચારની સ્હામે મ્હારે ન થવું?"

"સ્હામે થતાં પ્હેલાં સામર્થ્યનો વિચાર કર્યો છે?"

"શું અહિંસાત્મક અસહકાર ન આદરી શકાય?"

"તો પછી ત્હારા એ ન્યાય-સુત્રમાં હિંસાને-આપઘાતને લોહી રેડવાની વાતને સ્થાનજ ક્યાં રહ્યું? ભાઇ! તુંજ વિચારી જો." તુકારામે હવે જડબુદ્ધિના ચાંડાળને સમજાવવો પડતો મૂકી બ્રાહ્મણને દિલાસો દેવા માંડ્યો: "આખું જગત્ ઉંધુ છે. કુહાડીમાં હાથો આપનાર વૃક્ષજ પાછું એ કુહાડીથી ચીરાય છે. પમરાટથી અંતરને પ્રફુલ્લ કરનાર પુષ્પોજ પગ નીચે છૂંદાય છે. ચારો આપનાર ઘાસમાંજ તાપવા માટે દીવાસળી મૂકાય છે. ભારવહન કરનાર વસુંધરા ઉપરજ વિષ્ટા નંખાય છે, તન-મનની મલિનતા ધોનાર સરિતાના શ્વેત જળમાંજ મલીન વસ્ત્રો ધોવાય છે. જન્મ આપનાર જનેતા અને જગત્નિયંતાનેજ ભુલી જવાય છે. જ્ઞાનદાતા અને મોક્ષદાતાઓનીજ મશ્કરીઓ થાય છે. આ દુનિયાનો ન્યાયજ ઉલટો છે. દુધ-દહીં દેનાર ગાયના વાછરડાઓનેજ ભૂખે

વલવલવું પડે છે, જાત તોડી, ધરતી ફોડી અનાજના ડુંડાઓનો વરસાદ વરસાવનાર જગત્પિતા ખેડુતની ઉપર જ કર અને મહેસુલના કાળા ડુંગર ખડકાય છે. ઉંદને પાણીને માટે–પરોપકાર કરવાને માટેજ પોતાનું પેટ કપાવી પ્રાણદાન દેવું પડે છે.

ધર્મનીતિ ન્યાય–આ ધરતી ઉપર શોધ્યા નથી,
પૂણ્ય પ્રેમ પવિત્રતા સત્ સંપની ઝાંખી નથી.
ધર્મિષ્ઠની છે હાર જીત હરામીની જ્યાં થાય છે,
સાચો ડૂબે ખોટો તરે કળિયુગ એ કહેવાય છે.

[કસાઇને] ભાઈ! આ ગાયે ત્હારૂં શું બગાડયું છે? કે તું એને કાપી નાખવા તૈયાર થયો છે?"

"તો એણે ત્હારૂં શું સુધાર્યું છે, કે તું એની તરફથી વગર પૈસાની વકીલાત કરી રહ્યો છે?"

"બહુ બહુ, જોઇએ એટલું. મ્હારા એકલાનુંજ નહિ બલ્કે બધાનું કહો. હું એકલો નહિ, કિન્તુ આખી આલમ એને આભારી છે. ભાઇ!

એ ગાયના ઘી દુધ પર આ જગત્ના જીવો જીવે,
પયપાનથી પોષાઇ પિંડો હ્રષ્ટ પુષ્ટ બધા બને.
પ્રત્યંગ–માનવ–પોષનારી દેવી એ સાક્ષાત્ છે,
માતા અમારી એક બીજી એ અમારી માત છે.
બ્રહ્મા અને વિષ્ણુ ઉદર ઉમયાપતિ એને વસે,
[કસાઇનેઃ—હા...હા...હા...]
સંતાન થઇને એમના ધિક્કાર માતાને હસે."

"હા...હા...હા...દેવી ! આ ગાય તે તમારી માતા ! તમારા લોકની દેવી !"

"હા...હા...દેવી ! મહાદેવી ! મૂર્ખ ! જેને બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વરે સેવી, જેની આયકા ઘટે છે ત્હારે, મ્હારે અને તમામે લેવી. જેના મૂત્રના ચોકા ઉપર છેવટની સદ્દગતિ મેળવવા ઉંધ પડે છે લેવી.

ગૌ–મૂત્ર ગણુ ગંગાજળ...સેવા કર ને થા નિર્મળ,
પવિત્ર ભારતનું ગૌ–ધન...કરે પતિત હૃદયો પાવન.

માતા !" ગાયને શરીરે હાથ ફેરવતાં સહૃદય તુકારામ સેવા ભાવી સંબોધને બોલ્યા.

"આ તમારી મા !" કસાઇ હસતો હસતો તિરસ્કાર દર્શક આંખે અવલોકતાં બોલ્યો.

"જી...હા...એજ અમારી મા. ભાઇ ! શું એક માતાનો સંહાર તેનો સગો પુત્ર કરશે ? શિવ...શિવ...શિવ..."

"માતા મ્હારી નથી, ત્હારી હશે. પરોપકારમાં માંસ દેવાથી ઉલ્ટી એની તો સદ્દગતિ થશે, અને આ બ્રાહ્મણને પણ પૂણ્ય હાંસલ થશે."

"ખરેખર ! રણમાં ઉંટના ઉદર કાપનારની દશા અને મનોભાવ તેજ ત્હારા મનોભાવ છે. પરન્તુ...

નથી વાચા બિચારીને વદી શું કષ્ટ સમજાવે ?
પરાઇ આંખના આંસુ નહિ તમ આંખમાં આવે.

મળે મિષ્ટાન્ન જ્યાં નિત્યે મજા'ને મોજ ઉડાવે,
સુકા ત્યાં રોટલા ખાનારના ખ્યાલો નહિ આવે."

" પરન્તુ ક્યાં છે ? એ ના નથી પાડતી, નથી રડતી, નથી શોક કરતી."

" જો, બરાબર જો. ચર્મચક્ષુથી તો નહિ જ માલમ પડે. પરન્તુ આંતુરચક્ષુ, દિવ્યચક્ષુ, જ્ઞાનચક્ષુથી ધ્યાનપૂર્વક જો. શું દેખાય છે?"

ગાયની આંખમાં આંસુ નિહાળતાં કસાઇ ઘડીવાર તો આશ્ચર્યચકિત થઇ ગયો, એટલે તુકારામ તેને આગળ સમજાવવા લાગ્યાઃ

"ધ્રુજી રહ્યા છે ગાત્ર ને કાયા સકળ કંપી રહી,
ચોધાર આંસુધાર અંતર-આંખથી વરસી રહી.
પ્રત્યેક શ્વાસોચ્છવાસમાં ઉદ્દગાર આહોના ભર્યા,
આ દીન મુખ પર ભાઇ ! જોકે ભાવ કેવાં છે ધર્યા ?

માટે મ્હારૂં કહ્યું માન, સમજ, અને......
દયાની આંખથી દેખી તું નિર્દોષિતને છોડી દે,
પરમ પરમાર્થ આગળ આ નજીવો સ્વાર્થ છોડી દે.
છરી મૂકી બની છોરૂ ક્ષમા માતા કને માગો,
હજુ છે હાથમાં પાસા તજી નિદ્રા અને જાગો.
દયાળુ ગાય માતા છે નઠારા લોક છો ! દુઃખ દે,
છતાં વાત્સલ્ય ના વિસરી સદા સુતને તો મા સુખ દે."

" જો માતા હશે, તો હમણા જ પ્રભાવ જણાશે. ઢંગી હશે, તો મારી જશે." કસાઇ પરીક્ષા કરવા તૈયાર થયો.

" ભલે, ત્હારે જો ચમત્કાર જ જોવો હોય તો ચલાવ ત્હારી ચળકતી કટાર, અને કર ખાત્રી."

" તો લે. "

કસાઇએ ગાયની ગરદન ઉપર ઘા કર્યો, ત્યાં જ સંતના ભકત વત્સલ અનાથના નાથ વિઠોબા તત્કાળ ત્યાં હાજર થયા. તુકારામના ભક્તિપ્રભાવે એ રક્તવર્ણા તેજમાંથી સાક્ષાત્ ગૌદેવીનું પ્રાકટ્ય થયું. ચાંડાળના હાથમાંથી એનો ઉગામેલો ચળકતો છરો હેઠો પડી ગયો. એની આંખ અંજાવા માંડી. એ ધીમે કદમે જરા પાછળ હઠવા માંડયો— જ્યારે બ્રાહ્મણ તથા તુકારામ આશ્ચર્ય અને હર્ષની મિશ્ર લાગણીની સાથે એમના ચરણમાં પડયા. માતાએ હાથ પ્રસારી એ ભકત જનોને શુભાશિર્વાદ દીધો.

" પ્રિય વત્સ તુકારામ ! એટલું સદાય યાદ રાખજે, કે વૃક્ષ એક જ હોવા છતાં પણ તેની સર્વ ડાળીઓ કદાપી સમાન નથી હોતી દેવી વસુંધરા ઉપર વસનાર પ્રત્યેક સંતાનની ભાવના અને આસ્થા ભિન્ન ભિન્ન હોય છે. છતાં કુવાના પત્થર પણ જતે દિવસે દોરડાના ઘસારાથી ઘસાતા જાય છે, કુવાની ગર્ગડીમાં પરોવાયલું દોરડું અને એ લોખંડ પણ પરસ્પરના લાંબા સહુવાસ અને ઘર્ષણ પછી એક બીજાના અંગ ઉપર નિશાન કરવા નથી ચુકતા. તેમ સજ્જનની સંગતથી દાનવી પણ દયાળુ બને છે. અવળે પંથે જતાં અજ્ઞાન આત્માઓને અટકાવી ઉદ્ધારવા એજ પ્હેલું મનુષ્ય-કર્તવ્ય ! પછી તે ભલેને ગમે તે જાતનો હોય ! ગમે તે ધર્મ પાળતો હોય ! સર્વનો પિતા

એક જ સરજનહાર છે, સર્વની માતા એક જ વસુંધરા છે. જુઓ, સાંભળો, આકાશમાં એક દિવ્યવાણી કર્તવ્યભૂલેલા મૃત્યુપુરીના માનવીઓને શું સંબોધી રહી છે ?

—: આકાશવાણી :—

વસુંધરા પર વસતા સર્વે...
એક જનની—જાયા
સહૂને એક જ છે છાયા.
કોઈ ભજતા બ્રહ્મને...કોઇ ભજે ભગવાનને,
ઉમયાપતિ અલ્લાહ ઇસુ...છે એક જ જગરાયા...
રૂપાંતર માધવની માયા...શહૂને
ધર્મ જુદો કોઇનો...તો કોઈની ભાષા જુદી,
વેશ વિધ વિધ હો ભલે...પણ એક સરખી કાયા...
સમજતા સમાન જીવ ડાહ્યા...સહૂને
મંદિર તે મસ્જીદ મદિના-કાશી મક્કા-દ્વારિકા,
ઝમઝમ-સરિતા જાહ્નવી...સરખું ગણો ન્હાયા...
જલાયા અગર દફનાયા...સહૂને

આકાશવાણી બંધ થતાંજ માતા પણ અલોપ થઇ ગયાં, એટલે કસાઇ તુકારામના પગમાં પડતાં બોલ્યો:

" મહાપુરૂષ ! મ્હારી ભૂલ થઇ, મ્હને માફ કરો."

" ચમત્કાર ત્યાંજ નમસ્કાર. ભાઇ ! ઉભો થા. ક્ષમા માગવાનો અધિકાર તેનેજ હોય, કે જે અન્યને ક્ષમા દેતો હોય, અને ક્ષમા આપવાનો અધિકાર તેનેજ હોય, કે જે પ્રતિસ્પર્ધી કરતાં વધુ સમર્થ હોય ! બંધુ ! તું ક્ષમા નથી આપી શક્યો, એટલે માગવાનો અધિકાર ત્હેં ગુમાવ્યો છે. સરજી

ન શકે, તે સંહારી કેમ શકે? સાચા હૃદયનો પશ્ચાત્તાપ એજ પાપનું-ભૂલનું પ્રાયશ્ચિત્ત! ત્યારબાદ મળનાર માફી, એજ મૂક્તિ!

વંદન કરો આ માતને એ માત માફી આપશે,
દીધાં નથી સુખ તોય સંકટ એ દયાળુ કાપશે.
પુત્રો કૂપુત્રો છો બને...માતા ન મનમાં લાવશે,
ભુંડો ભલો પણ પુત્ર હૈયે હર્ષથી એ દાબશે."

કસાઇએ ગૌમાતાને સાષ્ટાંગ નમસ્કાર કર્યાં. "હવે જા... આજ પછી કોઇ પણ દિવસ ગૌ-વધ ન કરીશ."

ગૌ-વધ ન કરવાના પાક સોગંદ ખાઇ એ ત્યાંથી ચાલતો થયો. એટલે પેલો બ્રાહ્મણ હર્ષથી છલકાતે હૈયે બોલ્યો:

"મહાત્મન્! મ્હેં આપને ન ઓળખ્યા, મ્હારી ભુલ થઇ."

"જા ભાઇ! સુખેથી ત્હારે ઘેર સિધાવ. મ્હને ઓળખે ત્હારો શું દહાડો વળવાનો હતો? ગાંડા! મ્હને નહિ પરન્તુ જેને મ્હેં ઓળખ્યા તેને તું ઓળખ!"

"મહાપુરૂષ! એટલે કોને?"

"ત્હારા અંતરમાં વિરાજેલાને! આત્માને! પરબ્રહ્મ પરમાત્માને! નિરંજન-નિરાકારને! એને ઓળખતો થા, એટલેજ બસ!"

"પ્રભુ! એમને કેવી રીતે ઓળખવાં?"

"ભક્તિ કરીને, સેવા કરીને, ધ્યાન ધરીને."

"એ ધ્યાન કેવી રીતે ધરવું?"

"હિંદુઓમાં પૂજ્ય એવી બ્રહ્મજ્ઞાતિનો હોવા છતાં તું તપ, દાન, ધ્યાન, વિગેરે ત્હારા નિત્યકર્મોને પણ નથી જાણતો?"

" પ્રભુ ! આર્થિક અધોગતિના ઉંડા ખાડામાં પડેલા અમે આ કળિકાળમાં કશા આચાર–વિચાર નથી પાળી શકતા. "

" અને તમારી એ આર્થિક અધોગતિ તમારી આ અજ્ઞાનતા અને આચારહીનતાનેજ આભારી છે. બ્રહ્મને ન ઓળખ્યાં તો પછી બ્રાહ્મણનો અર્થ શો ? "

" ભિક્ષાન્ન દેહી ! આજ તો એ છે, પ્રભુ ! "

" અરેરે ! દયાને પાત્ર એવા એ બ્રાહ્મણ ! આમ આવ. હું ત્હને ત્હારી આર્થિક અને આત્માની બંને ઉન્નતિનો પંથ બતાવું. આત્માની ઉન્નતિ તરફ પ્હેલું લક્ષ્ય રાખજે, આર્થિક ઉન્નતિ એની મેળે વણમાગી પૂંઠે દોડી આવશે. "

" કહો." બ્રાહ્મણે હાથ જોડયા.

" કહે કે, આજથી મ્હારૂં તે આખા જગત્‌નું થયું, અને હું તે મ્હારો પોતાનો મટી આખા જગત્‌નો થયો. "

બ્રાહ્મણ એ પ્રમાણે બોલ્યોઃ " પછી ?"

" અહં બ્રહ્માસ્મી. "

" અહં બ્રહ્માસ્મી. "

" જા, હવેથી મ્હારા–ત્હારાની મિથ્યા મોહ-માયા છોડી તમામ તેના ચરણમાં અર્પણ કરી દેજે. તેને ત્હારો કરી લેજે. પછી ત્હને કોઇની પણ જરૂર નહિ પડે. "

" પ્રણામ..."

" કલ્યાણ..."

* આવાં મહાપુરૂષના મિલન એટલે મોક્ષધામના મંગળ-દ્વાર *

પુષ્પઃ— ૪ થું.

" ત્યાગ "

" જય જય વિઠ્ઠલ, જય જય વિઠ્ઠલ."

" જય, હરિભક્તોનો જય. પધારો હરિજનો! મ્હારે ઘેર, અને પાવન કરો આ પામર તુકાનું આંગણું."

" પરન્તુ તુકા! અમે તો હજુ જમવાના છીએ, એનું કેમ?"

" ફિકર નહિ, બાપૂ! સૌ થઇ રહેશે. આ તુકાનું સર્વસ્વ તમારૂંજ છે ને?"

" એમ છે? ત્યારે તો ચાલો...આજ તુકારામને ત્યાંજ ધામા, કાલની વાત વળી કાલે."

" ભલે પધારો...હરિજનો! ભલે પધારો."

—: ભજન :—

નરસિંહ રૂપે વ્હાલા...સ્થંભે તે પ્રકટયા,
ને...પ્રહ્લાદને સ્હાય કીધી...હાં હાં રે વ્હાલા...(૨)
નાખ્યા સુધન્વા...તાતે તેલે...

તેલ-કઢા શિત કીધી...
એવા અવિનાશી રે...ભક્તો બન્ને...

* * * *

ગાયનું દાન કરી કસાઇ અને બ્રાહ્મણુનો ન્યાય ચૂકવી, હરિભજનમાં મસ્ત તુકારામ ઘેર પાછા ફરતા ફરતા ઉપરોક્ત સાધુ મંડળીને પણુ સચ્ચિદાનંદને ભરોસે ઘેર નોતરતા આવ્યા. આ વેળા એમના સદ્ભાગ્યે એમનાં પત્ની જીજીબાઇ બ્હાર પાણી ભરવા ગયા હતા, એટલે તુકારામે તે સર્વને બ્હાર ખુલ્લામાં ચોગાનમાં આવકાર આપ્યો.

" હરિભક્તો ! આપ અત્રે સુખશાન્તિમાં ગોવિન્દાના ગુણુ-ગાન ગાવ, એટલામાં હું ભોજન વ્યવસ્થા કરી આ......આવ્યો."

આતિથ્ય સત્કારને માટે કાંઇ ભોજનસામગ્રી હોય, તો તે જોવાને માટે તુકારામ અંદરના ખંડમાં ગયા. ત્યાં તો જીજીબાઇ માથે પાણીની ભરેલ ગાગર મૂકી ગૃહ-આંગણે આવી ઉભા રહ્યા. " આ શું ? આ ચલમ ને ગાંજો ફૂંકતા, તથા રામ-નામના કીર્તનીઆ કૂટતાં ભગતડાઓનો અડ્ડો મ્હારે ત્યાં શાનો ? હં...સમજી ! મ્હારા ભોળા ભરથારને આ પાખંડી લંગોટીઆઓએ આજ હથેલીમાં ચંદ્ર બતાવ્યો લાગે છે. પણુ ફીકર નહિ. હુંય એમને આસમાનના તારા બતાવું ત્યારેજ ખરી. આજ એમની એવી તો સરસ પૂજા કરૂં, એવી તો ઉમદા પુષ્પાંજલિ એમને પીરસું, કે હરામખોરો જીંદગીની ખોડ ભુલી જાય, અને ફરીથી કોઇ દિવસ આ ઉમરે ફરકેય નહિ."

સંકુચિત સ્ત્રી-સ્વભાવને અનુસરતો આવો સ્વગત વિચાર મનમાં ગોઠવી એણે પાછળથી આવી એ ભક્તોની ભજનમંડળીની

વચ્ચોવચ્ચ પોતાની ભરેલી પાણીની ગાગર ઉંધી મારી. પ્રભુ ભક્તિની ધુનમાં એક તાર થએલો એ હરિના લાલો ભીને કપડે "અરેરે માઇ ! યે કયા ?" કરતાં ઉભા થઇ ગયા. ત્યાં તો લાલચોળ નેત્રે ખીજવાયલી વાઘણ સમાન ઘુરકતી જીજીએ ખુણામાં પડેલી કચરો વાળવાની સાવરણી ઉપાડી, એ વડે એણે એ અતિથિઓનું યોગ્ય સ્વાગત કરવું શરૂ કર્યું. દરમ્યાન અંદરના ઓરડામાંથી ભોજન સામગ્રીની તપાસ કરી બહાર આવી પહોંચેલા તુકારામ પોતાની અજ્ઞાન અને સંસ્કાર-વિવેકહીન અર્ધાંગનાની આ આતિથ્યપૂજા ખિન્ન વદને અને હતાશ હૈયે જોઇ રહ્યાં. જ્યારે એકેએક પ્રભુભક્ત આત્માને એણે આંગણા-બહાર ન્હસાડયા, ત્યારે જ એ જંપી.

"જુઓ ! આવાને આવાજ એમને મળે છે. અર્ધા તો આવા હરામી લંગોટીઆઓની સોબતથી મ્હારા સ્વામી ગાંડા થઇ ગયા છે. ઓ ભગવાન ! એમને સદ્બુદ્ધિ દઇ સત્ પંથે દોર."

ખાલી ગાગર ઉંચકી લઇ પાણી ભરવા પાછી ફરતી પતિવ્રતા પ્રમદાએ પાણી ભરી આંખ લુગડાને છેડે લૂંછી જ્યાં એક ડગલું ભર્યું, ત્યાં તો તેને કાને પાછળથી એક સાદ પડયો: "દેવી !"

સ્વર પરિચિત હતો. એણે પાછળ જોયું. એની આંખમાં હજુ ભિનાશ સાથે કંઇક રીસ તરવરતી હતી. "શું કહો છો ?"

"સંતજનો કયાં છે ?"

"પણ તમે આ બધું શા માટે બહાર લાવ્યા ?" એની દૃષ્ટિ સંતોને રસોઇ કરવા આપવા બહાર કાઢેલી ભોજન સામગ્રી ઉપર પડી.

"આંગણે આવેલા અતિથિઓનો-સંતોનો સત્કાર કરવા."

"મુઆ તમારા સંત ! એને સંત કોણ કહે ? સંત તે વળી ગાંજો, ચલમ પણ પીએ ખરા કે ?"

"કોઇના અવગુણ જોતાં શીખવાનું કામ આપણું નથી. આપણે તો હમેશાં ક્ષીર-નીર ન્યાયે હંસબુદ્ધિથી શુદ્ધ પયનો ભાગ પ્રાસન્ન કરી બાકીનો પાણીનો ભાગ પડતો મૂકવો. કરશે એ ભરશે, એમાં કોઇ-કોઇને શું ? ત્હેં એમને કાઢી મૂકયા ને ?"

"અરે કાઢી શું મૂકયા ? એવી તો ખોડ ભૂલાવી દીધી કે જીંદગી સુધી યાદ કરે, અને આ ઘરનું આંગણું હવે સ્વપ્નેય નહિ ભાળે. વિના પરિશ્રમે હરામનું ખાવાનો ચસકો આજ મ્હેં......"

"અફસોસ ! ઇશ્વર અને ઇશ્વરના ભકતોમાં નહિ માનનાર એવી તું હમણાં થોડી જ વાર ઉપર મ્હારામાં સદ્બુદ્ધિ મૂકવા ઇશ્વરને ન્હોતી સંભારતી ?"

"તે કોક વખતે ? તમારી માફક કાંઇ આઠે પ્હોર ને ચોવીસે કલાક નહિ તો ? હોય ! દેવ-દર્શન-સંધ્યા-પૂજા બધુંય હોય, પણ તે હદમાં. આમ તમારી માફક આખો દિવસ કંઇ એ ઇશ્વર નવરો નથી બેસી રહ્યો, કે તમારા ભજનીઆ સાંભળ્યા કરે, એને તો બધાં બહુ કામ છે. ને તમારે છે કંઇ ? જુઓની ! આ ઘરના છોકરાં ઘંટી ચાટે, ને અતિથિને આટો આપે. એવું તમારૂં કામ. ઘર બાળીને તીરથ કરનારા તમારા જેવા બહુ ઓછા. એવું કંઇ કોઇને હરામનું ખવડાવવાને વધારે નથી. મહેનત-મજુરી કરીને એટલું આઠ-દશ દિવસનું અનાજ એકઠું કીધું છે........"

"અને તે આપણે બન્નેને માટે, પરંતુ જો તું એકલી જ

એ ખાય અને હું એને ન સ્પર્શું, તો ત્હને પંદર-વીસ દિવસ ચાલે ને ?"

"એટલે ? શું તમે ઉપવાસ કરવા માગો છો ?"

"નહિ, દેવી ! હું હવે આ ઘર-સંસાર-સિન્ધુ છોડી જવા ઇચ્છું છું." તુકારામને અહીંથી જ પ્રથમ વૈરાગ્ય ઉત્પન્ન થયો.

"જો સંસાર ન્હોતો માંડવો, તો પછી પરણ્યા જ શું કામ ? મ્હારો ભવ શા માટે બાળ્યો ?"

"સંસારના સળગતાં દૃશ્યોના શિક્ષણ લેવાં, (આપવા નહિ.) અનુભવ મેળવવા, દેવી ! સાંસારી શિક્ષણ વિનાના સંન્યાસ અધુરાં અને કાચાં કહેવાય છે. એટલા માટે."

"તમે જશો, તો પછી મ્હારૂં શું ?"

"આ જગતમાં કોણ કોનું છે ? મ્હારૂં પણ કોણ છે ? તેમ છતાં હું જેને ભરોસે જાઉં છું, એનો તું ય ભરોસો રાખ. સૃષ્ટિના સ્વાર્થી મનુષ્યોના ભરોસા કરવા કરતાં એનો એકલાનો જ ભરોસો રાખ."

"અને તમે ક્યાં જવા માગો છો ?"

"એ સંતજનોની શોધમાં, એમને પગલે પગલે."

"એ સંત તમારો ઉદ્ધાર કરશે, એમ તમે માનો છો ?"

"ઉદ્ધાર કરે કે નહિ કરે. કદાચ એ સંતથી ઉદ્ધાર નહિ થાય. એમનામાં એ શકિત ન હોય, તેથી શું ? એમના પગલાં, એમની બતાવેલી દિશા તો જરૂર આ દેહનો ઉદ્ધાર કરશે. દેવી ! હવે હું

સંસારના લ્હાવા લઇ ધરાઇ ગયો છુ સંસારમાં રહી સંસારી ધર્મ આચરી સન્યસ્ત ભાવનામય જીવન ગુજારવાની મ્હારી આશા હવે છિન્નભિન્ન થઇ ગઇ છે. દેવી ! તું મ્હને ન રોક. મ્હારૂં દીલજ ઉઠી ગયું છે. જવા દે...હવે હું જઇશ જ.

આશા અનેરી આજ મ્હારા ઉરની છૂટી ગઇ,
આદર્શ એવી કલ્પનાઓની કડી તુટી ગઇ.
ઉત્સાહની જે આરસી અફસોસ તે ફૂટી ગઇ,
હિંમત અને ધીરજ હવે આ દીલની ખૂટી ગઇ.
કડુ સ્વાદ સંસારનો...ઉડી ગયો અનુરાગ,
મ્હને મુબારક હો સદા...મીઠો મ્હારો ત્યાગ."

"અરે ! પણ એમ તે થાય કે ? કોઇ દિવસ નહિ, ને આજ આપને વળી એ નવું ભુત કોણે ભરાવ્યું ? પ્રભુ ! મ્હારા નાથ ! હું તમને નહિ જવા દઉં" જીજીએ ગાગર હેઠે મૂકી પતિના બંને પગ પકડી લીધાં.

એની આંખોમાં પુનઃ પાણી ભરાયાં: " તમે જાવ......તો તમને મ્હારા સોગન."

"દેવી ! મમત ન કર. આ નશ્વર જગતની અને દેહની માયા-મમતા છોડી દે.

જુઠી કાયા જુઠી માયા જુઠી આ જીંદગાની છે,
જુએ છે ચીજ જે એમાં ન એકે પણ સદાની છે.
જીવન-મૃત્યુ જુએ છે તું રમત છે એ ઘડી બેની,
અમર છે એકલો ઇશ્વર નથી લીલા અમર એની.

ખીલ્યું તે નિશ્ચય ખરે...જે જન્મ્યું તે જાય,
હસે એજ આંસુ ભરે...ચઢે એજ પછડાય."

"પરન્તુ નાથ! ગૃહસ્થાશ્રમની ગણના ચારે આશ્રમોમાં શ્રેષ્ઠ છે, છતાં પણ..."

"છતાં પણ મ્હારે એ છોડવો પડે છે, અને એનું કારણ તું પોતે જ છે.

સંસારને શોભાવવો એ સુન્દરીના હાથમાં,
સંસારને સ્વર્ગીય કરવો સુન્દરીના હાથમાં.

જે એક ચાવી સ્વર્ગની સનારના એક હાથમાં,
તો એક ચાવી નર્કની (પણ) એનાજ બીજા હાથમાં.

બાળક બની ખેલ્યાં હરિ-હર-બ્રહ્મ જેની બાથમાં,
નિર્વાણપદ છે શકિત રૂપી એજ સ્ત્રીના સાથમાં.

ત્રિયા અપાવે તેજ ને...ત્રિયા કરે તારાજ.
ત્રિયા કાજ કંઈકે મૂકયાં...રાજ તાજ ને લાજ.

સ્ત્રીઓમાં સંસારને સ્વર્ગ ને નર્ક બંને બનાવવાની શકિત છે. સ્ત્રીઓ ધારે તો દેવી ભગવતી અને સતી શ્રીમતીઓના શિરોમાન્ય સ્થાન શોભાવી શકે છે, અને ધારે તો શિયળભ્રષ્ટા બની વેશ્યાવૃત્તિ પણ સ્વિકારી શકે છે. વિશુદ્ધચરિતા યા તો વારયોષિતા બંનેમાંથી ઇચ્છે એ એક માર્ગ એ પસંદ કરી શકે છે. એક સ્વામીના હૃદયનો શોક સંહારનારી, તાપ ટાળનારી, શાન્તિ અને

સુધારસ સિંચનારી તથા સંતોષ, સ્નેહ અને સુખ આપનારી શિયળવતી સુશીલા હોય છે, તો વળી બીજી તેને સંતાપનારી કૂમાર્ગીની કર્કશા પણ હોઇ શકે છે. એમના ચારિત્ર્ય અને શક્તિ ઉભય અદ્દભુત ! એનો પાર પામવો તો દેવનેય દુર્લભ ! ”

“ તો શું આપ મ્હને એ એમાંથી બીજી પંક્તિમાં મૂકો છો ? ”

“ નહિ, દેવી ! તું પતિભક્ત છે, સાથે સતી છે, એ પણ નિઃસંશય. છતાં ત્હારામાં એકજ મ્હોટામાં મ્હોટો અવગુણ છે, કે જે મૃગલાંછન સમાન ત્હારી ધવલ સદ્દગુણ–શશીચંદ્રિકાની સોળે કળા–જ્યોતિઓને ઢાંકી દે છે. ”

“ પ્રભુ ! એટલે શું ? હું ન સમજી. ”

“ ત્હારા પતિનું હૃદય તું નથી વાંચી શકતી, નથી ઉકેલી શકતી, નથી પારખી શકતી. તું કેવળ સંસાર અને એમાં સમાયલા સ્વાર્થ તથા માયાના શણગારોનેજ ઓળખે છે, જ્યારે ત્યાગ, સંન્યાસ અને માયાપતિ જેવા માયાથી પર એવા વિષયોને નથી પિછાની શકતી, અરે પિછાનવા પ્રયત્ન સરખો પણ નથી કરી શકતી.

નથી પરવા ભલે સંસારમાં ઇચ્છા મુજબ મ્હાલો,
પરન્તુ સહુ પ્રતિ પગલે...પ્રભુને ઓળખી ચાલો.
પ્રભુના ભકતના ચરણો...બની સેવક સદા સ્હાવા,
પ્રભુના નામ પર સઘળું સમર્પીને બનો બાવા.”

" નાથ ! પણ હું તમારા હીતમાંજ હમેશાં રાજી છું. "

" તો તો અહોભાગ્ય મ્હારાં, દેવી ! મ્હારા કાર્યમાં અંતરાયરૂપ થવાને બદલે ઉલ્ટી મદદરૂપ થઇ પડ, પરન્તુ મ્હારૂં હીત શામાં છે ? એજ હજુ તું જ્યાં સુધી સમજી શકતી નથી, ત્યાં પછી......"

" પરન્તુ પ્રાણનાથ ! આપ ખોટે રસ્તે છો, અવળે માર્ગે જાવ છો. "

" ખોટા-ખરાની તુલના કરવાની શક્તિ ત્હારામાં નથી, એજ ત્હારૂં દુર્ભાગ્ય ! છતાંય કદાચ ધારશે, તો પ્રયત્નથી ધીરે ધીરે એ મેળવી શકશે. "

" તો મ્હને સાથે રાખીને સુધારો. મ્હને છોડી જશો, એથી કાંઇ મ્હારૂં અજ્ઞાન-અંધારૂં થોડું ફીટી જવાનું છે ? "

" દેવી ! તું વ્યર્થ આંસુડા ન વેર. હું ત્હને તજીને ક્યાંય દૂર જનાર નથી. છતાં એટલું તો ખરૂં કે ગુણીના ગુણની કદર અને કિંમત તેની ગેરહાજરીમાંજ અનુભવાય છે. જેમ જેમ મનુષ્યને માથે આવી પડે, જેમ જેમ સંસારના શીળા-તડકાના ટાઢા-ઉહૂના વાયરા તેને વાતા જાય, તેમ તેમ તેની અજ્ઞાન-નિદ્રાથી મિંચાયલી પાપણો ઉઘડતી જાય. અને ત્હને એવી સંસ્કારી બનાવવા માટેજ, ત્હારી જાતેજ, મેળેજ, આપોઆપ સુધારવાને માટે જ, હું આ રસ્તો પસંદ કરૂં છું. તો કૃપા કરીને મ્હને ખુશીથી થોડા વખતને માટે હાલ રજા આપ. "

" કહો, પાછા ક્યારે આવશો ?"

"તું મ્હને અને મ્હારામાં રહેતા મ્હારા વિઠોબાને ઓળખતી થશે, એટલે."

" ક્યાં ? કેટલેક દૂર જશો ?"

" પાસેજ, ભીમનાથના ડુંગર ઉપર."

" હું સાથે આવું તો આપને શો વાંધો છે ?"

" ખાસ વાંધો છે. જો તું ડાહી અને શાણી થવા માગતી હોય, સુધરવા અને મ્હને રાજી રાખવા માગતી હોય, તો મ્હારી એવી આજ્ઞા છે, કે ત્હારે હું પાછો આવું ત્યાં સુધી અહીંજ રહેવું."

" પરન્તુ આપ ત્યાં એકલા ભોજન પાણીની શી વ્યવસ્થા કરશો ?"

" એ વ્યવસ્થા મ્હારો વિઠોબા કરશે."

" જુઓ, ફરી પાછી એવીજ ગાંડાઇ ! હું આપને માટે ભોજન લઇ દરરોજ ત્યાં આવું તો ?"

" રસ્તો વિકટ પહાડી ને બીહામણો હોઇ ઘણો લાંબો છે. તું થાકી જશે, માટે એ વિચાર માંડી વાળ."

" છો થાકી જાઉં તો ! એ બ્હાને પણ આપના દર્શનનો લાભ દિવસમાં એક વાર મળશે ને ?"

" પણ તું પાછી ત્યાં આવી અહીંની માફક જ......"

" ના...ના...હવે તો હું આપને નહિ દુભવું."

" ભલે, તો જેવી ત્હારી ઇચ્છા. હુંય ત્હારૂં દીલ દુભાવવા નથી માગતો...દેવી ! જાઉં છું."

" ત્યારે...હું તમારે માટે ખાવાનું લઇ આવી રહીશ હોં..."

જીજી ! પતિ ભક્ત પ્રમદાની આંખમાંથી આટલું કહેતાં કહેતાં તો પાણીની ધારા ચાલી. તુકારામ પણ સજળ નયને એની છેલ્લી ભેટ લઇ સંસાર-સિન્ધુ છોડી ગયા.

× + × ×

ભીમનાથ ડુંગર બહુ દૂર ન્હોતો. એક એકાન્ત જગ્યાએ વૃક્ષને ઓથે એ વિરક્ત આત્માએ પોતાનું આસન જમાવી પ્રભુને પ્રણામ કર્યા. એમના શ્રીમુખમાંથી શ્રીહરિ સ્મરણનો ધ્વનિ આજુ-બાજુ પડઘા પાડી રહ્યો.

—: ભજન :—

જીવન.........હોડી......છોડો
મુસાફિર ! જીવન હોડી છોડો.
દોડો.........દોડો.........દોડો
મુસાફિર ! સ્હામે કિનારે દોરો.
ભવસિન્ધુમાં તું રે સુકાની...જાગ્યો સહુથી મોડો,
હવે રે હલેસાં માર ઝપાટે...સમય રહ્યો બહુ થોડો.
મુસાફિર ! જીવન હોડી છોડો.
માયા............લંગર તોડો...મુસાફિર
જીવ જગતથી જુદો કરી હવે...જગત્ પિતામાં જોડો,
ભક્તિ લગામ ગ્રહી...કૂદાવી જાઓ...ગોવિન્દ નામનો ઘોડો.
મુસાફિર ! સ્નેહના શ્રીફળ ફોડો,
ભાઈ ! આંખ મીંચીને દોડો...તમારી

—: સાખી :—

ઉંઘે અલ્યા શું ? ઉઠ...ને...હોડી આયે હાંકી,
અહીંયા રહ્યો છે એકલો...બસ તું હવે બાકી.

પૂંઠે ત્વરા કરતાં પણી...મૂર્ખા ! જશે થાકી,
'અફસોસ !' ઉચ્ચારી કહેશે વિધાતા વાંકી.

ભરતી ભયંકર આવશે...ઉછળાવશે નીરને,
તાણી જશે નાવિક ત્હને ! ગાફિલ મુસાફિરને !

ઉંઘ અને આળસ બે અવગુણ...મ્હોટા એને છોડો,
લંગર લઈ લ્યો...સઢરે ચઢાવો...મારી હલેસાં દોડો.

મુસાફિર ! જીવન-હોડી છોડો.........તમારી

સંસારમાં રહ્યાં છતાં એના રંગમાં ન રંગાય, અને સંન્યસ્તવૃત સેવે, એ તો ભગવાન ગૌતમ સમા કોક વીરલાજ ! બાકી રાગ અને ત્યાગ એ ઉભય પંથ અનોખાં ! રાગી ત્યાગીના ત્યાગને ન સમજે, અને ત્યાગી રાગીના રાગને ન સમજે. રાધા-કૃષ્ણ, રામ-સીતા, નળ-દમયંતી, સત્યવાન-સાવિત્રી, ઉર્વશી-પુરૂરવા અને માલતી-માધવના પાર્થિવ પ્રેમને પરખનારાં નરસિંહ અને મીરાંના પ્રભુ-પ્રેમને ક્યાંથી પરખી શકે ? પરન્તુ તુકારામે તો રાગ અને ત્યાગ ઉભયના અનુભવ લીધાં.

તેમ છતાં એટલું તો ખરૂં, કે અરણ્યવાસ સેવી, ત્યાગવૃત્તિ કેળવી, ત્યાગી થવું, તેના કરતાં સંસારમાં રહી, સંસારી વૃત્તિ

કેળવી, સુદામા અને નરસિંહ મહેતા સમાન માયા-મોહ ઉપર વિજય મેળવવો એ તો નિર્વિવાદ અઘરૂં અને અત્યુત્તમ જ! દિપકની પાસે જ ન જાય, અને ન દાઝે, જળની પાસે જ ન જાય, એનાથી હમેશ દૂર રહે, અને ન ભિંજાય, એ તો સાધારણ વાત છે, પરન્તુ દીપકને વારંવાર સ્પર્શ્યા છતાંય ન દાઝે એ તો એક પતંગ જ........

અહરનિશ જળમાં રહ્યાં છતાંય ન ભિંજાય
એ તો એક કમળજ !

પુષ્પઃ—૫ મું.

" હાર—જીત "

" ચાલો, આજ તો ચોપાટ ઢાળતાં પ્હેલાં શર્ત મારીએ."

" શી ? "

" જે હારે તેણે વિજેતાની ઇચ્છાને માન આપવું."

" કબૂલ છે."

" તો લ્યો, આ પાસા નાખો જોઉં, પ્હેલા પોબાર કોના પડે છે ? "

વૈકુંઠ ધામમાં શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીએ ચોપાટ ઢાળી આજ રમત રમવી શરૂ કરી હતી. એમાં હાર—જીતની હોડ થઇ. પતિદેવના આગ્રહે સતીએ પાસા હાથમાં લઇ કિસ્મત અજમાવ્યું, પરન્તુ દાવ ખાલી ગયો.

" લ્યો, ખાલી ગયા. લાવો, હવે મ્હારો દાવ." કહેતાં બ્રહ્માંડના ભાગ્યવિધાતાએ પોતાનું ભાગ્ય અજમાવવા દાણા નાખ્યા. "પોબાર...પોબાર...મ્હારી જીત ને તમારી હાર. હા...હા...હા..."

" હોય ! એમાં નવું શું છે ? " રૂક્ષ્મણી હારી જવાથી કંઇક ફિક્કા વદને પણ નમ્ર સાદે બોલ્યા:

"પરંપરાથી પુરૂષનો જગત્ વિષે જયકાર,
નર-કંટકને આશ્રયે...ખીલે પદ્મની બ્હાર."

"ભલે, એમ હોય તો તમારી કબુલાત મુજબ અમારી જીતનું ઇનામ લાવો."

"માગી લ્યો."

"પેલું ત્હારૂં એક વાત કહું...વાળું ગીત."

"બસ...માગી માગીને એ જ માગ્યું ?"

"બસ, એ જ...એટલી જ ઇચ્છા છે."

"ભલે."

પટરાણી રૂક્ષ્મણીએ હસતાં હસતાં પાસે ઉભેલી દાસી પાસે વીણા મંગાવી, તેની ઉપર પોતાની કોમળ કરાંગુલીઓ ફેરવવા માંડી. સુર મળતાં જ એના કોકિલ કંઠમાંથી એક મધુર સંગીત બ્હાર પડયું.

—: ગાયન :—

એક વાત કહું અલબેલી રે...અલી! સાંભળ ઓ સાહેલી,
મ્હેં તો મહીઅર-માયા મ્હેલી રે...મ્હારે નાથે જ્યાં કીધી ઘેલી...એક

કોઇ રૂપની પાછળ રોઇ...કોઇએ કેવળ લક્ષ્મી જોઈ,
કોઇએ વિદ્યાને પીધી ધોઇ...હું તો એના ગુણ પર મોહી.
રે...સદ્‌ગુણને વરેલી...એક

ખોયું બાળાપણ મ્હેં ખેલી...પળી રમત લીધી સંકેલી,
આવી લજ્જા યુવાની ઘેલી રે...મ્હને માબાપે ભણવા મે'લી.
રે...શાળા રૂપી સાસરીએ ઠેલી...એક

પછી નારી બની હું નવેલી...ગુરૂ મ્હારા ને હું એની ચેલી,
નિત્ય પૂજા કરૂં એની પ્હેલી રે...છાને લોક કહે વરઘેલી.
મ્હારે એ છે તો આનંદ-હેલી રે...એક

"બસ હવે થયું ?" રૂક્ષ્મણીએ વીણા હેઠે મૂકી મલકાતે મુખડે પ્રશ્ન કર્યો.

"બસ. હવે ચાલો બીજી વાર."

રૂક્ષ્મણીએ પણ જીતવાની આશામાં ફરી પાસા ઉપાડયા, અને દાવ નાખ્યો. આ વેળા એમના પોબાર પડયા, એટલે એ તો સ્ત્રીઓના સ્વાભાવિક સ્વભાવ અનુસાર. હર્ષથી છલકાતી છાતીએ હોંસભેર બોલી પડયા: "જુઓ...જુઓ...આ વખતે તો મ્હારા પોબાર......"

"પણ જરા થોભો તો ખરા, હજુ આ સેવકનો દાવ છે ને...?" બોલતાં અચાનક ચાલાક કૃષ્ણચંદ્રે પાસા ગોઠવીને દાવ નાખ્યો. "લ્યો જુઓ ..મ્હારા પણ પોબાર...હવે કોઇની નહિ જીત ને કોઇની નહિ હાર."

"જાવ...જાવ...વળી તમે તો દાણા ગોઠવીને નાખ્યા. રૂક્ષ્મણીજી રીસાયલાં નયને બોલ્યાં:

"ખોટી વાત...કોણે કહ્યું ?"

"અરે મ્હેં મ્હારી જાતે જોયું ને વળી !"

"તમે હારી ગયા એટલે કે ?"

"હારી શાની ગઇ ? ખરા હો તો નાખો જોઉં, ત્યારે ફરી વાર ?"

"પણ...એમ કાંઇ વારે વારે તે પડે કે?"

"બસ...ત્યારે મ્હારી જ જીત."

"ચાલો, તમારૂં રહ્યું ને મ્હારૂં રહ્યું, બંનેમાંથી કોઇની જીત નહિ, ને કોઇની હાર નહિ. આવો ત્રીજી વખત તકદીર અજમાવીએ."

"જાવ...જાવ...નથી રમવું મ્હારે તો હવે...તમારા જેવા લુચ્ચા...ને જુઠ્ઠા સાથે..." કહી રીસમાં ને રીસમાં પટ્ટરાણી ચોપાટ ઉડાડી નાખી ઉભા થઇ ગયા.

"દેવી! તમને ખોટું લાગ્યું હોય, અન્યાય થયો હોય, તો ચાલો આપણે હાર–જીતનો ન્યાય કરાવવા શંકર પાસે જઇએ."

"એ તો તમારાંજ મિત્ર એટલે તમારી તરફનું જ તાણે..."

"ત્યારે ચાલો, મૃત્યુપુરીમાં મ્હારો એક પરમ ભક્ત નામે તુકારામ છે તે કોઇનું રાખે એમ નથી, તેની પાસે જઇએ. આપણું કાર્ય પણ થશે, તેમ સાથે સાથે તેની કસોટી પણ લેવાશે. એક પંથે બે કાજ."

"ભલે...ચાલો."

શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણી આવી રીતે સંત તુકારામની પરીક્ષા કરવા મૃત્યુપુરી વિષે જવા તૈયાર થયા. કલહ કંકાશનું મૂળ એ સોકટાં બાજી! એનાથી જ્યારે નળ અને ધર્મરાજા જેવા મહાપુરૂષો પણ નથી બચ્યાં, તો પછી તુચ્છ મનુષ્ય તો શી ગણત્રીમાં? અને એટલાજ માટે મહાપુરૂષો પોતાના જીવન–ઇતિહાસમાં સોનેરી અક્ષરે આલેખી ગયા છે, કે:—

પાસા એટલે પડતી! પોબાર એટલે એના પગથીઆં

પુષ્પઃ-૬ ઠું.

“ પાગલ પતિવ્રતા. ”

“ **અ**રેરે ! ચાલી ચાલીને પગ આળાં થઇ ફોલ્લા પડવા આવ્યાં. હવે તો હું થાકી. હજુ તો આજ પાશેરામાં પ્હેલી પુણી. રોજ ઉઠીને આટલે દૂર ખરે બપોરે આ ખાડાટેકરાવાળે વિકટ રસ્તે કેમ અવાશે ? એમનેય કોણ જાણે આ શું ઘેલું લાગ્યું હશે ? પણ... હા...આવી લાગ્યો તો ખરો. આ સ્હામે દેખાય છે, એજ **ભી**મનાથ ડુંગર. ”

પાગલ પતિવ્રતા જીજી **ભી**મનાથ ડુંગર તરફ પ્રભુભક્તિ કરતા પોતાના પતિદેવને માટે ખરા બપોરના પ્રખર તાપમાં ભોજન થાળ લઇ અંતરના ઉદ્દગારો ઠાલવતી ચાલી આવતી હતી. ત્યાં તો ડુંગરાને છેક નજદીક આવી રહેલો જોતાં જ એ પતિ પ્રેમી પ્રમદા હર્ષભેર દોડી. પરન્તુ એના કમનસીબે ઉતાવળમાં દોડતાં એના પગમાં જમીન ઉપર ઉભો પડેલો એક બાવળનો અણીદાર કાંટો એવો તો જોરથી ભોંકાઇ ગયો, કે “ ઓ બાપ રે......ઓ મા રે......” એવી કારમી ચીસ નાખી એ નીચે ઢળી પડી. એના

હાથ માંહેનો ભોજનથાળ હાથમાંથી છટકી હેઠે પડી ધૂળભેગો થઇ ગયો, અને આ અણુધારી અસહ્ય વેદનાથી એની આંખોમાં આંસુડાં ઉભરાયાં.

પાલવડે આંસુ લો'તાં એણે હળવે રહીને એ પીડા કરતો અણીદાર કાંટો પગમાંથી ખેંચી કાઢ્યો. "હા...સ...ઓ મા... કાંટો તો નીકળ્યો, પણ હજુ એની પીડા-બળતરા ઓછી નથી થઇ. ઓહ્...અરેરે...હાય...હાય...અગન...અગન બળે છે." લુગડાનો છેડો ફાડી પાટો બાંધતાં એ બડબડવા મંડી: "બળ્યું મ્હારૂં જીવતર! ધૂળ પડી મ્હારા અવતારમાં..." ઓછું આવવાથી ડૂસકાં ભરતી આંખે એ લંગડાતે પગે માંડમાંડ ઉભી થઇ. ખાલી ભોજનથાળ અને નહિ જેવા બચેલાં દુધનો લોટો લઇ એ બડબડતે મોઢે ફરી ભીમનાથ ડુંગર ચઢવા લાગી.

ત્યાં તો કસોટી કાજે નીકળેલાં શ્રીકૃષ્ણ ભગવાને એને દૂરથી જોઇ. ભકતની અર્ધાંગનાનું પાણી આંકવાનું મન થઇ આવતાં ભગવાન પોતે એક સંન્યાસીના વેશમાં એની પાસે આવી ઉભા. આંસુભરી જીજી વિઠોબા ઉપર પોતાના અંતરના ઉભરા ઠાલવતી ચાલી જતી હતી, તેને સંબોધી એ વેશધારી સંન્યાસી બોલ્યા: "માઇ! રડો છો શા માટે?"

જીજીએ એની સ્હામે જોયું. દંડધારી સંન્યાસીને જોતાં જ એની આંખો ચાર થઇ. એ તોછડાઇથી બોલી: "જા ને મૂવા લંગોટીઆ! ત્હારે શી પંચાત? તું ત્હારે રસ્તે પડને..."

"પણ આટલો ક્રોધ કાં કરો છો? માઇ! હું તમને કહું.

તમે તો ગાંડા છો. આવાં દુઃખો વેઠીને અહીંઆ સુધી આવવું, એ મૂર્ખાઇ છે. શું અબળાનો અવતાર આવ્યો, એથી કાંઇ આવી લાચારી અને ગુન્હેગારી થોડી છે? હાથે કરીને આવી પીડા વ્હોરનાર તમારા જેવી પતિવ્રતા તો જવલ્લે જ જડે. તેમાંય વળી જેને માટે તમે આટઆટલી મ્હેનત ઉઠાવો છો, તેને તમારે માટે જરા જેટલુંય લાગતું હોય, તો તો જાણે ઠીક, પણ આ તો..."

"શું? પતિભક્તિને તું પીડા કહે છે? મોઢું સંભાળીને બોલજે. તું ભીખ માગીને ખાનારો મુઓ ભિખારડો! વન-વગડામાં પડી રહેનારો જોગટા! સંસાર અને સ્વામીભક્તિમાં શું સમજે?

પતિદેવ પરમેશ બરાબર-પતિ સતીના પ્રાણ,
એના ચરણકમળ...પૂજનમાં...નારીને નિર્વાણ.

પતિવ્રતાના પવિત્ર નામો કોણે નથી પૂજ્યાં? ક્યાં અને ક્યારે નથી પૂજાયાં?

છે વિશ્વમાં વિખ્યાત જેના નામ દેવી ભગવતી,
સાવિત્રી દમયંતી સુકન્યા દ્રૌપદી સીતા સતી.
તારા અહલ્યા અનુસૂયા સુલોચના સમ શ્રીમતી,
સ્વર્ગે સિધાવી સાધવી એ નર્મદા સેવી પતિ.

પતિભક્તિ એ જ પ્રમદાનું પ્રથમ અને પરમ સૂત્ર! એનાથી અટકાવનાર, ઉંધે રસ્તે દોરનાર આ દંડધારી સાધુ મહારાજ!

ઇતિહાસ ખોલીને જુઓ...પ્રિય પ્રાણ ગઇ છે પાથરી,
સ્વામી પૂંઠે લાખો સ્ત્રીઓ પી ઝેર સ્વર્ગે સંચરી.

કંઇ કેટલી વીરાંગના જીવંતી ચિતા ખડકી મરી,
સાચી સતીની નામના ઇતિહાસમાં અવિચળ કરી.
હસતે મુખે નિજ કાયની કુરબાની ચરણોમાં ધરી,
સ્વામી પછાડી સુન્દરી પ્રિયતમ પૂંઠે પ્રાણેશ્વરી.

માટે કૃપા કરી આપ આવો અવળો ઉપદેશ કોઇનેય કૃપા કરી ન આપશો."

"તું તો પાગલ પતિવ્રતા છે, જો ત્હારા પતિ તો..."

"જા રે મુઆ જોગટા! જતો હોય તો! મ્હારા પતિની અને પતિવ્રત ધર્મની નિન્દા કરે છે?"

એટલું કહેતાં જ ઉશ્કેરાયલી પતિવ્રતાએ હાથ માંહેનો દુધનો લોટો એ દંડધારીને છૂટ્ટો માર્યો. પરમાત્મા પોતે પણ એના આ પાતિવ્રત્ય-સાહસથી પ્રસન્ન થઇ "શાબાશ! ધન્ય છે સતી!" એવા સ્વગત ઉદ્‌ગાર કાઢતાં એક અટ્ટહાસ્યની સાથે જ ત્યાંથી અદ્રશ્ય થઇ ગયા. જ્યારે જીજી આ અદ્‌ભુત ચમત્કારથી અચંબો પામતી આગળ વધી પોતાના પ્રભુભક્તિમાં મસ્ત થઇ મ્હાલતા પતિદેવ સમક્ષ વ્હીલે મોઢે, ખાલી થાળે અને ભરાયેલે હૃદયે આવી ઉભી રહી.

"લ્યો, હવે એ માળાને બે ઘડી વિશ્રાન્તિ આપો. બળી તમને ભૂખ-તરસે નથી લાગતી?" કહી પતિવ્રતાએ પાછળથી આવી એ પ્રભુભજનમાં તદાકાર એવા પતિને સ્કંધે હાથ મૂકયો.

એની આંખમાંથી દડ દડ આંસુના ટીપાં ટપકવાં લાગ્યાં. એના શબ્દો તો એ મસ્ત ભક્તના કાન સાથે ન અથડાયા, પરન્તુ એના કરસ્પર્શે અને પીઠ ઉપર પડતાં ઉહ્નાં અશ્રુબિન્દુઓએ

એના રંગમાં ભંગ પાડયો. એણે ઉંચે જોયું. પ્રેમાળ પતિવ્રતાને પડખે ઉભી રહેલી જોઇ. હાથ પકડી હેતથી પાસે બેસાડી એને પૂછવા અને સમજાવવા લાગ્યાઃ

" આખરે તું આવી પહોંચી ખરી ! હું ન્હોતો ધારતો... કે તું...આટલા વિકટ રસ્તે...અહીં સુધી આવશે ? પરન્તુ આજ મ્હને કહી લેવા દે, કે ત્હારા જેવી પતિવ્રતા જીવનસંગીનીની સહાય મેળવવા માટે હું મ્હારા અહોભાગ્ય સમજુ છું...પણ ત્હારી આંખમાંથી આમ આંસુનાં ટીપાં કાં સરે છે વારૂ ? ત્હારા અંતરની અટપચી ગૂંચ મ્હને કહે, હું ઉકેલી આપું. પતિ ને પત્ની અને પત્ની ને પતિ સિવાય પોતાના અંતરની છાની વાતો ઠાલવવાને બીજું નિકટનું વિશ્વાસુ અને પહેલું પ્રિયપાત્ર સ્થાન કયું છે ? કોઇ જ નહિ.

પ્રિયતમને પ્રાણેશ્વરી છે ઠરવાનું ઠામ,
વનિતાને આ વિશ્વમાં વ્હાલમ્ છે વિશ્રામ.
મ્હારા મ્હારા ચઢતીમાં કહેવા મળે અનેક,
પણ ચઢતી ને પડતીમાં સ્થાયી સ્નેહી એક.

માટે દેવી ! જે કંઇ હૈયે હોય એ હોઠે આણો."

" પણ આપને હજુ સુધી ભૂખ તરસ નથી લાગી ? તે તો કહો ? "

" ભૂખ અને તરસ ! અને તેનું ભાન પ્રભુના સાચા ભકતોને રહે ? તો તો પછી એ માયાવી સંસારીઓ અને ત્યાગી વૈરાગી બ્રહ્મજ્ઞાનીઓમાં ફેરજ શો રહ્યો ? દેવી !

ભુખ મ્હને ભગવાનના નામ તણી લાગે,
મન લાયક ભોજન મળે તોજ ક્ષુધા ભાગે.

તેમ છતાં મ્હારા આહાર-પાણીની ચિન્તા જ્યાં મ્હારી અર્ધાંગનાએ ખુશીથી સ્વીકારી છે, ત્યાં પછી..."

"અને મ્હારાથી મ્હારૂં એ વચન આજ નથી પાળી શકાયું, એટલા માટે આપની ક્ષમા માગું છું. નાથ! અહીં આવતાં રસ્તે મ્હારા પગમાં કાંટો વાગ્યો. આ જુઓ એનો જખ્મ! મ્હારા હાથ માંહેની ભોજનથાળ હેઠે પડી ગઇ. ફકત લોટામાં થોડું દુધ બચ્યું હતું, તે લઇને હું ભગ્ન હૃદયે આપની પાસે આવતી હતી, ત્યાં તો કોઇ જંગલના જોગટાએ આવી મ્હારી મશ્કરી કરવા માંડી, અને મ્હને કહ્યું: કે "તું તો **પાગલ પતિવ્રતા** છે. ત્હારી જેને જરા જેટલીય દરકાર નથી, તેને માટે તું પ્રાણ શીદ પાથરે છે?" હું એના આવા ઉપદેશથી એવી તો ખીજવાઇ, કે મુઆ એ લંગોટીઆની ફાવે એમ બકતી જીભલડીને બંધ કરવા ભુલમાં ને ઉતાવળમાં છૂટ્ટો દુધનો લોટો જ મારી બેઠી. અરેરે! પણ હું તમને શું કહું? આ અભાગણીના કમનસીબે એ મુઓ પાખંડી ધુતારો તો કોઇ જાદુઇ વિદ્યાનો ચમત્કાર કરી એકાએક ત્યાંથી અલોપ થઇ ગયો. મ્હારી આંખ તો એ તેજના ચમકારામાં એવી અંજાઇ ગઇ, હું તો બા એવી બ્હીધી કે ન પૂછો વાત! નક્કી કોઇ ભુત-પ્રેત હશે! મ્હને તો હજુય એ વાત યાદ આવતાં ભયના ભણકારા વાગે છે, ધ્રુજનરી ને કંપારી છૂટે છે. પ્રભુ! જરૂર અહીં ભુતડાઓનો વાસ હોવો જોઇએ. મ્હારૂં માનો તો તમે વિના વિલંબે આવી ભયંકર જગ્યા બદલી નાખો. જુઓ આ રહી ખાલી

ભોજનથાળ અને લોટો ! હું કાંઇ જુઠું નથી બોલતી..." શ્રીમંત-જીજીએ મૃદુ સ્ત્રી-સ્વભાવને અનુસરીને ભયના ચિહ્નની આગાહી આપતાં કંઇક મરચુંમીઠું વધારીને બનેલી બીના કહી સંભળાવી.

"રાખ...મ્હારે ત્હારા એ ભોજનથાળ ને પયપાત્ર નથી જોવાં, પરન્તુ તું જેને એ ભૂત અગર તો બાબરો સાધુ કહે છે, તેનું કંઇક વર્ણન કરી બતાવીશ ?"

"અરે એનું નામ જ જવા દોને ! એની આંખમાંથી તો જાણે તેજના કિરણો–અગ્નિના અંગારાં વરસતાં હતાં. કપાળે તિલક, હાથમાં દંડ ને કાયે કૌપીન છતાં એની કાન્તિ અને એના મ્હેન-ચાળા જોતાં એ વૈરાગી નહિ પણ કોઇ વેશધારી વિલાસી ધૂતણું જણાતું હતું. નામનો યોગી હતો, નાથ! ને વળી પાછો ડાહ્યો થઇને મ્હારા પતિવ્રતની કેમ જાણે પરીક્ષા કરવા આવ્યો હતો! વળી એના માથા આગળ એક એવું તો ચકચકીત ચક્ર ફરતું હતું, કે હું તો એને મારવા ગઇ, પણ મ્હારી આંખોજ અંજાઇને મીંચાઇ ગઇ. કદાચ કોઇ મુઓ મેલી વિદ્યાનો જાણનાર પણ હોય !"

"અહા ! ત્યારે તો એજ ! એજ ! દેવી ! તું ચૂકી, ભુલી, અરે સજ્જડ ભુલી

હીરો આવ્યો હતો હાથમાં...વગર વિચારે ખોયો,
કાચ હતો કે કોહીનુર તે...નહિ તપાસી જોયો.

અફસોસ......અફસોસ......અફસોસ..."

"એટલે એ કોણ હતો ?"

"બીજું કોણ હોય ? દેવી ! ત્હારો સ્વામી આજ કેટલાંય દિવસથી દિનરાત ઉજાગરા કરી જેને જોવા–મળવા મથે છે, છતાં નથી જોઇ શકતો, તેના દર્શનનો અને મિલનનો અણમૂલો

મ્હાત્ર–લાભ નથી મેળવી શકતો, તે ત્હને અનાયાસે આવી મળ્યો, ત્યારે ત્હેં આડું જોયું, આંખો મીંચી દીધી. અધર કને અમૃતનું પ્યાલું ધર્યું, તો ત્હેં હોઠ બીડી દીધા. મંગલ–તિલક કરવા કુમકુમ્ ભરી અંગુલિ વિધાત્રીએ ત્હારા ભાલ પ્રતિ લંબાવી, (લક્ષ્મી ચાંલ્લો કરવા આવી.) ત્યારે ત્હેં મૂર્ખીએ મોઢું ફેરવી લીધું. અફસોસ! **બગનું ધ્યાન કેવળ માછલીઓ ઉપર જ હોય છે, એને સમુદ્ર–શીપ માંહેલા ઉજ્વળ અણુમોલાં મોતીઓ નથી દેખાતાં.**

કસોટી કાજ આવેલાં અહાહા નન્દના નંદન,
અભાગી ઓળખ્યા ના ત્હેં કર્યાં ના એમને વંદન.
ઉઘાડી આંખ જો જોતે...તો ભવબંધન બધા ખોતે,
હતું નહિ કોઇ એ બીજું...હતાં પરમેશ એ પોતે."

" ઓય મા! પાછો આ શો લવારો? અરેરે! ભગવાનીયા! તું ય મ્હારા ભોળા ભરથારની પૂંઠે ખાઇ–પીને શીદને પડયો હશે? મ્હને દેખીને અને આવા લંગોટીઆઓની વાતો સાંભળીને એમને આ ભૂત કયાંથી ભરાતું હશે?"

" આહા! એવાં અહોભાગ્ય આ પામર તુકાના કયાંથી હોય, કે એની પૂંઠે પ્રભુ ખાઇ–પીને પડે! માધવ જેની સાથે મિત્રતા બાંધે, તેના સદ્‌ભાગ્યની સીમાજ કયાં રહી?

બાંધો બધા ત્યાં મિત્રતા દુનિયાની છોડી દોસ્તી,
પોઢો પછી આ લોકમાં આરામથી સંતોષથી.
રે! શબ્દ સરખો કોઇની તાકાત તમને કે' નહિ,
કોઇ તમારૂં નામ સરખું પણ પછીથી લે નહિ.

આંખો મીંચી આપો તમારો હાથ એના હાથમાં,
આલમ બધી આવી જશે એક જ તમારી બાથમાં.
કાયરનું ત્યાં નહિ કામ...લે એ શૂરને સંગાથમાં,
દાંડો તમારો ફેરવી દે ઇશ ! એક જ રાતમાં.

ચાલ, દેવી, ચાલ, મ્હને બતાવ તે જગ્યા."

"પણ હવે તમે ત્યાં જઇને શું કરશો ?"

"એના ચરણ-સ્પર્શે પવિત્ર થયેલી એ ધૂલિને પણ ચુમી હું આંખે અડાડીશ, મસ્તકે ચઢાવીશ."

"નાથ ! નાથ ! આ શી ઘેલછા ?"

"દેવી ! એ ત્હને ન ખબર પડે. **એ તો પ્રકાશની કિંમત પતંગીયાને ! મોતીના મૂલ્ય હંસલાને !"**

સંત તુકારામ આગળ થયો, જ્યારે અજ્ઞાની છતાં આજ્ઞાધિન પતિવ્રતા મુંગે મોઢે એની પાછળ પાછળ ચાલવા લાગી. એકના અંતરમાં હર્ષ સમાતો ન્હોતો, બીજીની આંખમાં આંસુ સમાતાં ન્હોતાં. છતાં પતિને પ્રિય એ પોતાને પ્રિય ! આર્ય મહિલાઓનો એ સ્તુત્ય આદર્શ ! અને એ એનામાં સર્વાંશે હતો. પતિ-પત્નીનું આ યુગલ પવિત્ર પ્રેમનું પૂજારી હતું. પરન્તુ એમાં...એક દિલ સંન્યાસપ્રેમી હતું, જ્યારે બીજું દીલ સંસારપ્રેમી હતું.

એક અંતર પ્રભુપ્રેમી હતું, બીજું પતિપ્રેમી હતું.

પુષ્પઃ– ૭ મું.

"અમીરી કે ગરીબી ?"

"જુઓ આ રહી એ જગ્યા. અહીં મ્હને એ સંન્યાસીનો ભેટો થયો હતો. અને આ રહી...ઢોળાયલા દુધની તથા વેરાયલા ભોજનની પણ નિશાની." પતિવ્રતા જીજીએ પતિદેવને પ્રભુદર્શનની જગ્યા બતાવી.

"ધન્ય છે પ્રભુ ! જય ! જય ! મ્હારા વિઠોબાનો. અને પ્રભુના પાદારવિંદ–સ્પર્શે પવિત્ર અને પાવન થયેલી એ ભૂમિમાતા ! ત્હારાંય અહોભાગ્ય ! દેવી ! આ પવિત્ર ધુલિને ચૂમ. એને આંખે અડાડ. શાપિત અહલ્યા એ વડેજ ઉદ્ધરી ગઇ હતી, એ યાદ તો છે ને ?" પ્રભુભક્તે એ સ્થાનને વંદન કરી એની ધુળને ચુમતાં પત્નીને સત્ય માર્ગ બતાવવા માંડયો.

"ભલે, જેવી આપની ઇચ્છા." કોઇ દૈવી પ્રેરણાએ એ સ્થાન ઉપર આવતાંજ જીજીની હૃદયભાવના પલટાવા લાગી.

અને પતિવ્રતાએ જ્યાં શુદ્ધ હૃદયથી આ પ્હેલવ્હેલી જ પતિની આજ્ઞાને ઉઠાવી એ પવિત્ર ધુળને આંખે અડાડી, ત્યાં જ એક દિવ્ય જ્યોત આકાશ માર્ગેથી નીચે ઉતરી. ચારે દિશામાં વિદ્યુત સમો તેજનો એક અપૂર્વ અને અદ્દભુત ચમકારો ચમકી ગયો.

અને એ તેજના અંબારની વચ્ચે ૐ મંત્રની એક રમણીય રૂપેરી રૂપરેખા ચીતરાઇ ગઇ. એ રૂપરેખાના ગોળાકારમાં ભક્ત–હૃદયે સાક્ષાત્ વિઠોબાની પ્રતિમાને અવલોકી, ઓળખી અને વંદન કર્યા.

"આહા ! જો...જો...દેવી ! આ રહ્યા મ્હારા પ્રભુ ! જય જય...મ્હારા વિઠોબાનો જય હો..."

પરન્તુ જીજીને કશુંય ન દેખાયું. એ તો અવાચક પારસ પૂતળી શી ઉભી ઉભી પતિની આ ઘેલછા આશ્ચર્યભર્યાં નયને નિહાળી જ રહી. "અરેરે ! આ શું ? તમે કોના પગમાં પડો છો ? હું તો કોઇનેય દેખતી નથી."

"આ સ્હામે ઉભા છે એ સરજનહારને. દેવી ! આજ મ્હારો જન્મ કૃતકૃત્ય થયો. પરન્તુ તું હજી આમ તટસ્થ કેમ ઉભી છે ? શું વિચાર કરે છે ? એમને પ્રણામ તો કર !"

"પરંતુ પ્રાણનાથ ! હું કોને પગે પડું ? કોને નમસ્કાર કરૂં ? હું તો તમારા સિવાય બીજા કોઇપણ પુરૂષને અહીં જોઇ શકતી નથી."

"આ શું ઉભા...આ રહ્યા..."

"ક્યાં છે ? મ્હને બતાવો...મ્હારો હાથ પકડી મ્હને બતાવો."

તુકારામે પ્રિયતમાનો હાથ પકડી એને દિવ્ય આકાર પ્રતિ ખેંચી. પરન્તુ એ એને અડે એ પ્હેલાં જ એ હવામાંથી ઉત્પન્ન થયેલો પ્રકાશનો પુંજ પાછો હવામાં મળી જવા માંડ્યો. ઉંચે આકાશ માર્ગે ન્હાની ન્હાની થઇ અદ્રશ્ય પામતી એ દિવ્ય છાયાને બતાવતાં એ બોલ્યાઃ "જો...જો...એ જાય...એ ઉંચે આભમાં છૂપાય..."

"જાવ, જાવ. એક તો તમે પોતે જ ગાંડા જેવી વાત કરો છો, અને સાથે મ્હને પણ ગાંડી બનાવો છો? ઉંચે તો આભલાં સિવાય બીજું કશુંય નથી. નાથ! આવી ગાંડી ઘેલછા છોડી દ્યો. કૃપા કરી ચાલો, પાછાં ઘેર પધારો. હું તમારા પગમાં માથુ મૂકી, પાલવ પાથરી તમને વિનવું છું, કે ઓ મ્હારા પ્રભુ! આ તમારી રંક દાસીની આ નજીવી અરજ ધ્યાનમાં લ્યો. મ્હારા પ્રભુ તમે પોત્તે છો, મ્હારી સ્હામે જ ઉભેલા છો, પછી મ્હારે તમારા એ આભમાં રહેતા પ્રભુને જોવાની અને ઓળખવાની શી જરૂર છે?" આટલું કહેતાં કહેતાં એનાથી રડી દેવાયું.

"અફસોસ! દેવી! તું મ્હને ફરીથી સંસારની માયામાં પાછો ન સરકાવી જા."

"ઘેર બેઠાં હરિગુણ ગાયા કરજો, પણ એક વાર આ તમારી ચરણકિંકરીની વિનંતીને માન આપવા ખાતર પણ ઘેર પધારો."

"તે દિવસે આટઆટલો ઉપદેશ આપ્યો હતો, ત્હેં નિશ્ચય કીધો હતો, અને ફરી પાછું એજ પત્થર ઉપર પાણી. સંસારમાં રહીને સંન્યસ્ત જીવન ગાળવું, એ તો વીરલ વિભૂતીનુંજ કામ! અસલના યોગી પુરૂષો યોગાભ્યાસ માટે અરણ્યવાસ સેવતા અને બ્રહ્મચર્ય પાળતા એ કાંઇ અક્કલ વગરના ન્હોતા."

"મ્હારા મસ્તક–મુકુટ! ઘરમાં અન્નનો દાણો સરખોય નથી. હું એકલી અબળા જાત તે શું કરૂં? ઘેર આવી એક વાર

અમારી દુર્દશા તો જુઓ. છતે શિરછત્રે મ્હારે સદાય ટાઢ–તડકો, ક્ષુધા-તૃષા અને દારિદ્રય–વિરહના દુઃખો વેઠવાં ? ”

" પ્રભુ ! સહુ સારૂં કરશે. ”

" આમ પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને તે ક્યાં સુધી બેસી રહેશો ? ”

" છેવટ સુધી. ”

" તમારા પ્રભુએ આજ સુધીમાં તમને કેટલુંક દઇ દીધું, તમારૂં કેટલુંક દળદાર ફિટાડયું, કે આમ અંધવિશ્વાસથી આપ એને વળગી રહ્યા છો ? ”

" ત્યારે આ બધું તું શું જુએ છે ? કોનું જુએ છે ? આ બધું એનુંજ આપેલું છેને ? આલમ આખી જ જ્યાં એની લીલા છે, ત્યાં પછી........"

" શું ધુળ આપેલું છે ? હું તો કશુંય નથી જોતી. ”

" કહે ત્યારે, રહેવાને આ ઝુંપડું આપેલું છે, તે કોનું ? તું કોની ? હું કોને ? અરે વિશ્વ આખું જ્યાં એનાથી ઉત્પન્ન થઇ એની દયાદ્રષ્ટિ–કૃપાદ્રષ્ટિ ઉપર જીવે છે, એની માલીકીનું છે, ત્યાં તું ત્હારૂં અને મ્હારૂં શું સમજે છે ? તેમ છતાંય દેવી ! બદલો –ફળ લેવાની દાનતથી હું એનો નામ લેતો જ નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ચોકખું કહ્યું છે, કેઃ **कर्मण्ये वा धिकारस्ते मा फलेषु कदाचन !** ! અર્થાત્ ફળની આશા રહિત કામ કરો.

અને એથી વિશેષ મ્હારે જોઇતુંય નથી, મ્હારામાં સાચવવાનું ગજુંય નથી. નથી આપ્યું એજ સારૂં છે. જો મ્હને મ્હેલ,

મિલ્કત અને બાદશાહી વૈભવ–વિલાસ બક્ષ્યો હોત, તો પછી મ્હારો જીવ આ માળાના મણુકા અને મંજીરામાં લાગત ખરો કે? અરે ત્હારો મ્હારામાં અને મ્હારો ત્હારામાંય આટલો અચળ પ્રેમ રહેત ખરો કે? એ તો "સુખમાં સાંભરે સોની અને દુઃખમાં સાંભરે રામ.

અમીરી આવતાં સર્વે પ્રભુનું નામ ભૂલે છે,
હુંપદને હીંચકે અંધા! પછી હંમેશ ઝૂલે છે.
દિવાના! બે ઘડીની સાહ્યબીમાં છેક ડૂલે છે,
હવાની ફૂંકના ફુક્કાની માફક મૂર્ખ ફૂલે છે.

પરન્તુ તેમને એ ખબર નથી રહેતી, કે બુડ...બુડ અવાજ આપતાં બુદ્‌બુદોના એ પરપોટાઓ પલકના છે, બહુ ફૂલેલા ફૂંકણાઓ વ્હેલા ફાટવાના છે. જ્યારે.........

ગરીબીમાં જુઓ ગોવિંદના ગુણગાન સૌ ગાતાં,
ગરીબોને ગૃહે નિત્યે પ્રભુના પૂજનો થાતાં.
અમીરીમાં ઉપાધિ છે ગરીબી કંઇક સંતોષી,
યુવા યુવતી અમીરી તો ગરીબી વૃદ્ધ છે ડોશી.

માટે દેવી! જો...

આલોકનું સુખ લૂટવું હો તો અમીરી જોઇએ,
પરલોકનું સુખ લૂંટવાને ગરીબી પર મોહીએ.
આ લોક તેનું સુખ બંને ચાર દિનની ચાંદની,
જ્યારે સનાતન ને અમર છે મોજ ભક્તિ નાદની.

એવા સનાતન અમરધામના સુખ લૂટવા મૂકી આવા

ક્ષણભંગુર સંસાર—સુખમાં કયો અભાગી આત્મા લપટાય? જેને તું ગરીબી માને છે, એમાંજ...

વિદ્યા કળા કૌશલ્યના જ્યાં પૂરતાં જળપાન છે,
ગોતો ગરીબીમાં ગીતા ને ભાગવતના જ્ઞાન છે.
માયા દયા ને પ્રેમના મોંઘા-મફત જ્યાં દાન છે,
જ્ઞાની ગરીબી એજ જ્યારે અમીરી અજ્ઞાન છે.

મ્હોટે ભાગે શ્રીમંતો કરતાં ગરીબોના બાળકોજ વધુ જ્ઞાની હોય છે. અમીરી આંધળી છે, જ્યારે ગરીબી દેખતી છે. અમીરી યુવાન છે, જ્યારે ગરીબી ઘરડી છે. પરન્તુ ગરીબીના ઘરડા અનુભવ આંધળી અમીરીના યુવાન અનુભવ આગળ ઉમદા સોબીત થઇ ચૂકયાં છે. માટે જ હુંય ફરીફરીને એ પસંદ કરી પ્રભુ પાસે માગું છું, કે હે પ્રભો!

અમીરીની ઉપાધિમાં અભાગીને નહિ નાખો,
ભલી મ્હારી ગરીબી છે ગરીબીમાં સદા રાખો.
અમીરોને અમીરી એમની ઇશ્વર! મુબારક હો!
અમારી આ ગરીબી તે સદા અમને મુબારક હો!

દેવી! તું હવે ઘેર જા, સાંજ પડવા આવી છે. હું શહેરમાંથી ભિક્ષા માગી આવી પહોંચુ છું."

"હેં! ત્યારે શું આપ ઘેર પધારશો?" જીજીએ હર્ષથી છલકાતે હૈયે અને નાચતે નયને પ્રશ્ન કર્યો.

"હા...મ્હારી ગાંડી છતાંય ગુણીયલ ગૃહદેવી! ત્હારે ખાતર આવીશ. જા...પણ જોજે, ત્યાં આવ્યા પછી પાછી મ્હને મ્હારા માર્ગમાં અંતરાય રૂપ ન થઇશ."

"ના...ના તમને ગમશે, એમ કરીશ, પછી કંઇ છે ?"

"ભલે, ત્યારે જા, તું ધીરે ધીરે ચાલતી થા, હું એકાદ બે ભક્તજનને ત્યાંથી કંઇક ખાવા પિવાની સામગ્રી મેળવી આવી પહોંચું છું."

"જોજો... જલ્દી આવજો."

પતિવ્રતાની આંતરડીને પતિના છેલ્લા "ઘેર આવું છું." એ શબ્દોએ બહુજ ટાઢક વાળી. તેણે ઘર તરફ ચાલવા માંડયું. જ્યારે સંત તુકારામે પણ એકજ દિવસના આ ગૃહત્યાગે પરમાત્માના દર્શન કરી પાછો પોતાનો સ્નેહ સંસાર-સિન્ધુમાં જોડયો. સંસાર-સિન્ધુનું એક મોજું એને રાગના બાગમાંથી ત્યાગના કિનારા ઉપર ઘસડી લાવ્યું, બીજુ મોજું એને ફકત ચોવીસ જ કલાકમાં ફરી પાછું એની મૂળ જગ્યાએ નાખી આવ્યું. ત્યાગ અને રાગના મોજાંઓથી આગળ ઠેલાતી અને પાછી ખેંચાતી જીવનનૌકાને સંસાર-સિન્ધુમાં, જગત્-સિન્ધુમાં હાંકી રહેલા તુકારામ ગરીબીના ગુણાનુગાન કરતાં કરતાં ખેંચાઇ જાય ત્યાં આંખો મીંચીને ખેંચાઇ જવા માંડયાં.

—: ભજન :—

ગરી બીમાં બનો ગાંડા......ગરીબીમાં બનો ઘેલા.
ગરીબીને ગુરૂ કરજો......ગરીબીના થજો ચેલા.
અમીરી ત્યાગજો વ્હેલાં......ગરીબી માગજો ર્‌હેલાં.
અમીરી જ્ઞાન અધરાં છે......ગરીબી જ્ઞાન છે સ્હેલાં.

—: સાખી :—

અમીરો તમારી અમીરી તમને મુબારક હો !
તેમજ અમારી ગરીબી અમને મુબારક હો !

અંધી અમીરી છે હળાહળ ઝેરની પ્યાલી,
જ્યારે ગરીબી જાણુ પ્રેમામૃતની પ્યાલી.
અધરા અમીરી પંથ એમાં લાખ મુશ્કેલી,
કેવી ગરીબીની દિશા સાદી સીધી સ્હેલી.

ગરીબી મ્હોટી ને શાની...અમીરી બ્હેન છે ન્હાની,
અમર પ્હેલી બીજી ફાની...પકડજો પ્હેલીને વ્હેલાં ...ગરીબી

અમીરી એ હુંપદનું ઘર...ગરીબી નમ્રતાનું દર,
અમીરીમાં પછી ઇશ્વર...ગરીબીમાં પ્રભુ પ્હેલાં ...ગરીબી.

ભજનની ધૂનમાં ભિક્ષા માંગવાનું ભૂલી જઇ એ મસ્ત ભકતરાજ આગળને આગળ ચાલ્યા જતા હતા. ઘડી પહેલાં પ્રિયતમાના આગમને જે સંતપુરૂષનું દીલ પ્રભુભકિતમાંથી પાછું પડી સંસારમાં સર્યું હતું, તેજ દયાળુ દીલ તેના પ્રયાણુ પછી પાછું તેના મૂળ સ્થાને આવી રહ્યું હતું.

સોનેરી રંગે ગગન મંડળમાં ભાતભાતના સાથીઆ પૂરતાં સુર્ય ભગવાન આખા દિવસના અવિશ્રાન્ત પરિશ્રમથી થાકીને સ્વગૃહે પાછા ફરવાની તૈયારીમાં હતા. આંગણામાં જ રૂપેરી તારલીઆના પુષ્પનો સ્નેહભીનો હાર લઇ ભગીની સંધ્યા દેવી એમના ઓવારણા લેવાં ઉત્કંઠાભર્યાં આતૂર નયને ઉભા હતાં.

રજનીકાન્ત ચંદ્ર બીજી બાજુએથી મ્હોટાભાઇ ઘેર પાછા ફરતા હોવાથી, તેમનું સ્થાન સંભાળવાને માટે તૈયાર થઇ ઉભા હતા. અને આ બે ભાઇએ—એક ઘેર પાછા ફરતા અને બીજો તેની જગ્યા સંભાળવા જતા. એકએકને સહેજ મળે—ભેટે ને ખોટી થાય એટલી વાર વિધવા ભગીની સંધ્યા પોતાના વિમલ વૈધવ્યનું ઝાંખું

ઝાંખું આછું આછું તેજ વીરાઓની વિરાટ વિશ્વપ્રજાને અર્પીને અભિમાનથી હરખાતી હતી.


અને એના એ ઝાંખા શા રાજ્યતંત્રમાં જ એ ગરીબીના ચાહક સંત તુકારામ આનન્દના પૂર ઉછાળતા ચાલ્યા જતા હતા. એમને રાત-દિવસ કે સમયનો ખ્યાલજ ન્હોતો. વિચાર ફકત એમને એક વિઠોબાનો હતો! જેની પાસે એ જન્મોજન્મ "સંતોષથી જીવન ગૂજારૂં એ ગરીબી આપજે." એવી ગરીબી માગી રહ્યા હતા.

બોલો, તમે શું પસંદ કરો છો? અમીરી કે ગરીબી?



પુષ્પઃ– ૮ મું.

“ સોનાનો સુરજ. ”



“ અરેરે ! હજુ સુધી ન આવ્યા ? આ ભોજન પણ ઠંડુગાર થઈ ગયું. ભિક્ષાને બ્હાને ગયા તે...જ ગયા. એ જ્યાં જાય, જ્યારે જાય, ત્યારે આમ જ...”

“ માઈ ! કુછ ભિક્ષા દે.” મંબાજી નામના એક ધૂર્ત ને લંપટ ગોંસાઈબાવાએ આવી અહાલેક પૂકાર્યો.

“ લ્યો, આ મફતનું માગવા નિકળી પડયા. મુઆઓ ! હરામનું માગી ખાવ છો, તે મહેનત કરતાં શી ટાઢ વાય છે ? પણ હાડકા કોના લાવે ? બાકી શરીર તો ખાસ્સું મ્હારાથીય બમણું ધાલ્યું છે !”

“ હાં...હાં...હાં...દેવી ! આ શું ? પ્રભુ ! આવો, આવો, પધારો, બિરાજો. એની નાદાનીયત અને એના અસભ્ય વર્તન તરફ ન જોશો. એની વતીની હું આપની માફી માગું છું. કહો, આ સેવક આપની શી આજ્ઞા ઉઠાવે ?” બરાબર અણીને અવસરે આવી પહોંચેલા સંત તુકારામે પત્નીને સાણુની પૂજા (પુષ્પાંજલિ) કરતાં વારી આંગણે આવેલા અણુતેડયા અભ્યાગતનું આતિથ્ય કરવા માંડયું.

"બચ્ચા! તુમ બડે ભાવિક લગને હો! દેખો....હમ સેતબંધુ રામેસરસે દ્વારિકા, કાશી, બદરીનારાયણ, સબ તીર્થ-સ્થાનોમેં ઘૂમતે ઘૂમતે ઇધર ચલે આયે હૈ, મગર આજ દો દો દિન હુવે બિમારીકી સબબસે હમને અભી-તક કુછ ભી ભોજન નહિ કીયા હૈ. જો તેરી શ્રદ્ધા હો તો કુછ દાલ-રોટી ખીલા દે."

"જરૂર, દેવી! એમને મ્હારી ભોજન થાળી આણી આપો."

"બહુ સારૂ."

કચવાતે મને મોઢું મચકોડીને ઇચ્છા વગરનો જવાબ વાળતી એ મનમાં બડબડતી બડબડતી ઘરમાં ગઇ. પતિના ભાગની થાળી પીરસી તે એણે ભરાયલે દીલે અને ઉતરેલે મોઢે લાવી એ અણનોતર્યા પાખંડી મહેમાનની પાસે લાવી ઠોકી. તુકારામની ખ્યાતિથી મનમાં ને મનમાં ખૂબ બળતો ભિક્ષુક વેશે આવેલો મંબાજી ગોંસાઇ આજ એની આબરૂ લેવા આવ્યો હતો. એ નહિ જેવું ભોજન એણે આંખના પલકારામાં સાફ કરી દીધું.

"કેમ મહારાજ! હવે તો સંતોષ થયોને? હાથ-મ્હોં ધોવા પાણી લાવું કે?"

"બેટા! મૈં ક્યા કહું...મેરેસે કુછભી નહિ કહા જો શકતા."

"એવું શું છે? મહારાજ!"

"મૈં અબ ભી ક્ષુધાતુર હું. યદિ તુમ્હારે યહાં કોઇ મેરે લીયે ખાનેકી દૂસરી ચીજ હો, તો કૃપા કર મુઝે લા દીજીએ. મૈં દો દો દિનસે બહુત ભૂખા હું. અન્નદાન જયસા ઉત્કૃષ્ટ પૂણ્યકાર્ય

દૂસરા ઔર કુછ નહિ હો શકતા. ઇસી લીએ મૈં તેરી પાસ ફિર ઇસ બાતકી અર્જ કરતા હૂં."

"દેવી! જુઓ તો! ઘરમાં બીજું અન્ન બાકી રહ્યું હોય, તો આ ક્ષુધાતુર અભ્યાગતને આણી આપો." સહૃદય સંતે સ્વાર્થને વેગળો મૂકી પરમાર્થ પ્રતિ ધ્યાન આપ્યું.

"પણ...પછી તમે શું ખાશો? મ્હારો એક ભાગ તો મ્હેં આપી દીધો, હવે કેવળ તમારા જેટલો એક ભાગ રાખ્યો છે. નાથ! આપ પણ હજુ ગઇકાલના ઉપવાસી છો. વળી ભિક્ષા માગવા ગયા હતા, તે પણ એમને એમ હાથ હલાવતા જ પાછા ફર્યા છો. જ્યાં આપણે જ પારકાની દયાભિક્ષા ઉપર દિવસ ગૂજારતા હોઇએ, ત્યાં પરાયા પેટની પંચાત કરવી તે કયાંથી જ પરવડે? માટે જરા વિચાર કરો. ધર્મને નામે આવા ધીંગાણા ચલાવી ભોળા લોકોને ભરમાવનારા ભામટાઓથી સાવચેત રહેવાની શિખામણ તમે જ મ્હને આપી હતી, અને આજ......"

"દેવી! મ્હારી ચિન્તા તું ન કર. આંગણે આવેલો અતિથિ આ ઇશ્વરભકત પાસેથી છતે સાધને એમનો એમ પાછો ફરે, એ કદાપી નહિ બને. અભ્યાગતોને આવકાર આપી એમનું આતિથ્ય કરવું એ ગૃહસ્થાશ્રમીઓનો ધર્મ છે. પરને પોષી તેની આંતરડી ઠારનાર પ્રભુ ભકતોને પરમાત્મા કદી ભૂખ્યા રાખતો જ નથી. તું મ્હારા ઉપદેશનો અર્થ જ અધૂરો સમજી છે.

વિશ્વેશ પર વિશ્વાસ રાખો કષ્ટ એ સહુ કાપશે,
એ ઇશ તમને એકનું બમણું કરીને આપશે.

નિજ ભક્તને ભગવંત એ ભૂખ્યો કદી ના રાખશે,
નાખો તમે જો કોઇને તો કોઇ તમને નાખશે.

માટે ભગવતી ! ભગવન્ ઉપર ભરોસો રાખો."

પતિવ્રતાએ પતિને માટે જુદો રાખેલો અવશેષ ભોજન–ભાગ પણ એ ભૂખ્યા અતિથિને આણી આપ્યો. જેમ બને એમ જલ્દી એને પણ જોતજોતામાં ન્યાય આપી જઇ એ ભૂખાવળો ભિક્ષુક ફરી એ ભકતરાજની તરફ જોઇ રહ્યો, એટલે તુકારામે તેને ખભે હાથ મૂકતાં મમતાભર્યાં શબ્દોમાં પૂછ્યું: "કેમ ભાઇ ! હવે તો ત્હારી ભૂખ ભાંગીને ?"

"નહિ......" સાક્ષાત્ ક્ષુધાદેવીના અવતારરૂપ એવા એ ઋષ્ટપુષ્ટ સાધુએ નકારમાં ડોકુ ધુણાવ્યું.

"અફસોસ ! હજુ ય તું ન ધરાયો ? એ તે ત્હારી કેવી અજબ ભૂખ !"

"દુકાળમાંથી આવ્યો લાગે છે. ઓય મા ! કેવી રાક્ષસી ભુખ !" જીજી સ્વગત વિચારવા લાગી.

"ભાઇ ! તું સંન્યાસી થઇને કાં ભૂલે છે વારૂ ? ત્યાગ અને સંયમને કેળવનાર વિરકત સંન્યાસીએ તો ફળાહારી અને મિતાહારી રહેવું જોઇએ. ઇંધ અને આહાર એ તો વધાર્યાં વધે, અને ઘટાડયાં ઘટે."

"તુમ્હારા યહ ઉપદેશ મેરે ક્ષુધાતુર જીવકો કુછ ભી અસર નહિ કર શકેગા. મૈં ઔર ભી ભૂખસે મર રહા હૂં. ભકતરાજ !

યદિ તેરેસે હો સકે, તો થોડાસા ઔર ભી...ભોજનકા પ્રબંધ..."
એના ઢોંગ ને ફેલ આગળ વધવા લાગ્યા.

"દેવી! હવે કંઇ ઘરમાં છે?" તુકારામે પત્ની તરફ જોઇ દયાજીને સાદે સવાલ કર્યો.

"જેટલુ હતું તેટલું તમામ આપી દીધું છે, હવે કહો તો અજીઠાં પાત્ર પડયાં છે, તે ય લાવીને......" એટલું બોલતાં એનો સાદ ભરાઇ આવ્યો.

"બસ! અભ્યાગતોના આતિથ્ય આમ જ કરશો કે? આપેલાં વચન આમજ પાળશો કે? ગૃહસ્થાશ્રમના આ લક્ષણ અને આ ધર્મ ન હોય! માટે જરા શાન્ત પડો... .."

"પરન્તુ ગૃહસ્થી ધર્મ કંઇ આમ ઘર બાળીને તીર્થ કરવાનું નથી કહેતો. ગામમાં પેંસવાના સાંસા ને પટેલને ત્યાં ઉન્હા પાણી! એ ન્યાય કયાંનો?"

"પ્રિયે! અન્નદાન જેવું અન્ય એકેય મહાપુણ્ય નથી. તેમ ઘર બાળીને તીર્થયાત્રા કરનાર એજ ખરો ત્યાગી! એજ વીરલ વિભૂતિ!" એટલું બોલી એ અતિથિ તરફ ફર્યો: "સંન્યાસી મહારાજ! થોભો, હું ઘરમાં તપાસ કરી જો કાંઇ હોય તો આપને આણી આપું છું."

થોડી વારમાં તુકારામ ઘરમાંથી પાછા આવ્યા. એમના હાથમાં એક ન્હાનકડું ઠીકરાનું વાસણ હતું. એમાં થોડો કોદરીનો લોટ હતો. પેલા ભિક્ષુકને એ આપવા હાથ લંબાવી બોલ્યા: "ભાઇ! ઘરમાં તો હવે કશુંય નથી. કેવળ આ થોડો કોદરાનો કાચો લોટ છે. જો ઉપયોગમાં આવતો હોય તો લ્યો, લેતા જાવ..."

ગોસાઇએ ઝોળી પ્હોળી કરી. તુકારામે લોટ એમાં ઠાલવવા પાત્ર ઉંધુ વાળ્યું ત્યાં તો ઝળઝળીઆ ભરી આંખે જીજીએ પતિનો હાથ પકડયો. "હવે તો હદ થાય છે, પ્રભુ! બોલ્યા વિના નથી રહેવાતું. રહેવા દો, આ કોઇ સાધારણ સાધુ નથી, પરન્તુ ઠગ છે, દંભી છે, વેશધારી છે. નાથ! બબ્બે દિવસના આપણા ઉપવાસી આત્માઓને સંતોષવાનું આ રહ્યુંસહ્યું છેવટનું સાધન પણ આમ......"

"ભગવતી!" તુકારામે ભગ્નહૃદયા પત્નીના બંને હાથ પોતાના હાથમાં લેતાં આશ્વાસનસૂચક શબ્દોમાં ઉપદેશ આપવા માંડયો: "મ્હેં ત્હને કેટલી વાર કહ્યું, કે પ્હેલાં પરમાર્થ પછી સ્વાર્થ, પ્હેલાં શીવ પછી જીવ, પ્હેલાં પરમાત્મા પછી આત્મા."

"અરેરે ભગવન્! પરન્તુ કૂપાત્રે દાન કરવું?"

"પાત્રાપાત્રનો નિર્ણય કરવો પાર્થિવ પ્રાણીઓને સોંપ્યો, પ્રભુના ભકતો તો આખા જગતને પ્રભુમય જુએ છે, હરેકને પોતાના જેવાજ નિર્મળ નિહાળે છે."

"અને તેથીજ કોઇક વાર જબરી ઠોકર ખાય છે. આવા હરામખોરને આપનું સર્વસ્વ લૂંટાવી દઇ આપ કયું પૂણ્યફલ હાંસલ કરવાની ઇચ્છા રાખો છો?"

"મૈં હરામખોર! લુચ્ચા! બદમાશ! બસ......અબ હમ યહાં જ્યાદા ઠૈરના નહિ મંગતા. ઓર લીજીએ, યહ આપકા દાન! નહિ ચૈયે...તુમ્હારી ગાલિયાં અબ હમસે નહિ સહા જાતી. અચ્છા...હમ જાતે હૈ......"

" પરન્તુ એ સંતપુરૂષ..." તુકારામ એ ક્રોધીત થએલા અને લોટ આં રસ્તા ઉપર ફેંકી ચાલ્યા જતા અતિથિને શાન્ત કરવા હાથ જોડી કરગરવા લાગ્યો.

પરન્તુ એ તામસી વિશ્વામિત્ર સમા ક્રોધી મહાત્મા ત્યાં ન થોભ્યા. એમના ભૂખાવળા દીન દયાદ્ર દેદારમાંથી એકાએક ઉદ્ભવેલો આ રૂદ્રનો અવતાર પતિ-પત્ની બંને ઘડીભર વિસ્ફારિત નજરે નિહાળી રહ્યાં. થોડી વારે જીજી બોલી:

" નાથ ! જોયું ? હું તો તમને પ્હેલેથી જ ન્હોતી કહેતી, કે સાધુના વેશમાં છૂપાયલો એ અભ્યાગત..."

" બસ કરો. દેવી..." એને મોઢે આડો હાથ ધરતાં સંત બોલ્યા: " એની નિન્દા કરી પાપ ધોવાની કશી જરૂર નથી. મ્હારૂં કિનારે આવેલું વ્હાણુ જરાને માટે તમે ડૂબાડી દીધું. કર્યું કારવ્યું તમામ ધૂળમાં મેળવ્યું. આખો સમુદ્ર તરીને છેવટ ખાબો-ચીયામાં ડૂબી મર્યાં "

" એ વળી શું ? "

" વાંકી અને વિપરિત વિધાતા...બીજું શું ? "
" પરન્તુ એમાં તમે આમ અશ્રુ કાં વહાવો છો ? "
" તો શું કરૂં ? બીજું શું કરૂં ? "

—: ભજન :—

મ્હારૂં આવ્યું કિનારે વ્હાણુ......અરે રે ! બૂડી ગયું,
પંખી પાળેલું સ્હેજને કાજ......અભાગી ! ઉડી ગયું.

આશામાં ને આશામાં અગાધ...અમે તો આ સિન્ધુ તર્યાં,
આવ્યો પાસે કિનારો તૂટયું નાવ...પ્રવાસીઓ ડૂબી મર્યાં.
હવે એનો રહ્યો ન ઉપાય...તૂટેલું ક્યાંથી ફરી સંધાય?
વહ્યું વારિ એ તો વહી જાય તૂટી જ્યાં પાળ ફરી ન રોકાય.
મૃત કેમ સજીવન થાય? જવાનું જાય થવાનું થાય,
જો કે જીવ જાણે છે એ જગરાય છતાં મન વાળ્યું ન કેમે વળાય.

—: સાખી :—

અમૃત પ્યાલું હાથમાં......આવ્યું અહા ઉમંગ!
ઉપ્પરથી કચરૂં પડ્યું......પડયો રંગમાં ભંગ.

× × × ×

ગયો કાઢવા ત્યાં સરી......પડ્યું હાથથી હેઠ,
મનની મનમાં રહી ગઇ......લલાટના એ લેખ.

× × × ×

હયને મૂકી હોડમાં.. ...જીત્યો પુષ્કળ ધન,
ચડસ પડયો બમણું રમ્યો...નહિ ધરાયું મન.
ભાગ્યદેવી મ્હારી ઉપર......પૂરી થઇ પ્રસન્ન,
(પણ) એક દાવ એવો પડયો...રહ્યું નહિ કફન.

× × × ×

રહી કોડી ન કાણીય એ...ક...શરીર ઉઘાડું થયું,
ધર્યું સોનુ સહજમાં ધૂળ......અરેરે મ્હારૂં થયું.

" બસ દેવી! હવે તો હું જઇશ જ..."

" ફરી પાછી જવાની વાત. જવું હતું તો પછી આવ્યા જ શા માટે ? "

" ભૂલ્યો, ઠગાયો. હવે એક વાર મ્હને જવા દે. એ ભૂલનું યોગ્ય પ્રાયશ્ચિત્ત કરવા દે. જેથી ફરીથી કોઇ દી જીવનમાં હવે એવી ભૂલ નહિ થાય. "

" જો તમારે જવું જ હોય, તમારો એવો જ અડગ નિશ્ચય હોય, તો સુખેથી ચાલ્યા જાવ, પરન્તુ જતાં પહેલાં જેનો હાથ પકડી પવિત્ર અગ્નિદેવતા સમક્ષ જીવનભરને માટે પાલન કરવાની પુનિત પ્રતિજ્ઞા લીધી છે, એવી આ અભાગીની અબળાના આંસુઓને હમેશને માટે અટકાવતાં જાવ, એના અવનત મસ્તક ઉપર આપના ચરણકમળ મૂકી પછી જ્યાં જવું હોય, ત્યાં સુખેથી સિધાવો. "

પતિવ્રતાએ પોતાનું દડ દડ આંસુ ટપકાવતું માથુ પતિના પગમાં મૂકી દીધું. એમના પૂજનીય એવા બંને પગો પ્રેમાશ્રુથી પલાળતાં પકડી લીધાં. અને ભક્તરાજનું પ્રેમભીનું પોચું હૈયું ! એને પલાળતાં શી વાર ? તેમાંય વળી આ તો અબળાના આંસુ ! અને તેય વળી પોતાની પતિવ્રતા પ્રિયતમાના ! પછી શું પૂછવું ? **સંતપુરૂષોના સંયમી મનને આરપાર કોરી નાખે, સલ્તનત અને સામ્રાજ્યના સ્થંભો જે સહજમાં હચમચાવી મૂકે, અને શૂરવીરોની સમશેરોના પાણી જે ક્ષણમાં ઉતારી નાખે, એ એના આંસુનો પ્રભાવ !**

" દેવી ! પ્રિયે ! હું શું કરૂં ? મ્હને કંઇ જ સમજાતું

નથી. કુદરત મ્હને સંન્યાસ-કિનારે ખેંચે છે, તું મ્હને સંસારકાંઠે તાણે છે."

"તમારા રસ્તામાં કંટકની પેઠે નડતી આ અભાગીની અબળાને ઠાર કરો, અને પછી સંસાર છોડી સુખેથી સંન્યસ્તમાં પગલાં ભરો."

"એવું ક્રૂર કૃત્ય તો નહિજ થાય. તુકારામ સંન્યાસપ્રેમી છે, એટલે કાંઇ સંસારનો શત્રુ અને સંહારક નહિ, સમજી? પ્રભુપ્રેમી છે, એટલે પત્નીપ્રેમી અને વિશ્વપ્રેમી નથી, એવું નથી."

"તો પછી જવાની વાતને પડતી મૂકી, જ્યાં છો, ત્યાંજ સંસારમાં રહીને સાધુતા કેળવો, માયામાં રહીને માયાપતિને મેળવો, પત્ની અને પ્રભુ બેઉને પ્રસન્ન રાખો."

"એમ બને...પણ..."

"પણ...શું?"

"જો તું ત્હારો સ્વભાવ સુધારે તો!"

"કેવી રીતે?"

"હું બતાવું એ રીતે."

"નાથ! કોઇને ખાતર નહિ, તો તમારે ખાતર, મ્હારા સૌભાગ્ય સૂર્ય! તમારા હૃદયમાં હમેશને માટે આનન્દના પૂર વ્હેવડાવવા, તમને સુખી કરવા, થવા અને જોવા આ તમારી ચરણ કિંકરી આજથી આપના ચરણના સોગન લઇને કહે છે, કે હવેથી એ તમે કહેશો તેમ વર્તશે. જન્મસ્વભાવ અને જાતિસ્વભાવને સુધારવા બનતા પ્રયત્નો જરૂર કરશે. પ્રભુ! આપ રાત કહેશો તો

રાત, અને દિવસ કહેશો તો દિવસ ! જો એથી જ મ્હારા પ્રાણનાથ પ્રસન્ન રહેતા હોય તો ! ”

“ત્હેં મ્હને બે વાર આમ વચન આપ્યું, અને બે વાર ચૂકી, એવી ચંચળ મનની ચતૂરાના બોલની ખાત્રી ક્યાં સુધી ?”

“સંશયનો ડાઘ જેટલો શીઘ્ર નાબૂદ થાય એટલો સારો. પ્રભુ ! ફરમાવો, દાસીને શી આજ્ઞા છે ? ”

“લે. આ પ્રભુ—નામની માળા, અને બોલ શ્રી વિઠોબાનો જય. ”

“વિઠોબાનો જય.” જીજીએ પતિના હાથમાંથી માળા લઇ જીવનનૌકાનું સુકાન ફેરવતા આજ પ્હેલવ્હેલો પ્રેમભક્તિની સીડીને પહેલે પગથીએ પગ મૂકયો.

પરન્તુ આ દુધનો ઉભરો કેટલા વખત માટેનો હતો ? જીજીનો આ ઉમળકો અંતરની ઉંડાણનો હતો કે ઉપરનો ? ગમે તેમ હો, પરન્તુ અત્યારે તો તુકારામ ભાન ભૂલી પોતાની પતિવ્રતા પત્નીને ભેટી પડયાં. સતીએ પણ પોતાનું શિર પતિને સ્કંધે મૂકી દીધું. અહાહા ! ધન્ય ઘડી ! ધન્ય ભાગ્ય !

“દેવી ! પ્રિયે ! જે કામ આ તુકારામની વર્ષોની ભક્તિ, જ્ઞાન, ઉપદેશ અને સહવાસે ન કર્યું, તે આજ ત્હેં પાપણના પલકારામાં કરી બતાવ્યું. ત્હારી આદર્શ પતિભક્તિએ આજ આ પામર પ્રભુભક્તનું હૈયું જીતી લીધું છે. અબળાના આંસુ અને ઉદ્દગાર સાક્ષાત સરજનહારને પણ સમજાવી લેવાની શક્તિ ધરાવે છે. આજ તું જીતી, અને હું હાર્યો. આજથી ત્હારૂં અને

મ્હારૂં નવજીવન શરૂ થાય છે. પ્રભો ! વિઠોબા ! આજ મ્હારે આંગણે સોનાનો સુરજ ઉગ્યો."

"હૃદય દેવી !"

"પ્રાણનાથ."

"આપણા સંસાર-સિન્ધુનુ સુકાન આજથી તું ધીરે ધીરે સંન્યાસ કિનારા તરફ ફેરવતી રહેજે."

"જેવી આજ્ઞા."

અહો ! એક અબળા ધારે તો શું ન કરી શકે ?



પુષ્પઃ— ૯ મું.

"પ્રભુની ઇચ્છા."

"જા વર રે અલ્યા ઓ! પેલો આપણા ગામનો તુકો ભગત બેઠો. એની જરા આજ મજાહ કરો જોઉં."

"હા–હા...અલ્યા ચાલો. આજ તો ખૂબ ગમ્મત પડશે."

ગામનો ગોંસાઇ મંબાજી તુકારામનો કટ્ટો શત્રુ હોઇ કોઇપણ પ્રકારે એના વધતાં જતાં કીર્તિગાન સહન કરી શકતો ન હતો. યેન કેન ઉપાયે એને દુઃખી કરી ગામ છોડાવવા એ પોતાનાથી બને એટલા પ્રપંચો કરી ચૂકયો હતો. પરંતુ હજુ સુધી એકેમાં એને યશઃ પ્રાપ્તિ ન્હોતી થઇ.

આજ એકાદશી શા મહા ઉપવાસને દિને તુકારામ ગામની નદીએ સ્નાન–સંધ્યા કરી સૂર્ય–પૂજા કરી રહ્યા હતા, ત્યાં મંબાજીએ ઉશ્કેરીને મોકલેલું તોફાની છોકરાઓનું વાદળ મસ્તી–તોફાન કરતું એમને દુઃખ દેવાને આવી પહોંચ્યું. એક એમના હાથમાંથી પોથી આંચકી લીધી. "હવે રાખો ભગતજી! તમે તો બહુ મો...ટા ભગત થઇ ગયાને વળી? આ શા ધતીંગ લઇને બેઠા છો? જોઉં? અલ્યા નવલ! જો તો...આમાં કાંઇ છબી–બબી જોવાની છે કે?" એક એની કાછડી કાઢી નાખી. બીજો એની જનોઇના છેડા સાથે

પત્થર બાંધવા લાગ્યો. ત્રીજાએ એની આંચકી લીધેલી પોથી ઉડાડી ચોથાના હાથમાં ફેંકી, અને આમ ઝૂંટાઝૂંટમાં એના પાને પાનાં એક પછી એક જુદા થવા લાગ્યાં. ધ્યાનભંગ થએલ સંતપુરુષ દુઃખી દીલે આ દ્રશ્ય જોઇ રહ્યા. પરન્તુ એ બધાં અજ્ઞાની બાળકો હતા. એ તો પ્રભુના ઘરના નિર્દોષ પૂતળાં ! એમની ઉપર ક્રોધ તે કેમ કરી કરાય? અને કરવાથી ય શું વળે એમ હતું? ઉલ્ટું અત્યારે તો પ્રેમથી મીઠું મીઠું મનાવી–પટાવી–સમજાવી કામ કાઢી લેવાનું હતું. નહિ તો પછી એ તો બાળહઠ કહેવાય ! એટલે એમના ધોતીઆને પાછળથી ખેંચતા એ ટીખળી અને મશ્કરા છોકરાંઓને એ પ્રભુભકત અંતરની ઉંડાણમાંથી આહ્લભર્યાં નમ્ર શબ્દોમાં કહેવા લાગ્યાં:

" ભાઇઓ ! ઘરનો બળ્યો વનમાં ગયો, તો વનમાં લાગી લ્હાય ! ઘરના ત્રાસે આજ અહીં એકાન્તમાં આવી બે ઘડી પ્રભુનું નામ લેવા–ધ્યાન ધરવા બેઠો, તો ત્યાં પણ તમે તો મ્હારી પૂંઠે હાજર જ ! કૃપા કરી તમે સહુ હવે તમારે રસ્તે જાવ, અને મ્હને –આ ગરીબ તુકાને તેની ફાટી-તૂટી પૂજન-પોથી પાછી આપો.

જો તમારાથી થાય તો ભકતી કરો ભગવાનની,
રે ! બે ઘડી પણ ફેરવો માળા પ્રભુના નામની.
નહિ થાય તો તેનો પછી અફસોસ ! હા ! કરવો રહ્યો,
ઉલ્ટાં સતાવો અન્યને એ ન્યાય ઉંધો ક્યાં કહ્યો ?
છો ! પુણ્ય–સંચય થાય ના...પણ પાપવૃદ્ધિ શે કરો ?
નિર્મળ પ્રભુના નામમાં આડા ચરણ શાને ધરો ?

ભાઇઓ! પ્રભુ-ભક્તિમાં પ્રભુ-ભજનમાં આવાં તોફાન-મસ્તીને સ્થાન ન હોય!"

"ચાલ હરામખોર! મસ્તી કેમ કરે છે? લાવ...આપી દે એમની...લ્યો...ભગતજી!" કહેતાં એક ચાલાક ને ઉસ્તાદ છોકરાએ બીજાની પાસેથી પોથી આંચકી ભક્તની તરફ લંબાવી.

"લાવ ભાઇ!"

"લ્યો ભગતજી! લઇ લેજો. તમને તો સાક્ષાત્ પ્રભુ સહાય છે, પછી શું? તમે તો ઠેઠ પાતાળમાંથી પણ કાઢી લાવો, કેમ ખરું ને?" પોથી સરિતાના ઉંડા પાણીમાં પધરાવતાં એણે બીજા છોકરાના હાથમાં તાળી આપી.

"હા...હા...હા...હા...હા..." બધા એક સામટા ખડખડાટ હસવા મંડ્યા.

"અરેરે ભાઇ! આ શું કર્યું? આમાં ત્હારા હાથમાં શું આવ્યું?"

"ભગતજી! ભૂલમાં ફેંકતા પાણીમાં જઇ પડી. માફ કરો..." કહી ટીખળી છોકરો દીન તુકારામના ચાળા પાડી મશ્કરી કરવા મંડ્યો.

"ભલે, ભાઇ! ભલે! ત્હને એમ ઠીક લાગ્યું, તું એમ ખુશ થયો તો એમ! પ્રભુના ભક્તો પોતાના નહિ પરન્તુ હમેશ પરાયા આનંદને જ જુએ છે, પારકાના આનંદ સુખ અને કલ્યાણમાં જ પોતાને કૃતકૃત્ય માને છે."

પાણીમાં ઘસડાતી પોથીને પકડવા એમણે નદીના જળમાં

ઉતરવા માંડયું. જેમ જેમ તુકારામ આગળ વધે તેમ તેમ પોથી આગળને આગળ તણાવા લાગી. આખરે કમરપૂર પાણી આવતાં એ ભક્ત-હૃદયની ધીરજ અને હિંમત ખૂટી ગઇ. એમણે ત્યાં જ સ્થિર થઇ આંખો મીંચી વિઠોબાને યાદ કર્યા: "હે પ્રભો! દીન દયાળ! ભક્તવત્સલ ભગવંત! ત્હારી ભક્તિ કરનારને વળી આ શી વિટંબણા?

રે! ધર્મગ્રંથોની જરા પણ લોકને કિંમત નથી,
નિજ ધર્મને નામે જરા પણ શૌર્ય કે હિંમત નથી.

ભગવદ્‌ગીતાના પાન આજે પાણીમાં ફેંકાય છે,
શ્રીરામ તેમજ કૃષ્ણની પણ મશ્કરીઓ થાય છે.

દૈવી મહત્તા દેવ દેવીઓ તણી ભૂંસાય છે,
આ ધર્મવારિ હિંદુઓનું આજ બસ ચૂસાય છે.

સ્વધર્મના માન ગયાં, અભિમાન ગયા, પરવા ઓછી થઇ, શ્રદ્ધા અને સાક્ષાત્કારનો પણ સર્વથા લોપ થયો. નાટક, સરકસ અને સીનેમાના સ્ટેજો ઉપર એમના વસ્ત્રહરણના અને નગ્ન (શુદ્ધ ને બદલે) શૃંગાર તથા નાચ-નખરાના બનાવટી કલ્પિત ફારસો ભજવાય! રામલીલા ભવાઇ ને કથાને નામે ચકલે ચકલે એમના પવિત્ર નામો કલુષિત થાય, ચાહના પીઠાઓ ઉપર એમના નામો ચિતરાય, પહેરવાના વસ્ત્રો ઉપર (ધોતીઆ) એમના ફોટાઓ ચોઢાય, એમના નામના રજીસ્ટર્ડ ટ્રેડમાર્કોથી વસ્તુઓ ખપાવી વ્યાપાર ખેડાય. (જેવાં કે કૃષ્ણછાપ, ચાહ, સાબુ, તેલ વગેરે.) અરે! પરદેશી પ્રજા પોતાના કાપડ ઉપર અમારા દેશની સ્ત્રીઓના

અને દેવતાઓના ચિત્રો ચોંટાડે! એ શું બતાવે છે? લોકોનો ધર્મ ધરાશાયી થઇ ગયો.

પૈસો કમાઇ પેટ ભરવું આજ સહુનું કર્મ છે,
બસ! મશ્કરી ને મોજ કરવી એજ સહુનો ધર્મ છે.
દુષ્કર્મના ડર લોકને દીસે હવે ધરવા નથી,
હિન્દુત્વ થાયે લોપ તેની પણ કશી પરવા નથી.
અપનાય કે દફનાય તેની છે જ નહિ મુદ્દલ ફિકર,
ધિક્કાર એવા નામના હિન્દુ ધરમના નામ પર.

આ તો કોઇને કરવું ય નથી, તેમ બીજો કોઇ કરે એને કરવા દેવું ય નથી, ખાવુંય નથી, ખાવા દેવુંય નથી, પણ ઢોળી નાખવું છે.

ખાવું પીવું ને ખેલવું બસ મશ્કરી મસ્તી મજા,
સહુ ધર્મને ભૂલી ગયાં ફરકી રહી ધનની ધજા.
પૈસો બન્યો સહુનો પ્રભુ! ભક્તિ-પૂજા એની કરે,
ખોટા રૂપૈયા ખખડતા સહુ ખૂબ એને વાપરે.
નિન્દાય નિર્મળ જીંદગી...વૃત્તિ બધાની દાનવી,
અભડાય ઇશ્વર-નામથી આજે જગત્‌ના માનવી.

અરેરે! પલળી ગઇ, ઘસડાઇ ગઇ, હવે હું શું કરીશ?"

"ભક્ત તુકારામ! શોચ ન કર. લે આ નવીન પોથી હું તને એના બદલામાં આપું છું. એનો નિત્ય પ્રભાતે પાઠ કરજે. એ પલળેલી પોથી ભલે પાણીમાં ઘસડાય."

તેજના અંબારમાં સરિતાના પાણી ઉપર એ ભક્ત-નયને ચતુર્ભુજા જળદેવીને પ્રકટેલાં નિરખ્યાં. એનું મસ્તક નમ્યું. હાથ

લંબાયા. પરન્તુ ફરી આંખ ઉઘાડીને જુએ છે, તો કોઇ ન મળે ! કેવળ એમના હાથમાં હતી પેલી પવિત્ર પોથી ! બેઠા હતા પોતે સરિતાને કિનારે !

એમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. "અહાહા ! શો દૈવી ચમત્કાર ! શી પ્રભુની લીલા !

વિશ્વાસ રાખો બંધુઓ ! માલીકના શુભ નામ પર,
મંડ્યા રહો ફળ પામશો નક્કી તમારા કામ પર.
ડેરા જમાવો આપના અવનીશના એ ધામ પર,
કૂદી પડો આગે કરી યાહોમ એની હામ પર.

શ્રીમદ્ ભગવદ્ ગીતા. એમણે પુસ્તક ઉઘાડ્યું. પ્હેલે જ પાને એમની નજર પડી. **यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी !** જેવી જેની ભાવના તેવી તેને સિદ્ધિ !

એમણે એક જ ડગલું આગળ ભર્યું, ત્યાં તો એમની નદીમાં જવાથી ન્હાસી ગએલું છોકરાઓનું ટોળું આમથી તેમથી પાછું આજુબાજુ એકઠું થઇ ગયું. જળદેવીના પ્રાકટ્યનો ચમત્કાર સંત તુકારામ સિવાય કોઇની દ્રષ્ટિએ ન્હોતો પડ્યો. ગામના એ તોફાની છોકરાઓએ મંબાજીની બીજી શિખવણી ને ચઢાવણી મુજબ બીને જ દીસે પાછા વળતાં એ ભક્તરાજને અવળે મોઢે એક ગધેડા ઉપર ઉંચકી ગોઠવ્યા. એમના ગળામાં ઠુંગળીનો હાર પ્હેરાવ્યો. અને ગામમાં એ ગધેડાને દોડાવતાં દોડાવતાં બૂમરાણ કરતાં લઇ જવા લાગ્યા. એમને મન આમ આનન્દનો અવધિ હતો, ત્યારે બીજી બાજુ એ મહાપુરૂષ ગધેડા ઉપર બેઠાં બેઠાં પોતાને મળેલી એ નૂતન પોથીનો પાઠ કરવામાં તદાકાર થઇ ગયા હતા.

"બાપુને ઘણી ખમ્મા...નેક નામદાર મહારાજાધિરાજા સર ગધેસિંગકી સવારી આતી હૈ...નીચા રખના...મહેરબાન...એઇ... દૂર હટો..." એમ નેકી પોકારતાં અને મશ્કરી કરતાં આ નમૂનેદાર ટોળું આગળ વધતું હતું. એને જોવા ગામની ગલીકુંચીઓમાં દોડાદોડ થઇ રહી હતી. કોઇ "બ્હેન ! કોઇનો વરઘોડો આવે છે..." એમ, તો કોઇ વળી "ના રે ના—એ તો કોક ભગતની ભજન મંડળી હશે." એમ અવનવા તર્કવિતર્કો આઘેથી જોયા વિના બાંધતું અને બકતું. છતાં તુકારામ તો એમની પોથીમાં જ ગુલતાન હતા.

એટલામાં "ઓ ભગતજી ! ઓ તુકારામજી ! આ શું ?" એમ ગામ લોકની જોવા મળેલી ગંજાવર ઠઠ માંહેથી એક ઓળખીતા ભાવિક અને સંસ્કારી સજ્જને એમની વિચારનિદ્રા તોડી. એણે છોકરાઓને હાંકવા પ્રયત્ન તો ઘણો કર્યો, પણ શૂરે ચઢેલાં છોકરાઓ હવે એમ વિખરાય તેમ ન્હોતા. એટલે તુકારામ એ ભેગી થએલી મંડળીને શાન્તિથી સદુપદેશ કરવા લાગ્યા:

"હોય ! જગતના જીવોને એમાં આનંદ પડે છે, તો ભલે એઓ આનન્દ લૂંટે. મ્હારે શા માટે કોઇનો આનન્દ લૂંટી લેવો જોઇએ ? હું તો કોઇ ઔર અને અગમ આનન્દ લૂંટી રહયો છું. મ્હારો આનન્દ સનાતન અને શાશ્વત છે, જ્યારે આ તમારો આનંદ સ્થુળ અને ક્ષણભંગુર છે.

ચાર દિનની ચંદ્રિકાનો આ બધો આનંદ છે,
પણ પાંચમે દિને બધાની આંખ જોજો બંધ છે.

માટે જ કહું અત્યારથી નહિ આંખ જે જે ખોલશે,
તે તે બધાના જીવન-જહાજો ભરસમુદ્રે ડોલશે.
અંધા રૂપેરી રંગમાં રંગાઇ હમણાં ભુલશે,
પણ યાદ રાખો! એક દિન આંખો બધાની ખૂલશે."

અને આમને આમ વરઘોડો આગળ વધતો ઠેઠ તુકારામને ગ્રહઆંગણે આવ્યો. એક જણે અંદર જઇ પતિવ્રતા જીજીને આ વાતથી વાકેફ કરી. જેનું જીવન પલટાયલું છે, એવી સતી બ્હાર આવી જુએ છે, તો પોતાના પતિને જોયા! એનું હસમુખુ મોઢું ઉતરી ગયું. લાલચોળ આંખે એ ટોળામાં ધસી ગઇ. છોકરાઓને હાથ પકડી પકડી દૂર હડસેલી કાઢી એ પોતાના પતિને ઘરમાં લઇ ગઇ. છતાં છેવટે એ સ્ત્રી-હૃદય! પતિનું માન-ખંડન એ શે ખમી શકે? એની આંખમાં આંસુ ઉભરાયાં. એ હાથ જોડી બોલી: "પ્રભુ! નાથ! આ શું કરો છો? કંઇક તો દુનિયાદારીનું ભાન રાખો. છેક જ બળ્યું આમ શું કરો છો? તમારું સ્વમાન, પ્રતિષ્ઠા, આબરૂ, એનો કંઇક તો ખ્યાલ કરો, પ્રભુ!"

"દેવી! તું વ્યર્થ ચિન્તા ન કર.

જન્મ દીધો તે જગતના તાતને ચિન્તા બધી,
કલ્યાણકારી મ્હેલથી છે આપણી આ ઝુંપડી.
છે એકલી ત્હારી ન એને વિશ્વ આખાની ફિકર,
વિશ્વાસ રાખો પૂરતો દેવી તમે એની ઉપર!
નિર્ધન જીવનમાં નરહરિ નિર્ધનપણું નિર્દોષ છે,
સાદાઇમાં સુખ ચ્હેન ને સાદાઇમાં સંતોષ છે.

જગતને શું ? એની જોવાની આંખ જુદી છે. જ્યારે આપણે જુદી આંખે જોવાનું છે.

ગાંડાઇ જે ભાસે જગતને એજ ડા'પણ આપણું,
અજ્ઞાન કહે આ લોક ઈશ્વરજ્ઞાન તે બસ આપણું.
ગાંડાઇમાં જીવ્યાં મર્યાં ગાંડાઇના કીર્તન લખ્યાં,
મીરાં અને નરસિંહએ દુનિયાએ કોને ઓળખ્યાં ?
ગાંડાઇની આ ઘેલછામાં ભકતના સન્માન છે,
ગાંડા બનો ગોવિન્દમાં ગાંડાઇ સાચું જ્ઞાન છે.

દેવી ! સમજ્યાં ?"

"નાથ ! મ્હારી સમજવામાં ભૂલ થઇ."

"અને મનુષ્યમાત્ર ભુલને પાત્ર. છતાં અજાણ્યામાં અગર અજ્ઞાનતામાં થએલ ભૂલ અને પાપ કબુલે અને જાગ્યા ત્યાંથી સવાર ગણે, એનું જ નામ માનવ ! બાકી એ સિવાયના........... "

"...ઓહો રઘાભાઇ ! આવો આવો, ભલે પધારો. કહો કુશળ તો છો ને ? આજ કંઇ આ ગરીબ તુકાનું ઘર પાવન કર્યું. મ્હારા પ્રભુ !"

રઘાભાઇ એ ગામના પ્રતિષ્ઠિત અને સખી દીલના પટેલ હતા. જીજીએ એમને આસન આપી એમની આગતાસ્વાગતા કરવા માંડી. પતિના પ્રશ્નનો જવાબ રઘા પટેલ આપે તે અગાઉ જ અધીર જીજીબાઇનું અબળા હૃદય બોલી પડયુંઃ "નાથ ! એ તો મ્હેં જ તમારે મારે રઘાભાઇને કંઇક બને એમ હોય તો ! યાદ રાખવા કહ્યું હતું. તેથી જ કદાચ...કેમ ભાઇ ! શા સમાચાર છે ?"

" બ્હેન ! હું હાલ તો તમારા બંનેના બે વખતના દાણાના બંદોબસ્ત બદલ તમારા પતિને માટે ભગાભાઇનું ખેતર સાચવવાનું કામ નક્કી કરી આવ્યો છું."

" તમારો મોટો ઉપકાર ભાઇ! પણ એ ક્યારથી છે ? "

" આજથી જ. ચાલો, તુકારામ! હું તમને શું કામ કરવાનું તે સાથે આવી સાથે સાથે સમજાવું."

" હા...પ્રભુ ! જાત્ર. સ્વાર્થ સાથે પરમાર્થ સધાશે. બિચારા કેટલી મહેનત લઇને આપણે માટે લાગણી ધરાવી અહીં સુધી આવ્યા છે! ત્યાં બેઠાં બેઠાં ખેતરે સચવાશે, ને પ્રભુ ભજન પણ થશે."

" હા...ભક્તરાજ ! ચાલો......"

પત્ની પ્રતિની મમતાથી પ્રેરાયલા તુકારામને તો એટલું જ જોઇતું હતું કોઇ પણ રસ્તે એમને તો આ ઘરખટલાની જંજાળ-માંથી મૂક્ત કોઇ નિર્જન એકાન્ત સ્થાન જોઇતું હતું, અને તે એમને આજ વગર માગ્યે આવી મળ્યું. પછી લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે કયો મૂર્ખ કપાળ ધોવા જાય ? એમણે રાજીખુશીથી રઘા પટેલની સંગાથે જવા કબુલ કર્યું. જતાં જતાં એ સ્વગત બોલ્યાં:

સેવા હું જેની કરૂં છું તે મ્હારો શેઠ,
ભકિતના વ્યાપાર પર ભરૂં હમેશાં પેટ.
એવી કરવી નોકરી પામો પૂર્ણ પગાર,
નફો હમેશાં ! ખોટની બ્હીક જ નહિ લગાર.

એક નોકરી છોડીને આજ બીજી નોકરી કરવા જાઉં છું, જગ્યા ભલે જુદી હોય, છતાં શેઠ તો બંનેનો એક જ છે.

મિથ્યા અમારૂં ને તમારૂં બોલતાં સંભાળજો,
માલીકની મિલ્કત બધી રખવાળ એના જાણજો.

સંભાળી ને વાપરો તો કંઇ જ એને એના નથી,
પણ બિલ્કુલ બગાડવાની આપને સત્તા નથી.

ફાવે ન ત્યારે છૂટ છે છોડી ખુશીથી ચાલવા,
એક પાછળ એક છે તૈયાર એ સંભાળવા.

દેવી ! હુ જાઉં છું...”

“ આપ મુંઝાશો મા. રઘાપટેલ બહુજ સારા માણસ છે. એ બતાવે ને સમજાવે એ કામ જરા ધ્યાન રાખીને કરશો તો આપણી આ દીન દશા ટળી કંઇક પાંચ પૈસે સુખી થઇશું. ”

“ જેવી પ્રભુ ઇચ્છા. ”

પ્રમદાના પ્રેમાળ બોલ કયા પુરૂષ-હૃદયને ન પલાળી શકે !

પુષ્પઃ- ૧૦ મું.

"વિઠોબાના વિશ્વાસ પર!"

—: ભજન :—

બધાંએ એક પ્રભુના બાળ,
બધાંને શ્રી હરિની સંભાળ.

પંખીઓ પ્રભુના સરજેલાં...માનવ પણ પ્રભુએ જ રચેલાં,
ખેતર તેમજ પાક ઉભયનો...માલીક એ ગોપાળ...બધાંએ.
ખાય પીએ ને ખેલે એમાં...ઓછું એનું થાય.
માલીકની મરજી એવી ત્યાં...સેવકથી શું પૂછાય?
રસિકડાં ગાજો ગીત રસાળ...બધાંએ૦
આવો આવો ખંતે ખાઓ...ખાધે નહિ ખૂટનાર,
કાળ-લૂંટારો કાલ સ્હવારે...આ જીવન લૂંટનાર.
રહી જશે અહીં આ જંજાળ...બધાંએ૦
સદ્ભાગીને આંગણ પ્રભુ...બાલકના પગલાં હોય,
કાલ ઉઠીને ચાલ્યા જઈશું...રહેનારૂં નહિ કોય.
અલગ પર્ણો પણ એકજ ડાળ...બધાંએ૦

ખેતરનો પાક સાચવવા રખેવાળ તરીકે નિમાયલા તુકારામ એક બાજુ છાંયડામાં બેસી પ્રભુના પ્યારાં પંખી બાલકોને લલકારી લલકારીને ખાવા-ખેલવા આમંત્રી રહ્યા હતા. દુધીયા કણના ડુંડાઓ નિર્ભય રીતે ફોલી ખાતાં પક્ષીઓ

પણ ખૂબ આનંદમાં આવી જઇ પોતાના કિલકિલાટથી એ પ્રભુ ભકતની ભજન—ધુનમાં કોઇ અનેરો સૂર પૂરતાં હતાં. ભકતને ખેતરના પાકની દરકાર ન્હોતી, એને તો પ્રભુના નિર્દોષ પંખી બાલોને પ્રેમથી સતકારવાની જ અભિલાષા હતી.

અને ભકતના આ દરિયાવ દીલની ઉદારતાનું પરિણામ સમસ્ત ખેતરના પાકનો નાશ થવામાં આવ્યું. છતાંય એની ભકિત-નશાથી મીંચાયલી આંખો હજુ ન્હોતી ઉઘડી. એવામાં થોડે દિવસે ભગાભાઇને લઇ રઘાભાઇ ખેતરનો પાક જોવાને આવી લાગ્યા.

" કીસીકી ચીડીયાં કીસીકા ખેત.
ખાઓ ચીડીયાં ભર કર પેટ. "

એ ભજન ધુનમાં મસ્ત ભકતરાજને ખભા પકડી હલાવતાં અને એમના મંજીરા ખૂંચવી લેતાં રઘાભાઇએ એની પાસે પડી રહેલી ગોફણ અને વેરાન-ખેરાન ખેતર તરફ નજર નાખતાં ક્રુદ્ધ સ્વરે કહ્યું: " તુકારામ ! તુકારામ ! આ શું કર્યું ? "

" હા...હા...કોણ રઘાભાઇ ! આવો, બાપુ ! આવો, ભલે આવ્યા. "

" શું આવે ? ત્હારૂં કપાળ ! ત્હને આવું ખેતર સાચવવા રખેવાળી સોંપેલી કે ? "

"પરંતુ ભાઇ ! છે શું ? તે તો જરા ધીરા પડીને કહો."

" આખા ખેતરના ભર્યા પાકનું સત્યાનાશ નીકળી ગયું, તોય હજી ટાઢે પેટે કેમ જાણે કંઇ બન્યું જ નહિ હોય, જાણતો જ નહિ હોય, તેમ " છે શું ? " પૂછે છે ? આખે દેખાતું નથી ? "

"હોય! એમાં આટલા બધા ઉશ્કેરાઇ જવાની કશી જરૂર નથી. જેવી મ્હારા વિઠોબાની મરજી! એમાં આપણે શું કરી શકીએ? એવું હતું, અને એણે લૂટાવી-ખવડાવી દીધું, એમાં હરખ-શોક શો?

હરિનું ધાર્યું થાય છે...વ્યર્થ મનુષ્ય-ઉપાય,
હરખ-શોક કરવો ન સૌ સારા માટે થાય."

"અરે! વાહ રે! લ્યો, જાણે મ્હોટો દાનેશ્વરી કરણ અને હરિશ્ચંદ્રનો બીજો અવતાર થઇ ગયો! દયા પટેલ! તમે આ મંગળ મૂર્તિને મ્હારૂં સત્યાનાશ વાળવા મ્હારે ત્યાં ક્યાંથી મોકલી? મ્હારા બાપ! મ્હારૂં તો તમામ ધૂળધાણી ને રાખપાણી થઇ ગયું. ...હવે..." ભગાભાઇ રડવા જેવા થઇ ગયા.

"હું શું જાણું? ભાઇ! મ્હેં તો એની ગરીબડી સ્ત્રીની કરૂણાજનક વાત સાંભળી, તેની તરફ જોઇ દયાને ખાતર ત્હારે ત્યાં મોકલ્યો...પણ..."

"પણ હવે મ્હારૂં શું? આ તો દયાની માને ડાકણ ખાય ...નિમાજ પડતાં મસીદ કોટે વળગી."

"ત્હને એની પાસે આ સાલના પાકનું વેચાણ ખત લખી આપીશ. પછી કંઇ છે?"

"ભલે બાપૂ"

"તુકારામ! ખેતરના પાકને થએલી નુકસાની બદલ તમારે આ ભગાભાઇને ખાતુ પાડી આપવું પડશે."

"ભલે બાપૂ! તમે કહેશો એમ, તમે જેમ રાજી રહેશો એમ કરી આપીશ."

"તો લ્યો ચાલો ઘેર, ને કરી આપો સહી."

"ચાલો."

રઘા પટેલે એને ઘેર લઇ જઇ વાતવાતમાં તુકારામના નામનું ખેતરના પાકનું વેચાણખત લખી નાખ્યું. ખેતર લણતાં જે પાક થાય, તે તુકારામે લઇ લેવો, અને તે બદલ નુકસાની સાથે બે ખાંડી અનાજના પૈસા ભગાભાઇને ભરી આપવા, એવી શર્ત એમાં લખવામાં આવી હતી. પરન્તુ નિષ્કપટી ભકતને એ એમાંની શર્તો વાંચવાની, જાણવાની, અગર તો જોવાની ફુરસદ જ કયાં હતી? એણે તો વિઠોબાના વિશ્વાસ પર એમાં સહી કરી આપી.

"લ્યો, ભગાભાઇ! હવે તો થયું ને?"

"પણ પટેલ બાપૂ! એની પાસે પૈસા કયાંથી અને કેવી રીતે વસૂલ થશે?"

"વિઠોબા પર વિશ્વાસ રાખો. હું નહિ તો મ્હારો પ્રભુ તમને તમારી નુકસાની ભરપાઇ કરી આપશે." તુકારામે પોતાની અચળ શ્રદ્ધા બતાવી.

"હાલ તો આ ખત તમારી પાસે રાખો, પાક લણ્યા પછી આગળ ઉપર એનું થઇ રહેશે." કહી રઘા પટેલ છૂટા પડયા.

સંત તુકારામે પણ ઘરનો રસ્તો લીધો.

* * * *

"પ્રભુ! શું રઘા પટેલ તમારે માટે મ્હને જે જે વાતો કરી ગયા, તે બધી સાચી છે?"

"અક્ષરેઅક્ષર, શબ્દેશબ્દ."

" હાય હાય ! ત્યારે હવે આપણે શું કરશું ? ખૂટતા અનાજનું એ દાણુ ક્યાંથી ભરશું ? "

"વિઠોબા પર વિશ્વાસ રાખો, દેવી ! એની ફિકર ખાનાર છે, ખવડાવનારને નથી. તું ત્હારે હાલ તો જઇ ખેતર લણવા માંડ, પછીથી સહુ થઇ રહેશે."

" ભલે ! જેવાં આપણા ભાગ્ય ! "

એટલું બોલી એ પતિવ્રતા રઘા પટેલની સૂચના અનુસાર ભગાભાઇના ખેતરમાં રહ્યોસહ્યો પાક લણાવવા માટે ચાલતી થઇ. સ્હવાર સાંજ અખંડ કામ કર્યા પછી પૂરા પંદર દિવસે ખેતરનો પાક લણાઇ રહ્યો, અને અનાજનો એ ઢગલો જોતાંજ પટેલ ખેડુત તથા જીજી ત્રણેની આંખો ફાટી ગઇ. ઇશ્વરી ચમત્કાર એવો થયો, કે જેટલા પાકની સ્વપ્ને પણ આશા ન્હોતી રાખી, તેનાથી સેંકડો ઘણો પાક ભક્ત તુકારામની માલીકીનો ઠરી ચૂક્યો.

છતાં રઘા પટેલની ન્યાયપ્રિયતા એવી ને એવી જ નિર્મળ રહી. પતિવ્રતા જીજી પાસે એમણે એ તમામ અનાજ યોગ્ય ભાવે ખરીદી લીધું. સતીએ પણ હર્ષથી છલકાતી છાતીએ ભગાભાઇને કરાર મુજબ બે ખાંડી અનાજના રૂપીઆ ગણી આપી પતિને કરજમૂક્ત કરી રૂપીઆની થેલી સાથે હસતે મોઢે અને આનન્દથી ઉછળતે હૈયે ઘરના આંગણામાં પગ મૂક્યો.

એના એક હાથમાં પેલું ખત હતું, બીજા હાથમાં નફાના રૂપીઆની થેલી હતી. આંખોમાં હર્ષની હેલી હતી. હૃદયના તારેતાર આજ ઉમંગથી ઉછળી રહ્યા હતાં. આંધળાને આંખો મળે અને

વાંઝીયાને ઘેર પારણું બંધાય, એટલે એને ઉત્સાહ હતો. લક્ષ્મી દેખી મુનિવર ચળે! તો પછી આ એક સામાન્ય અબળા એમાં અંજાય! એમાં શું આશ્ચર્ય?

ઉમરા પર પગ મૂકતાં એનું મોઢું મલકાઇ ગયું. પ્રભુ ભજન કરતાં પતિની પાસે એ હર્ષભીને નયને દોડી: "નાથ! પ્રભુ!" બોલતાં રૂપીઆથી ભરેલી કોથળી એણે હરખાતે હૈયે અને ધ્રૂજતે હાથે એમના પગમાં ઠાલવી દીધી.

"આ શું? આ ક્યાંથી લાવી?" તુકારામ સાશ્ચર્યભરી આંખે એ માયાદેવી તરફ જોઇ રહ્યાં.

"વિઠોબાની કૃપા! વિઠોબા પરના વિશ્વાસનું આ ફળ!"

"એટલે?"

"આખરે ઇશ્વરે આપણી સ્હામે જોયું. આજથી આપણો દુઃખનો દિવસ ફરી ગયો." કહી હર્ષઘેલી જીજીએ પતિને સમસ્ત વાત નિવેદન કરી.

"મ્હારા વિઠોબાની જ એ માયા! દેવી! જોયું? હું ન્હોતો કહેતો, કે શ્રદ્ધા રાખતાં શીખ. ભગવાન પોતાના ભક્તને કદાપી પણ દેવામાં અને દુઃખમાં નથી રાખતા. પણ, અરે તું આ શું કરે છે?" રૂપીઆની થેલી સંતાડવાનું સાધન ન હોવાથી જમીનમાં એક ખાડો ખેંદી તેમાં એ છૂપાવવા જતી પત્નીનો હાથ પકડી એ બોલ્યા: "થોભ! એ અહીં મ્હારી પાસે લાવ. મ્હારા હાથમાં આપ."

આજ્ઞાધીન પતિવ્રતાએ પડી ગએલે મુખે એ પતિના હાથમાં આપી દીધી ક્ષણવાર પર્યંત ટગર ટગર એ પતિદેવના મુખકમળ

તરફ જોઇ રહી. એને હાથમાં લઇ એ સંતપુરૂષ બોલ્યાઃ " દેવી ! આ માયા પ્રભુએ આપણી ગરીબીનું દુઃખ ટાળવા નહિ, પરન્તુ આપણા ગરીબી દીલની કસોટી કરવા મોકલી છે. એની ઉપર આપણો હક્ક નથી. આપણા સ્વાર્થને માટે આ નાણાનો ઉપયોગ ન જ થઇ શકે. "

" ત્યારે ? "

" જેણે આપણને આ આપ્યું છે, એનો જ આ પુંજી ઉપર હક્ક છે. જેણે અણીને અવસરે આપણી લાજ રાખી છે, એ જ પ્રભુના નામ પર આ પૂંજી અર્પણ હો !

ખુશીથી એમને ચરણે નફો સઘળો ધરી દેવો,
તમારા શેઠની મિલ્કત વિષે આ મોહ પણ કેવો ?
તમારા દીલમાં નિર્મળ પ્રમાણિકતાના દર્પણ હો !
પ્રભુજીની બધી પૂંજી પ્રભુજીને સમર્પણ હો !

દેવી ! આ દોલતનો ઉપયોગ શ્રી વિઠોબાનું એક મંદિર બંધાવવામાં કરીએ તો ? "

જીજી નિરૂત્તર રહી. તે જોઇ તુકારામ એનું અંતર ઉકેલી એને સમજાવવા લાગ્યાંઃ "ત્હને મોહ છે. માયાના આકર્ષણમાંથી તું ત્હારૂં ચિત્ત નથી ખસેડી શકતી, આના તેજ સ્હામે તું ઉઘાડી આંખે નથી જોઇ શકતી, એટલીજ ત્હારામાં હજી નબળાઇ અને સંસારવાસના છે. જો સંસાર સિન્ધુ તરવો હોય તો આ માયાના આવરણને નિસ્પૃહ હૃદયે આરપાર વીંધી નાખતાં શીખ ! જેમ આભલાના ઓજસ અને આકર્ષણને ચંદ્ર ચીરી નાખે છે, તેમ !

નિર્મળ રાખો ભાવના...નિર્મળ નામ-ચરિત્ર,
નિર્મળતામાં નાહીને...તન મન કરો પવિત્ર."

"અને આપણે શું કરશું?"

"પ્રભુનું ભજન."

"અને ખાશો શું?"

"ફરી પાછો એજ વિચાર! એજ ફિકર! એજ ઉચ્ચાર! તું આમ ઘડીઘડીમાં લપસી ન જા. મનને દ્રઢ રાખ, ચિત્તને સ્થિર રાખ. જેણે આખું વિશ્વ ઉત્પન્ન કર્યું છે, જેને સૃષ્ટિના સર્વ જીવોના જન્મ, મરણ અને જીવનની ચિન્તા છે, તે ત્હને અને મ્હને ભૂખ્યો નહિ સુવડાવે. ફક્ત એટલું જ કે જો આપણી એને માટે અવિચલ શ્રદ્ધા હોય તો!"

"પરન્તુ પ્રભુ! એવી શ્રદ્ધા ક્યાં સુધી નભશે?

"પંઢરીનાથની કૃપા હશે ત્યાં સુધી. સર્વ શક્તિમાન વિઠોબામાં ત્હારો અણુવિશ્વાસ, શંકા, એ જ ત્હારી આ દીન દશાનું કારણ છે. તું એક વાર અચલ શ્રદ્ધા રાખ અને પછી જો...કે..."

"શું સૂર્યોદય જોવાનાં સદ્‌ભાગ્ય આપણને સાંપડશે?"

"આશા અમર અને અનન્ત છે. શ્રદ્ધા એ મુખ્ય અને મ્હોટી વસ્તુ છે. એમાં જ સિદ્ધિ સમાઇ છે."

"અને આ દોહ્યલાં દિવસ ક્યાં સુધી ગુજારવા પડશે?"

"વિઠોબાની ઇચ્છા હશે, ત્યાં સુધી...

રહેનાર એને આશરે ભૂખે કદી મરતા નથી,
ભગવાન ભૂખ્યા ભક્તને મૂકી ઉદર ભરતા નથી.

આખા જગતને જે પ્રભુ પ્હેલાં જમાડીને જમે,
એવા પ્રભુના ચરણમાં આ હૃદય ને મસ્તક નમે.

ભગવતી ! ત્હારૂં દુ:ખ એ ભાંગશે. ત્હારી સ્હામે એ જોશે, એનું નામ લે. ”

“ પરન્તુ કઇ આશા પર નિવૃત્ત થાઉં ? ક્યા સાધન ઉપર મનને મારૂં ? કોના વિશ્વાસ ઉપર ચિન્તાને પરહરી શ્રદ્ધાને ધારૂં ?”

“ ફરી પાછી ભૂલી. ફરીથી ગોખ. ફરીથી સમજ. બીજા કોઇના નહિ, કેવળ એક મ્હારા વિઠોબાના વિશ્વાસ પર ! ”

“ અફસોસ ! બ્હાર જતાં જતાં જીજીના મુખમાંથી એક નિશ્વાસ નીકળી ગયો: “ મ્હેં અભાગીનીએ જાણ્યું, કે મ્હારે આંગણે આજ સોનાનો સુરજ ઉગ્યો, પરન્તુ એ તો વિજળીનો ચમકારો હતો. પલકભર ચમકીને—આંખો આંજીને પાછો આકાશમાં વિલીન થઇ હતું એવું અંધારૂં કરી ગયો. ”

ગાંડી રે ગાંડી ! એમાં આપણું હતુંયે શું ને ગયુંયે શું ?

પુષ્પઃ- ૧૧ મું.

"સૌન્દર્યનું તીર."

મધ્યરાત્રીના કાળા અને ગાઢા અંધકારને ભેદી, નિદ્રાધીન નિર્મળ શાન્તિને ચીરી એક મધુરો અને કર્ણપ્રિય સૂર શહેરના એક એકાન્ત અને જનશૂન્ય વિભાગમાં આવેલાં ભવ્ય મકાનની અર્ધખુલ્લી બારીમાંથી સમીરના સુસવાટા સાથે બહાર આવી ચોતરફ ગૂંજી રહ્યો હતો. વચ્ચે વચ્ચે કોઇ કોકિલકંઠી કિન્નરીનો ધીરો અવાજ નુપૂરના ઝંકાર અને મૃદંગ-વીણાના રણકાર સાથે બહાર આવતો હતો, તો વળી કદીકદી કોઇના ખડખડાટ હાસ્યનો ધ્વનિ પણ કાને અથડાતો હતો.

એ ભવ્ય અને રોનકદાર રંગ મહાલયનું નામ સૌન્દર્યમહાલ હતું. બહારથી નામ પ્રમાણે જ રૂપ ધરાવનાર એ સુશોભિત મકાનને એક સૌન્દર્યની અનુપમ પ્રતિમા પોતાની પ્રભાથી અંદરખાનેથી ઉજવળ કરી રહી હતી. એનું નામ સુન્દરી હતું. પરન્તુ એ જીવંત પ્રતિમા જેટલી બાહ્ય શરીર-સ્વરૂપમાં સુન્દર હતી, તેટલી જ બલ્કે તેથી ય વધારે ગુણમાં અંદરખાનેથી કાળી અને બિહામણી હતી. મૃગલાંછનથી અલંકૃત એવી ચંદ્રાની પ્રતિસ્પર્ધા કરતી આ રૂપસુંદરીમાં ફર્ક માત્ર એટલો જ હતો, કે ચંદ્રા મૃગકલંકથી વધુ કીર્તિવાન

લેખાય, જયારે આ સુન્દરી એટલી જ કલંકીત દેખાય! બાકી આમ તો બંને ઉપર ઉપરથી જ હૈડે નહિ તો હોઠેથી તો અમૃત–રસબિન્દુ ટપકાવતી હતી.

પંઢરપુરની એ પ્રસિદ્ધ નર્તકી! ધનહરણુ એજ એનો ધંધો! જેનું ખાવું તેનું ગાવું, એ જ એનો વ્યવસાય! પૈસો એ જ એનો પતિ! એવી એ સદાસૌભાગ્યવતી સુંદરી અત્યારે પોતાના ખાસ નૃત્યભુવન નામના ઓરડામાં એક સોનેરી શિકારને સંગીતના તાન–પલટાંએ, અણીયાળી આંખડીના અજબ ચાળાં–ચરકાએ, દેખાવડી દેહના નમ્ર ડોલન-ઝોલને, અને કોકિલા શા મધુર ટહુકતા કંઠ-સુરે આસમાનના તારા અને હથેલીમાં ચંદ્રમા બતાવી રહી હતી. અને પોતાનું વાદીગરણુની વીણા ઉપર નાચતો મૂર્ખ સર્પ તે બીજો કોઇને નહિ પરન્તુ તુકારામના વધતાં જતાં યશગાને દાઝતો, અને એની ઉપરનું વૈર લેવાની ઇર્ષાથી સળગી મરતો પેલો વેશધારી ગોંસાઇ મંબાજી હતો.

—: ગાયન :—

અહાહા! અજવાળી શી રાત! રે......રસીયા! રમી લ્યો ને,
... ... ઉઠો...રસીયા રમી લ્યો ને,
... ... હાં હાં...રસીયા રમી લ્યો ને.
રમી લ્યો ને.....રમી લ્યો ને.....રમી લ્યો ને.....રમી લ્યો ને, (૨)
રસિક એક રમ્ય હૃદયની રાસ...રસિકડાઓ! રમી લ્યો ને. અહાહા
ભર્યાં થાળે અમૃત—ભોજન........અતિથિએ જમી લ્યો ને,
... ... જરા અતિથિ જમી લ્યો ને,
... ... આવો અતિથી જમી લ્યો ને,
જમી લ્યોને...જમી લ્યોને...જમી લ્યોને...જમી લ્યોને, (૨)

ભ્રમર ! કલિ કોમલ જોતી વાટ...ભમી લ્યોને...ભમી લ્યોને...અહાહા

- રસની સરિતા, રસના સાગર, રસના વહે છે પૂર,
રગ રગ એ રસપાન કરીને બનો મસ્ત ચકચૂર.

પછી રસિયા ! રમી લ્યોને......રસિકડાંઓ ! જમી લ્યોને,
નઠારી દુનિયા કરશે વાત........છતાં દિલબર ! ખમી લ્યોને.

... ... બની નિર્ભય ખમી લ્યોને,
... ...તમે વ્હાલાં ખમી લ્યોને...અહાહા
ખમી લ્યોને...ખમી લ્યોને ખમી..... લ્યોને ખમી લ્યોને (૨)
અમૂલો અવસર આવ્યો હાથ........તમે એને નમી લ્યોને.
.... પ્રિતમ ! એને નમી લ્યોને !
... ... જીવન ! એને નમી લ્યોને !
... ... રસિક ! એને નમી લ્યોને. ...અહાહા.

રસે ભરેલી આ સૃષ્ટિમાં...છૂટે રસના બાણ,
એ ઘામાંથી રસ ઝરતાં કોઇ ઘાયલ ! લૂંટો લ્હાણ.

... ... જીવનધારી ! જમી લ્યોને,
... ... જગત આખું રમી લ્યોને,
... ...ધૂળે સોનું ધમી લ્યોને...અહાહા.
પરાગે 'પુષ્પ' રમાડે આજ......રસિકડાંઓ રમી લ્યોને...

"આખર કરી, આખર કરી, સુંદરી ! જેવું ત્હારૂં નામ છે, તેવુંજ ત્હારૂં કામ છે. થવા દે...એવીજ કોઇ બીજી અફલાતુન ચીજ."

મોઢું મલકાવતાં અને નયના નચાવતાં વારાંગનાએ મુજરો કરી લાલ ગંગાજળની પ્યાલી ભરી મંબાજીના હાથમાં આપી. એને કંઠમાં એકે સપાટે ખાલી કરી એણે એના હાથમાંથી સીસી અને પ્યાલી ઝૂંટવી લીધી. એક પછી એક એ જામની પ્યાલીને ઇન્સાફ આપતાં એ લવવા લાગ્યો:

—: ગાયન :—

લાખો શીશાં ખાલી કર્યાં...સરબત શુરાહી જામના,
પણ એ ગુલાબી હાથની...લહઝત નહિ આવી સનમ!
પાગલ બની તુજ પ્રેમમાં...પીધાં વિના ઢોળી દીધાં,
તો પણ મજા, આવી નહિ...ત્હારા વિના દિલબર સનમ!
માશુકની એ ગોદમાં......મીઠી અગર મહેરીલમાં,
પ્યાલી ભરી મ્હેં ઇશ્કની...ઢોળી દીધી પાછી સનમ!
મહોબત તણી જંજીરમાં...જકડાયલી આ જીંદગી,
પ્યાલી ભરીને પાય ને...ઝેરી બનાવે તું સનમ!
મસ્તક ધર્યું ખોળે અમે... ..પૂરેપૂરા વિશ્વાસ પર!
છૂરી ચલાવે ગરદને......શાને બતાવ અયિ સનમ!
શીશા મહીં સાકી ભરી...સાકી ભરી આ પ્યાલીમાં,
પીનાર હું હાજર છતાં...પાનાર ક્યાં છે તું સનમ?

લે...ભર...ભર...ઇશ્કે સનમ! ત્હારી પાક મહોબતની આ પ્યાલી નાજુક હાથોથી છલાંછલ ભરી દે...બસ...હવે થવા દે... ચાલવા દે......"

—ગાયન—

પેલો જાય...જુઓ પેલો જાય,
હાંરે...પરખો તમથી પરખાય.
એને દેખીને કંઇ કંઇ થાય,
મ્હને ઓ હાય! અરે ઓ હાય!

કુમારાં કુમળાં ઉપવનમાં...વાયુ એના વાય,
લાગ લગાડે અંતર...તોયે ફૂલડાંએ ને ચાહ્ય.

સુઝે નહિ કાંઇ ઉપાય દવાય,
ત્રિલોકે એનાં ગાન ગવાય.

અહા! એની છાયાથી વિશ્વ છવાય,
નહિ એની નજરેથી ન્હાસી જવાય. જુઓ.

—સાખી—

નીચ નરાધમ નિર્દયી...નફ્ફટ એનું નામ,
કાળમુખા એ કુટિલને...દુનિયા કહે છે કામ.

ન સ્હેવાય જરાય એ ઘાય,
કંપે મ્હારી કોમળ અરરર કાય.

અહા! એને તેજે આ આંખો અંજાય,
અરે! એની સ્હામે જરા ન જોવાય...જુઓ.

એનો તાપ - પ્રતાપ અલૌકિક........ત્રાહ્ય કરાવે ત્રાહ્ય,
અંતર કોરે એના કિરણો........ઉંડા અરરર! હાય!

છતાંયે અંધી આલમ ધાય,
ઊંડના એના નીરમાં જઇને ન્હાય.
ડાહ્યાઓ દિવાના એનામાં થાય,
કામણગારો કામ એ તો કહેવાય...જુઓ.

" સાબાશ...શાબાસ...સુંદરી ! ખૂબ કરી. "

" કહો, હવે શી આજ્ઞા છે સરકાર ? " કપૂરી પાનનું ખુશબોદાર બીડું બનાવી આપતાં વારાંગનાએ નેત્રકટાક્ષ કર્યો.

" જો સાંભળ ! આજ ત્હને હું એક મહાભારત કામ સોંપવા માગું છું. "

" મહાભારત કામ ? "

" હા...અને જો એમાં ત્હારા પોબાર પડયા, તો ત્હને ઇનામ પણ એવું જ–મ્હોં માગ્યું મળશે. "

" એમ છે ? ત્યારે તો કહી નાખો. "

" પણ તું ધારે છે, એટલું એ સ્હેલું કામ નથી ! "

" જીવ સટોસટનું ક્યાં ન હોય ? મ્હને તો કહો તો ખરા ! "

" આપણા ગામમાં પેલો તુકારામ ભગડતો નથી રખડતો ? "

" હા...તેને શું છે ? "

" તેને તું બરાબર ઓળખે છે ને ? એનું ઘર જોયું છે ને ? "

" ઘણી જ સારી રીતે. "

" એને પોતાની પવિત્રતાનું જબરૂં ઘમંડ છે, અને મ્હારે એ ઉતારવાનું છે. બોલ, ત્હારાથી એ બનશે ? "

" ઓહો ! એ જ તમારૂં મહાભારત કામ છે ? અરે ! એવા બગલાં ભગતોને તો આમ ચપટીમાં ચાંચડની માફક ચોળી

ઉડાડી નાખ્યા. સમજ્યા મહેરબાન ? " કહેતાં કંચનીએ એની કામણગારી કીકી ફેરવી.

" પણ જોજે, સંભાળથી...શિકાર છટકે નહિ. "

" અરે છટકે તે કેમ ? જુઓ તો ખરા. છટકે તો તો પછી અમારી ચતુરાઇ ઉપર પાણી જ ફરે તો ! "

" તો જોજે, ત્હારે ભરોસે. "

" ફિકર નહિ. "

" ત્યારે હવે રજા લઇશું ? "

" ખાલી હાથે ? "

" ના ના...છેક કંઇ એમ હોય ? લે હમણાં તો આટલાથી સંતોષ માન. કામ પાર ઉતર્યા પછી બીજું વધારે. " કહી એણે ગજવામાંથી કંઇક વસ્તુ કાઢી એની તરફ ફેંકી.

" આવજો. "

મંબાજી મોડી રાત્રે એ પાપાલય છોડી ગયો. બીજી પ્રભાતે વેશ્યા સુંદરી પણ એ સંતપુરૂષને પોતાના સૌન્દર્યના તીરથી વિંધવા સોળ શણગારથી પોતાની દેખાવડી દેહલતાને શોભાવવા લાગી.

અપમાનનો આતશ અને લક્ષ્મીની લાલચ શું નથી કરાવતા ?



પુષ્પઃ- ૧૨ મું.

"અંધકાર પર પ્રકાશ."

સંત તુકારામે આજ પોતાના નવા બંધાવેલાં પંઢરી નાથના મંદિરમાં પ્રભુની પ્રતિમા પધરાવી હતી. સ્નાનાદિથી પવિત્ર થઇ આજ એ હર્ષથી ઉભરાતે હૈયે એમની પૂજા કરી રહ્યા હતા, જ્યારે જીજી એ મંગલ દિનને મંગલ પ્રભાતે પ્રભુદર્શન કરવા પોતાની પાડોશની સખીઓને આમંત્રવા ગઇ હતી.

પૂજનવિધિ સમાપ્ત થતાં જ તુકારામે વિઠોબાની આરતી ઉતારવા માંડી. આખા ગામમાં આજ કેટલોય વખત થયા ખેતરના પાકના ચમત્કારની, અને એના નફામાંથી મંદિર બંધાવાની વાત લોકોને મોઢે ચર્ચાતી હોવાથી, અત્યારે સ્ત્રી-પુરૂષોની એક સારી સંખ્યા એ ન્હાનકડા મંદિરમાં જમા થઇ હતી. એમાં પતિવ્રતા જીજી પણ હતી, અને પેલી પતિતા સુંદરી પણ હતી.

—: આરતી :—

પંઢરીનાથ પ્રભુ...
જય જય ! પંઢરીનાથ પ્રભુ...
સંત મહંતે સેવ્યા...શિશુ શિષનામી નમુ...જય...

" જય વિઠોબાનો જય! જય પંઢરીનાથ પ્રભુ! જય હરિવિઠ્ઠલ." ના પ્રચંડ ઘોષ વચ્ચે આરતી ઉતરી રહેતાં સહુ કોઇ એની અર્ચના લઇ એક પછી એક તુકારામની ભક્તિ વિષે વિધ વિધ પ્રકારની વાતો કરતાં વેરાવા લાગ્યાં. પતિદેવની રજા લઇ પતિવ્રતા જીજી પણ સરખેસરખી સહીયરો સાથે વાર્તાલાપ કરતી કરતી ઘેર જવાને રસ્તે વળી. છેવટ પોતે આરતી લઇ સંતપુરુષ જેવા પાછા ફરવા ગયા, તેવી જ તેમની નજર પાછળ ઉભેલી સુંદરી ઉપર પડી. કોઇ ખાનદાન કુટુંબની કુળવધુ પ્રભુદર્શનમાં પધારતાં મોડી થઇ હશે! એવું અનુમાન બાંધી તુકારામે એને આવકાર આપતાં સન્માનસુચક શબ્દોથી સંબોધી: " પધારો, બ્હેન! જય જય વિઠ્ઠલ!"

" જય પંઢરીનાથ!" વેશ્યાએ પણ સ્હામો તેવો જ વિનય બતાવ્યો.

" લ્યો, બ્હેન! મહા પ્રભુની આ આરતી લેશો કે?"

ઉપરા ઉપરી છૂટતાં બ્હેનના સંબોધને વેશ્યા શરમાવા ને પાછી પડવા લાગી. તુકારામના ભક્તિ-જ્યોતથી વિલસતા મુખડાને જોતાંજ તેનું સોળે શણગાર અને બત્રીસે કળાનું અભિમાન ઉતરી ગયું. છતાં જરા હિંમત રાખી તેણે પ્હેલો પાસો ફેંક્યો:

" માફ કરો, ભક્તરાજ! હું તો જીવતા ને જાગતા દેવની આરતી ઉતારવાને ભરોસે અહીં આવી છું. આવાં પત્થરના જડ દેવની નહિ. મ્હારા મનમાં તો એમ હતું, કે આજ મ્હને સાક્ષાત્ જીવતા ને જાગતા હૃદયદેવના દર્શન થશે."

" શું કહ્યું ? બ્હેન ! તમારા બોલવાનો ભાવાર્થ કૃપા કરી સ્પષ્ટ રીતે સમજાવશો ? " તુકારામ આશ્ચર્યભર્યા વદને એની પળપળ પલકતી કાતીલ નયન કટારીઓ અને પરવાળા સમા હોઠોમાંથી મંદ મંદ મલકી વીજળીની પેઠે બ્હાર દેખાતી ને અદૃશ્ય થઇ જતી દાડમ શી દંતકલીકાઓ તરફ જોઇ રહ્યા.

" પાષાણના આવાં ચેતનહીન દેવતાના પૂજન કરવા કરતાં તમારા જેવા ચેતનવન્તા મહાપુરૂષના દર્શન–પૂજનથી અહોભાગી કાં ન થઇએ ? "

" અહીંજ તમે સજ્જડ ભૂલો છો, બ્હેન ! તમારી આંખો ઉપરથી વિકારી વાસનાના ચશ્મા ઉતારી નાખો. વિકારી નયનોથી નિર્વિકારી નિરંજનનો પ્રકાશ ક્યાંથી દેખાય ? "

" પરન્તુ એથી તો ઉલટું અંધારૂં લાગશે, ઝાંખુ દેખાશે."

" તો તો એ વિકાર કેવળ આંખોનો જ નહિ પરન્તુ હૃદયનો છે. અને એને દૂર કરવાને માટે તો સંયમનું જ શસ્ત્ર જોઇએ. મનોવિકાર ઉપર વિજય મેળવવાને માટે તમારે મનઃસંયમ કેળવવાની જરૂર છે. જરા જાગૃત થાવ, સ્વસ્થ થાવ, અને સમજો કે તમે કોણ છો ? કોના ફરજંદ છો ? ક્યાં છો ? કોની પાસે કેવી આશા રાખી રહ્યા છો ? બ્હેન ! તમે જે શરીર–સ્થાન ઉપર તમારી મોહભરી અને અયોગ્ય આશાભરી નજર નાખો છો, તે તો સુકું રણ છે, એમાં તમારી તૃષા છીપાવે એવું પાણીનું ટીપું ટેરૂં તમને ક્યાંય પણ હાથ નહિ લાગે. અંતરની અભિલાષા પુરવી હોય, તો તો આનું જ નામ લ્યો.

દેખાવમાં પાષાણુ પણ એમાંજ દૈવી અંશ છે,
કેવળ તમારી આંખ પર સંશય-વીંછીનો ડંશ છે.
શ્રદ્ધા નથી તેથીજ તમને શૂન્યતા દેખાય છે,
વિશ્વાસ રાખી પેખતાં પરમાત્મન્ પેખાય છે.
પાષાણના આકારમાં પણ અચળ રાખો આસ્થા,
પૂજન કરો તો પામશો નક્કી તમે સાક્ષાત્તા.

ભક્ત પ્રહ્‌લાદને લોહસ્થંભમાંથી લક્ષ્મીકાન્ત મળ્યા હતા, એ સૃજનજૂના સત્યનું સ્મરણ કરો. બ્હેન! પ્રભુ તો સચરાચર અને સર્વવ્યાપી છે, અને જો એ વાત સત્ય હોય તો...

જો સર્વવ્યાપી હોય તો આ પત્થરોમાં પણ હશે,
એ નિરાકારી ગમે ત્યાં ને ગમે તે રૂપે વસે.
પૂજા કરો મન-વચનથી અર્પી તમારો આત્મા,
નક્કી પ્રકટશે આજ પત્થરમાંથી શ્રી પરમાત્મા.
પાતક ફીટી પાવન થશો શ્રદ્ધાથી ચરણો સેવતાં,
સજીવન થશે સૌ એક દિન આ પત્થરોના દેવતા.

ઇશ્વર ગમે ત્યારે ગમે તે રૂપમાં અને ગમે તે જગ્યાએ અવતાર લે છે, અને લેશે. આજ જડ ભાસતી દેવ-દેવીઓની પાષાણી પ્રતિમાઓમાં પ્રાણના સંચાર થશે, જીવ આવશે, એમની જડતા નાશ પામશે.

"પરન્તુ ભક્તરાજ! એ બધું ક્યારે?"

"તમે ધારો તો, આજે, અત્યારે એ વખત આણી શકો છો. પણ એટલાં સામર્થ્ય જોઇએ, બ્હેન! શંકા ન કરો શંકાશીલો

विनश्यति ! જ્યારે માનવ માત્રમાંથી શંકા અને અશ્રદ્ધાની જડતાનો લોપ થશે, પાષાણુ શી કઠોરતાનો પરિત્યાગ થશે, વિકારીવૃત્તિનું સ્થાન વિશુદ્ધ ભાવના શોભાવશે, ત્યારે એની મેળે આપોઆપ જ્ઞાન –ભક્તિ સેવા–વૈરાગ્ય અને ચેતનના દીપકો પ્રકટશે.

ગમે તેટલી ગલી–કુંચી પણ રસ્તો છેવટ એકજ છે,
રીતભાત છે ભિન્ન ભલે પણ દિશા સહુની એકજ છે.
ધ્યાન ભલેને ધરે ગમે ત્યમ...ધ્યેય બધાનું એકજ છે,
હશે પ્રકારો ભિન્ન ભક્તિના...છતાં શક્તિ તો એકજ છે.
હિંદુ યા મુસ્લીમ હો...ગીતા અગર કુરાન,
મંદિર કે મસ્જીદ હો! બંને દેવસ્થાન."

" પરન્તુ ભક્તરાજ ! જો એમ જ છે, તો પછી એ સર્વ-વ્યાપી ઇશ્વરને આવા એક સંકુચિત આકારમાં ઘડી તેની પૂજા શા માટે કરવી ? "

"બાલકથી માંડીને તે વૃદ્ધ પર્યંત અજ્ઞાની તેમજ જ્ઞાની સર્વ કોઇ એને શ્રદ્ધાપૂર્વક સમજીને અગર તો સમજ્યા વિના પણ સ્મરે, એટલા જ માટે ! જો વિશાળ વિશ્વની સર્વ વસ્તુઓમાં સર્વવ્યાપી પ્રભુ છે, એમ કહી તેનું કેવળ સ્મરણજ કરવાનો ઉપદેશ આપીએ, તો કોણ કઇ વસ્તુને પસંદ કરી પૂજે ? બાકી ઇશ્વરની આવી જ મૂર્તિ ઘડાવી જોઇએ, અને બીજા રૂપમાં નહિ, એવું કશું જ નથી. દુનિયાના સેંકડો મૂર્તિપૂજક ધર્મો સેંકડો દેવ દેવીઓની જાતજાતની અવનવી પ્રતિમાઓ ઘડે છે, ને પૂજે છે, એ સર્વ શું સમજાવે છે ? આંખે ન અવલોકી શકાય એવી એ મહાશક્તિને એનામાં શ્રદ્ધા ઉપજાવવા અને એનું અસ્તિત્વ કાયમ રાખવા પૂરતો જ આ એક

પ્રયાસ છે. જેમ શૂન્ય અર્થાત્ કંઈ નહિ એને પણ કલ્પવાને, સમજાવવાને એક ગોળ મીંડાની આંખે દેખાય એવી કલ્પના કરવી પડે છે, એવું જ આ પણ છે. બાકી રસ્તામાંનો રખડતો પત્થર ઘેર લઈ જઈ તેને દેવસ્થાનમાં પધરાવી સર્વવ્યાપી તરીકે પૂજો, તોય તમે પરમાત્માને મેળવી શકશો. પાષાણ–પ્રતિમા એ પ્રભુ નહિ, પરન્તુ પ્રભુ છે, એનું અસ્તિત્વ કલ્પવાની એક પ્રતિકૃતિ છે."

"જો એમ જ છે, તો પછી એને એક ભવ્ય દેવસ્થાનમાં પધરાવી તે દેવસ્થાનમાં હજારો માણસોને ભેગા કરી તેને પવિત્ર ગણાવવાનો શો હેતુ ?"

"દેવસ્થાન એટલે શું ? એ પવિત્ર શા માટે ? પ્રભુને મેળવવા માટે–એના દર્શન કરવા માટે દરરોજ કેટલાં ભાવિક આત્માઓ એ સ્થાન ઉપર ભેગા થાય છે ? આ બધાં ભાવિક પુરૂષોના પવિત્ર વાતાવરણનો એ જગ્યા ઉપર હમેશાં સંગ્રહ થાય, માટે એ જગ્યા એક પવિત્ર સ્થાન ગણાય છે. મનુષ્ય પોતાના ઘરમાં પણ પરમાત્માનું નામ લઈ શકે છે, પરન્તુ આવાં દેવસ્થાનોમાં જ્યારે હજારો આવનારાઓની પવિત્રતાનું સંયુક્ત બળ હોય છે, ત્યારે ઘેર પોતાની એકલાની જ પવિત્ર ભાવના હોય છે. પછી એ મંદિર હો, મસ્જીદ હો, ચર્ચ હો ! આતશબહેરામ યા અગિયારી હો ! એમાં મૂર્તિ હો ! અગ્નિ હો ! ક્રાઇસ્ટ–મેરીની છબી હો ! કે કશું નહિ હો ! જ્યાં ઇશ્વરને માનનારા, એને પૂજનારા એકઠા થાય, એ પવિત્ર ભાવનાભર્યાં સ્થાનનું નામ ધર્મમંદિર ! દેવસ્થાન !"

"ભક્તરાજ ! ત્યારે પ્રેમ પણ પવિત્ર છે, એમાં પાપ શાનું ?"

"પ્રેમ ! કયો પ્રેમ ? વિશુદ્ધ પ્રેમ ! વિકારી પ્રેમ નહિ. વિશ્વપ્રેમ ! પ્રભુપ્રેમ ! જગતનો પાતકી પ્રેમ નહિ.'

"પરન્તુ હું તો આપને રાધા-કૃષ્ણ સમા શુદ્ધ સ્નેહથી ચાહું છું."

"ત્હારામાં સંયમ નથી, ત્યાં શુદ્ધ પ્રેમની વાત જ શી? શુદ્ધ સ્નેહના સંસ્કારીઓ તો કોઇ ઓર હોય, બ્હેન! ત્હારા વચન અને વેશ ઉપરથી જ ત્હારી ભાવના, જ્ઞાન, અને સંસ્કારનું માપ થઇ શકે છે. તું પતિતા છે, પૂનિતા નથી."

તુકારામના આ સચોટ શબ્દોએ વેશ્યા એક ડગલું પાછળ હઠી. એની જીતવાનો નિશ્ચય કરી આવેલી મનોવૃત્તિઓ એક પછી એક જીતાઇ રહી હતી. અમૂલ્ય ઉપદેશથી આત્મજ્ઞાન થતાં એનું અંધારૂં ધીરેધીરે અલોપ થતું જતું હતું. અજવાળામાં આવવા એનું મન જેટલું આકર્ષાતું હતું, તેટલું જ અંધારામાંથી પાછા હઠતાં આચકો ખાતું હતું. પૂણ્ય-પાણીમાં પલળવા માંડેલું એનું પાપી હૃદય બોલ્યું:

"ભકતરાજ! ત્યારે તમારા પ્રભુ કોના? પાપીઓના કે પૂણ્યવન્તોના? જેના જીવન પુંઠે પાપના જ પડછાયાં પડતાં હોય, એ આત્માઓ તમારા પુણ્યવન્તા પ્રભુના આ પવિત્ર ધામને ઓથે ઉભા રહી શકે ખરા?"

"શા માટે નહિ? પ્રભુ તો આખા વિશ્વનો પિતા છે. પાપીઓ એને પૂજી પૂણ્યવન્તા બની શકે છે, જ્યારે પૂણ્યાત્માઓ પણ એને પૂજી પ્રભુમય થઇ શકે છે."

"મહાપુરૂષ! ત્યારે હું એક વેશ્યા છું. મ્હારૂં નામ સુંદરી! હું તમારા દેહ-દીલની પરીક્ષા કરવા, અને બની શકે તો

તમને પલાળી પતિત કરવાના અશુભ આશયથી આવી છું. મ્હારાથી તમારી આ દેવમૂર્તિને અડાય ? ”

“ બેશક. દેવતા તેનું જ નામ કે જેની આંખે, જેની પાસે ઉંચ, નીચ, ગરીબ, તવંગર, ન્હાના, મ્હોટા, સર્વ સમાન હોય. જેમ લોઢાને કુંદન કરે, એજ પારસમણી ! તેમ જે પાતકી જીવનના પાપ ધોઇ તેને પવિત્ર બનાવે એજ પરમાત્મા ! એજ દેવ ! એજ એનું પરમ પવિત્ર ધામ ! દેવસ્થાન !

પતિત હો તો પાવન થાશો...પૂણ્યનામમાં એવો ગુણ,
પ્રભુ બિચારો કોઇ પ્રાણીનું માથે રાખે છે નહિ ઋણ.
એક તમે જો આપો એને...કરી બેવડા આપે છે,
ન્યાય એક સરખો એનો નહિ કશું કોઇનું રાખે એ.
ભક્તિથી ભરપાઇ કરો...(એ)શાહુકારનું દેણુ,
રાતદિવસ એ ચિંતને...વાળો નાજુક નેણુ. ”

“ ત્યારે શું મ્હારા અગાધ પાપ માફ થઇ શકે છે ? પ્રભુ મ્હારા જેવી પતિતાની પૂજા પણ સ્વીકારી શકે છે ? ”

“ પવિત્ર ભાવનાથી, પૂરા પશ્ચાત્તાપથી કરો તો જરૂર. બ્હેન ! કરેલાં પાપ પશ્ચાત્તાપ અને પ્રભુભક્તિથી નિવારી શકાય છે. અપવિત્ર આત્મમંદિર પ્રયાસથી પાછું પવિત્ર થઇ શકે છે. લ્યો, આ મહાપ્રભુની આરતી...અને આ પ્રસાદી. ”

“ ભક્તરાજ ! મ્હારે સ્પર્શે જગતના કેટલાંક ધર્માત્માઓ અભડાય છે અને તમે......... ”

“ એટલે તમે કેવાં છો ? ”

"જગત્ જેને ધિક્કારની દ્રષ્ટિએ જુએ છે, હલકા નામથી સંબોધે છે, એવી એક અપવિત્ર સ્ત્રી!"

"પણ છેવટે આ લોકના એક મનુષ્ય તો ખરાં ને? બસ, તો પછી એમાં આભડછેટ કેવી? બ્હેન! તું જેને ધર્માત્મા કહે છે, એ તો દંભી પુરૂષો! બાકી સાચ્ચાં સંતજનો અને સાધુપુરૂષોને મન તો સતીના ધામ અને વેશ્યાના મકાન! બધાંય સરખા.

મણિધર ઝળકે ઉપરથી...અંદર વિષની સે'ર,
કાંચન ચળકે કેટલું? છતાં કરે છે કેર.
સફેદ પણ દેખાવમાં...સોમલ કડવું ઝેર,
કાળી તોયે કસ્તુરીમાં બસ જીવન-લ્હેર.
માટે મ્હારા નાથનો તો નિર્મળ ઇન્સાફ,
મેલા તનના માનવી...મન હો ત્હારૂં સાફ.

કહે બ્હેન! તું અહીં શા માટે આવી હતી? ત્હને કોણે મોકલી હતી?"

"હું પ્રથમ જ આપને કહી ચૂકી છું, કે એક ધૂર્ત ઇર્ષાળુ માણસની પ્રેરી આ પાપિષ્ઠા આપને પોતાના જેવા બનાવવાના ઇરાદાએ અહીં આવી હતી, પરન્તુ આપને જોતાં જ, આપના વચનામૃતો સાંભળતાં જ ઉલ્ટી હું આપને આધીન થઇ ગઇ."

"ખરેખર, બ્હેન! આ પામર તુકાના સ્થુળ દેહમાં એવી તે શી સુંદર મોહીની છે? કે તમે મ્હને સ્હાઇ શકો? મ્હારા કરતાં તો મ્હારા વિઠોબાને ચાહો, કે જેને હું તેમજ સારૂં વિશ્વ ચાહી રહ્યું છે. સૃષ્ટિભરમાં જન્મ ધરીને જો કોઇ ચ્હાવા લાયક, પ્રેમ

કરવા લાયક, પ્રીતિ બાંધવા યોગ્ય સ્નેહ અને સૌન્દર્યની પ્રતિમા હોય, તો એ એક જ પૂણ્ય પ્રતિમા છે. તમારો પ્રેમ એને અર્પો, એને પ્રેમદાન દ્યો, એનો હાથ પકડો, એ તારશે, એ ઉદ્ધારશે.

મ્હેં પણ ગ્રહ્યા છે હાથ એનો...તમે પણ તેમજ કરો,
વરમાળ વ્હાલે વિઠોબાના કંઠમાં બ્હેની! ધરો.
આલમ ઉકેલીને જુએ। તો એજ લાયક વર ખરો,
સર્વસ્વ અર્પી એમને કલ્યાણ કાયાનું કરો."

"ભક્તરાજ! તમે જ બતાવો, આ કલુષિત કાયાનું કલ્યાણ કેમ થાય વારૂ ?"

"પ્રભુના ગુણગાન ગાવાથી."

"એવા એમના ગાયન તો હું દરરોજ ગાતી હતી!"

"પરન્તુ તે કેવળ પાપી પેટને પોષવાની નીચ ભાવના અને સ્વાર્થી આશય પૂરતાં જ, ખરા પ્રેમથી, હૃદયથી નહિ."

"મહાપુરૂષ! મ્હને આજ આપે સત્ય દિશા બતાવી આત્મજ્ઞાનનો પાઠ પઢાવ્યો છે. આજથી આ આપની શિષ્યા પોતાની તમામ માલમિલ્કત આપના શ્રી ચરણોમાં ધરી વેસ્યાવૃત્તિને તિલાંજલી આપી ભેખ ધારી પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો દૃઢ સંકલ્પ કરે છે."

"બ્હેન! જો સાચે જ ત્હને ત્હારા પાપકૃત્યોનો અંતઃકરણ-પૂર્વક પસ્તાવો થતો હોય તો, ભેખ ભિક્ષા અને વૈરાગ્યની વાત ઉંચે મૂકી ત્હારે ઘેર જા. પાપમાર્ગે એકઠા કરેલા એ ધનની પાઇએ પાઇ અપંગ અશક્ત નિરાધાર અને અનાથોને વહેંચી આપ. માયાથી વિરક્ત છતાં સંસારમાં રહી સાદુ જીવન ગાળી પ્રભુસ્મરણ

કરો. સાદાઇમાં રહી સંતોષ-સ્નેહથી શ્રી હરિસ્મરણ કરતાં સત્યને રસ્તે ચાલવું એ જ સાચો સંન્યાસ !"

"પ્રભુ! મિલ્કતનો ઉપયોગ કોઇ બીજા ધર્મકાર્યમાં તાત્કાળીક અને એકી સાથે થઇ શકે એમ નથી ?"

"પંઢરીનાથ વિઠોબાનું એક સુંદર મંદિર બંધાવો. ત્હારા જેવી પતિત બ્હેનોને એમાં ઉપદેશ દઇ પાવન બનાવો."

"આપની બીજી આજ્ઞા મ્હને શિરોમાન્ય છે. હવે હું જઇશ."

એ તુકારામના પગમાં પડી. તુકારામ એને આશિર્વાદ આપતાં બોલ્યાઃ "જા...સુખી થા, બ્હેન આ કાયા-માયા કોઇની નથી. એમાં મોહ રાખવો એ એક મિથ્યા ભ્રમણા છે. તૃષ્ણાની સરિતાઓને તરી પેલે પાર જાવ, અંધકારમાંથી પ્રકાશમાં આવી ઉજ્વલ આશાના કિરણો અવલોકતાં શીખો, મોંઘા માનવ-જન્મનું સાફલ્ય કરો. આવો, જતાં પ્હેલાં એક વાર પ્રભુના ગુણગાન ગાતાં જાવ."

"ભલે, જેવી આપની ઇચ્છા."

—: ભજન :—

હવે તો પ્રભુજી પધારો...અમારે આંગણીયે,
આગ્રહ આજ અમારો........................
પ્રભુજી ! હવે તો જરાક પધારો.
પતિત-હ્રદયને પાવન કરવા...એ છે ધર્મ તમારો,
વાટ જોતાં મ્હારી આંખડી થાકી...વાંક બતાવો અમારો.
પ્રભુજી ! હવે તો જરાક પધારો.

ભક્તની ઇચ્છા પૂરવી પ્રેમે...એવો તમારો ધારો,
દર્શન દેવા સૌને તમારે...વારા ફરતી વારો.
પ્રભુજી ! હવે તો જરાક પધારો.

શાક પાક પકવાન પૂરીને...પિરસ્યો થાળ તમારો,
ઠંડા જળના પાન કરો વ્હાલા...જમવા જલ્દી પધારો.
પ્રભુજી ! હવે તો જરાક પધારો

ભજનની ધૂનમાં તુકારામ અને સુંદરી બંને મસ્ત થઇ ગયા હતા, ત્યાં પતિના આગમનની રાહ જોઇ જોઇને થાકેલ જીજીબાઇના ત્યાં પગલાં થયાં. પોતાના પતિની પાસે એક વેશ્યા સ્ત્રીને બેઠેલી જોતાંજ તેની આંખો ઇર્ષા અને ધૃણાથી ઉભરાઇ ગઇ. એક પણ શબ્દનો ખુલાસો સાંભળ્યા વિના, પૂછ્યા વિના, એકદમ ધસી જઇ એણે ક્રોધના આવેશમાં એને ચોટલેથી પકડી બ્હાર ધસડી. ભજન ભજનને ઠેકાણે રહી ગયું.

"નિકળ, રાંડ ! અહીંથી. આ ધર્મમંદિરમાં આ શા ભ્રષ્ટાચાર ?"

"પરન્તુ બ્હેન............" સુંદરીએ ખુલાસો કરવા હોઠ ઉઘાડ્યા.

"બ્હેન કોને કહે છે ? ત્હારી બ્હેન, અને તે હું ? જો રાંડ......સીધી સીધી ચાલી જા અહીંથી. ફરીથી અહીં પગ મુક્યો તો ત્હારો પગ જ ભાંગી નાખીશ." કહી એણે એને બ્હાર કાઢી મુકી.

" દેવી ! દેવી ! પણ સમજ્યા, સાંભળ્યા, કે જોયા–વિચાર્યા વિના સાહસિક કામો કરવાથી પાછળથી પસ્તાવું પડે છે. "

" બેસો બેસો હવે. તમે બધાં વિચારવાળા કામો કરવા માંડયા છે તે ! આ બે બદામની ભ્રષ્ટ રાંડને ધર્મમંદિરમાં ઘાલી એની સાથે ભજનીયાં લલકારતાં શરમ નથી આવતી ? કોઇ જોશે, તો શું કહેશે ? ફરી કોઇ આ મંદિરને આંગણેય નહિ ચઢે. "

" પણ મ્હારી વાત તો સાંભળ......... "

" નથી સાંભળવી મ્હારે તો......મ્હને તો ઘરમાં કામ પડયું છે, ને તમે તો આવાં આવાં નવરાના ધંધા લઇ બેઠા છો. ભૂખ લાગી હોય તો ચોલજો, નહિ તો હજુય બેસી રહેજો. " એટલું બોલી એ ક્રોધમાં ને ક્રોધમાં ચાલતી થઇ.

" અરેરે ! ફરી પાછો એજ સૂજનજૂનો સ્વભાવ ! ભેંસ આગળ ભાગવત ! શ્વાન પુચ્છ ખટમાસ જમીનમાં દાટો છતાં સીધાં થયાં સાંભળ્યાં છે ? એ તો...........

પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ?

પુષ્પઃ— ૧૩ મું.

"સાધુ કે શયતાન ?"

વેશ્યા સુન્દરીના જીવનમાં સંત તુકારામના ઉપદેશે એક જ કલાકમાં અદ્દભુત પરિવર્તન કરી નાખ્યુ હતું. અરે ! એક કલાક પ્હેલાની એ તુકારામને છળવા જવા શૃંગારથી વિભુષિત બનેલી વારાંગના સુન્દરી ક્યાં ? અને અત્યારની અલંકારવિહીન સાદા શ્વેત વસ્ત્રોમાં શોભતી સાધુડી સુન્દરી કયાં ?

વિલાસ, શોખ અને શૃંગારની તમામ વસ્તુઓનો એણે નાશ કીધો હતો. દાસદાસીઓને રજા દઇ દીધી હતી. ઘરની અંદર કોઇને પણ આવવા દેવાની કે મળવાની એની ચોકખી નામરજી હતી. એના હાથમાં માળા હતી, મોઢામાં પ્રભુનુ નામ હતું. વાળ પીઠ ઉપર છૂટા વિખરાયલા હતા. સાક્ષાત્ યોગીની સમી અત્યારે એ શોભતી હતી !

અમૂલ્ય વસ્ત્રાલંકારો વેચી નાખી એણે રોકડ રૂપીઆનો ઢગ નજર સ્હામે એકઠો કીધો હતો. પંઢરીનાથનું મંદિર બંધાવી અવશેષ આયુષ્ય એમની સેવામાં ગાળવાનો એનો દૃઢ નિશ્ચય હતો.

વખતને વીતતાં વાર શી ? ધીરે ધીરે સંધ્યાનાં આછાં અજવાળાં વેરાઇ જઇ રાત્રીના અંધારાના રાજ્યતંત્ર શરૂ થયાં. તે છતાં ય દરરોજ રોશનીની રમકઝમક થતાં અને સંગીતના

વાહૂ વાહૂ ધ્વનિથી ગાજતાં એ ભવ્ય મહાલયમાં દીવાનું નામ સરખું ન્હોતું. સહુ કોઇને એ સ્થાન આજ વેરાન ભાસતું. અને સુંદરી કે જેના જીવન–ગૃહમાં આજ એ આત્મજ્ઞાનનો દિપક પ્રકટ્યો હતો, તેને બ્હારના અંધારા જોવાને આજ એ વિકારી આંખો ન્હોતી!

એવાં અંધારામાં પણ એક જાણીતી વ્યક્તિ ઉપર ચઢી આવી. દીવાસળી સળગાવતાં સળગાવતાં અને શોધતાં શોધતાં તે એના ખાસ ઓરડામાં આવી પહોંચી. તેણે બૂમ મારી: "સુન્દરી! ઓ સુન્દરી!"

પ્હેલી બે ત્રણ બૂમ તો એને કાને ન પડી, પરન્તુ જ્યારે એ અંધારા ઘરમાં એ વ્યક્તિને હાથે દીપકનો ચમકારો થયો, અને જરા વધારે પડતી જોરથી બૂમ મારવામાં આવી, ત્યારે તે ધ્યાન ભંગ થઇ ગઇ. તે ઉભી થઇ ગઇ. પાછળ જોયું.

રાત્રી પડી ચૂકી હતી. પોતાના મકાનમાં દીપક પ્રગટાવી એ ધુર્ત ગોસાઇં અંબાજી એની સ્હામે જ ઉભો હતો. સુન્દરી એની સ્હામું જોઇ રહી. અંબાજી પણ સુન્દરીનો વેશ અને વર્તન એકી ટસે નિહાળી રહ્યો. થોડીવારે એ બોલ્યો:

"સુન્દરી! વ્હાલી! આ શું? આ વેશે અંધારામાં એકલી બેસી તું અહીં શું કરતી હતી?"

"હું અંતરમાં અજવાળું કરતી હતી, અંબાજી! આજથી ત્હારે આ અંધારા ઘરમાં આવવાની જરૂર નથી. આ સુન્દરીએ

સ્નેહ, સંગીત અને સુખભોગની સામગ્રીઓનો નાશ કીધો છે. આજથી એ વૈરાગીની બની સંસાર-સિન્ધુને છેલ્લા નમસ્કાર કરવા માંગે છે.”

“અને આ દોલત, મિલ્કત!”

“એમાંથી કાયાનું કલ્યાણ કરનાર એવું એક પ્રભુનું મંદિર બંધાશે.”

“એટલે તું શું કરવા માગે છે?”

“આજ સુધીના કરેલાં ઘોર પાતકી કર્મોના પ્રાયશ્ચિત્ત!”

“અને મ્હારૂં સોંપેલું કામ?”

“મ્હારાથી બની શકે એમ નથી.”

“સુંદરી! સુંદરી! ત્હને એ તુકાએ ભુરકી નાખીને તો નથી ભરમાવીને?”

“ભુરકી જ નાખી છે, પરન્તુ તે ભમાવવા નહિ કિન્તુ ભાન કરાવવા.”

“તું એક વેશ્યા! આટલી ચતુર અને હોંશિયાર થઇને એવા બામટાની મીઠીમીઠી વાતોમાં ભોળવાઇ ગઇ?”

“મીઠીમીઠી વાતો કરી મ્હને અધમ દિશા બતાવનાર, અવળે રસ્તે ઉતારનાર બામટો તો એ નહિ પણ તું છે, અંબાજી!

ચાલ, કહું છું કે નીચે જા. અને આજ પછી......કોઇ પણ દિવસ..."

" હું ભામટો ! "

" એક વાર નહિ, પણ એક હજારવાર. "

" એમ છે, તો લે...જ્યાં સુધી આ ધોળાબાઇ છે, ત્યાં સુધી જ ત્હને આ બધા ચ્હેનચાળા સુઝે છે...હવે એટલું અભિમાન રાખજે..."

એટલું કહી અંબાજીએ સુંદરીના રૂપીઆની થેલી હાથમાં લીધી સુંદરી એને ઝૂંટવી લેવા એની સ્હામી થઇ. " ચોર...ચોર ...કોઇ આવો......બચાવો...પકડો......" એવી ચીસોથી એ મકાન ગાજી ઉઠયું.

નીચેને રસ્તેથી બે મુસાફરો પસાર થતા હતા, તેમણે આ આર્તનાદ સાંભળ્યો. તેઓ કમાડ તોડી અંદર ધસી આવ્યા. ફાનસના ઝાંખા પ્રકાશમાં અંબાજીએ તેમની તરફ જોયું. એ બંનેએ પોતપોતાની બનાવટી દાઢીઓ કાઢી નાખી. અંબાજી એમને ઓળખતાં જ થરથર ધ્રુજવા લાગ્યો. એ બે વીર વ્યક્તિઓ તે બીજી કોઇ નહિ પરન્તુ નિત્યનિયમ પ્રમાણે રાત્રે નગરચર્યા જોવા નીકળેલા હિંદપતના તારણહાર મહારાજ શિવાજી અને તેનો સરદાર તાનાજી પોતે હતા.

" શું છે ?" શિવાજીની વીરહાક વાગી.

"પ્રત્યુત્તરમાં લોહીલોહાણ થઇ નીચે પડેલી અને મૃત્યુનો છેલ્લો શ્વાસ ખેંચતી અભાગીની સુંદરીએ પોતાનો સમસ્ત ઇતિહાસ નિવેદન કરતાં કહ્યું: "મહારાજ! આ સાધુના વેશમાં મ્હારે ત્યાં હરરોજ આવતા લંપટ મંબાજીએ પોતાના અંગત અપમાનનું વેર વાળવા મ્હને સંત તુકારામ પાસે મોકલી હતી, પરન્તુ એમના ઉપદેશે અને પ્રભાવે મ્હારા જીવનમાં સર્વથા એથી આવો વિપરિત જ પલ્ટો થયો જોઇ આ દુષ્ટ પંઢરીનાથ પ્રભુનું દેવાલય બંધાવવો એકઠી કરેલી મ્હારી આ મિલ્કત બળાત્કારે લઇ ન્હાસી જવા માટે પ્રયત્ન કરતો હતો...હું એની સ્હામે થઇ, અને એણે મ્હારા પાપી જીવનની આ રીતે પૂર્ણાહૂતિ કરી......" એટલું કહી એણે પ્રાણ છોડયા.

"ઓહો! ત્હારા જેવી એક વેશ્યાને પણ વૈરાગીની બનાવી દે, એવો એ સંતપુરૂષ કેવોક છે વ઼રૂ?"

"મહારાજ! બિલ્કુલ દંભી છે, પાગલ છે. અને આ સુંદરીને પણ કોઇ મંત્રતંત્રથી......"

"ચૂપ રહે. તાનાજી! આ સંબંધમાં મ્હારી પૂરેપૂરી ખાત્રી ન થાય, ત્યાં સુધી આ પાજી સાધુને કારાગૃહમાં રાખો, અને એ મહાપુરૂષ કોણ છે? કયાં રહે છે? વગેરેની માહીતી મેળવી તેની પરીક્ષા કરી જોઇ મ્હને સત્ય બીનાથી વાકેફગાર કરો; તેમજ આભાગીની નર્તકીની પવિત્ર લાસને છેલ્લા અગ્નિસંસ્કાર કરાવવાનો યોગ્ય પ્રબંધ કરી આ ધનમાલ હાલમાં રાજ્યને કબજે રાખો."

" ભલે ! જેવી મહારાજની આજ્ઞા. "

" પણ પ્રભુ ! હું તો બિલ્કુલ નિર્દોષ છું...આ રાંડ જુઠ્ઠી છે. જોજો, તમારે જોઇએ તો આપણા રામેશ્વર ભટ્ટને પૂછી જોજો."

" બસ, મ્હારે કોઇને નથી પૂછવું વેશ્યાઓને ત્યાં આવનાર ત્હારા જેવા સાધુઓમા સદ્ગુણ–અવગુણ જોવાનું કે વિચારવાનું જ ક્યાં રહ્યું ? ત્હારા જેવા સાધુ તે સાધુ નહિ પણ શયતાન છે. જાવ...લઇ જાવ. "

અભાગી આર્યાવર્તમાં આજ સેંકડે સત્તાણુ સાધુ આવા !



પુષ્પઃ– ૧૪ મું.

"સંસાર–સિન્ધુ."

પંઢરીનાથ પ્રભુની સેવા કરતાં કરતાં તુકારામ એક પુત્રના પિતા થયા હતા. છતાં એમને એ વાતનો કશો જ હર્ષ–શોક ન્હોતો. એને ઘર કે સંસારની ચિન્તા હવે સમૂળી ન્હોતી રહી. હવે તો ચોવીસે કલાક પંઢરીનાથના મંદિરમાં માળા લઇને જ એ પડી રહેતા.

પત્નીના બેશુમાર કાલાવાલાએ આજ તુકારામ એમના એકના એક માંદગીને બિછાને પડેલા દુધપીતા બાળકની પાસે આવી બેઠા હતા. એક બાજુ આંખમાંથી દડદડ આંસુ સારતી એ કુમળાં ફૂલની હેતાળ માવડી બેઠી હતી. પરન્તુ તુકારામ તો ત્યાં બેઠાં બેઠાંય વિઠોબાના નામની એકાગ્ર ચિત્તે માળા ફેરવી રહ્યા જીજીની સહન શકિત એ જોઇ ખૂટી ગઇ. એ કરૂણાભર્યા સાદે છતાં ક્રોધભરી આંખલડીએ બોલીઃ

"મ્હારો સોનાના મૂલનો દીકરો આજ દશ દશ દીવસથી માંદો પડ્યો છે, અને તમને તો કંઇ લાગતું જ નથી?"

"દેવી! પ્રભુ જે કંઇ કરે છે, તે સારાને જ માટે કરે છે. એમાં સારૂં-માઠું લગાડનાર મૂર્ખ!"

"એકનો એક દીકરો તાવે તરફડે છે, તે સારાને માટે? આ તમે શું બોલો છો? તમને સંસારનું કશું જ ભાન નથી? જાણે બીજા નરસિંહ મહેતાની માફક આઠે પ્હોર માળા જ..."

"બસ એજ* તું પણ એમ જ કર, કારણ કે ત્હારા પુત્રને આરામ મળે એવી દવા જો કોઇ પાસે હોય, તો એક એની પાસે!

એ દયાળુના નામના દિન રાત મણકા સેરવો,
માળા પ્રભુના નામની પામર મનુષ્યો ફેરવો.
ભગવંતની ભક્તિ રૂપી ઝોળી ખભા પર ભેરવો,
અંતઃકરણ ને આંખ બંને એ પ્રભુ પર ઠેરવો.
ઔષધ પ્રભુના નામના રોગીને પીવા આપવા,
એ વિઠોબાના નામ વિણ નહિ વિશ્વમાં ઉત્તમ દવા."

' બહુ સારૂ."

"દેવી! સુખ દુઃખ સહુ સહુના કર્માધીન છે. એમાં આમ કલ્પાંત કર્યે શું વળનાર છે?

સંસાર સુખ દુઃખે ભર્યો...નાહક નિસાસા નાખવા,
મુંગે મુખે માથે પડે તે સંકટો સહુ સાંખવા.
કડવાં-મીઠાં અર્પે વિભુ...તે સ્વાદ! સ્નેહે ચાખવા,
જેમાં પ્રભુ રાજી રહે...એમાં જ એને રાખવા.

વ્હારે અનાથોની ચઢે...એ વૈદ છે એવો ભલો,
રોગી નિરોગી બેઉને...આરામ દે એ એકલો.

આ પુત્ર એનો છે, આપણે પણ એના છીએ. આપણું શું છે ?"

"કોઇ કહે તો ખરૂં, કે મ્હારો છે ?"

"ત્યારે ત્હારો ક્યાં સુધી ? ત્હારામાં અને એનામાં જીવ છે, તમારી બંનેની આંખો ઉઘાડી છે ત્યાં સુધી. પછી ? પછી એ કોનો થનારો છે ? ગાંડી ! જગત્ આખુંજ જ્યાં એ વિઠોબાનું બાળક છે, ત્યાં પછી ત્હારૂં કોણ ને મ્હારૂં કોણ ?

કોના પિતા માતા પ્રિયા કોની ને કોના બાળ છે ?
છે ભાઇ કોનો ? બ્હેન કોની ? જુઠી જગ જંજાળ છે.
કોના બગીચા બાગ કોના મ્હેલ મંદિર માળ છે ?
છે ઝાડ તો એ એક એની આ બધી તો ડાળ છે.
છે પારકો આ પિંડ તેમજ પારકા આ પ્રાણ છે,
વેરાય કીરણો વિશ્વમાં એ વેરનારો ભાણ છે.

અને તેથીજ એને જગત્પિતા તેમ જ જગત્પતિ કહેવામાં આવે છે.

મિલ્કત બધી માલીકની અહીં આપણું કંઇ છે નહિ,
જો આપણું એ હોય તો સંગાથ કાં આવે નહિ ?

આ પુત્ર ને ઘરસૂત્ર સારૂં વિશ્વ એનો અંશ છે,
નહિ આપણો પણ આપણી એ વિધાતાનો વંશ છે.
મ્હારૂં તમે માની રહ્યા......એમાં તમારી ભૂલ છે,
એના બગીચામાં ઉગેલા......માનવો તો ફૂલ છે.

માટે દેવી ! એનું જ ધ્યાન ધરો, એનાજ વિશ્વ-બગીચામાં ઉગેલાં આ ફૂલડાંને એની એવી જ ઇરાદા હોય તો આંસુભરી નહિ પરન્તુ અમીભરી આંખે એને પાછું અર્પણ કરો."

"અરેરે ! સગ્ગા બાપ થઇને પેટના પુત્રનું આવું અમંગળ ઇચ્છતાં તમને જરાય દયા નથી આવતી ? જાવ, તમારે અહીંથી જવું હોય તો..."

જીજી ત્યાંથી ઉભી થઇ ઘરમાં ગઇ. પુત્રના મોઢામાં કંઇક દવા રેડી તે પાત્ર ત્રણ વાર તેના માથા ઉપરથી ઉતારી હેઠે મૂક્યું. તે પછી તે ઝળઝળીઆં ભરી આંખે અને ભીને કઠે એની પાસે ઘુંટણીએ પડી હાથ જોડી બોલીઃ

"હનુમાનદાદા ! તમે જો મ્હારા પુત્રને સારૂં કરશો, તો તમને સવાપાશેર તેલે ન્હવરાવીશ."

શો પુત્રપ્રેમ ! માતૃપ્રેમ ! તુકારામ પણ એક ક્ષણ એના ઉતરેલા દયાજનક મોઢા તરફ જોઇ રહ્યો. ત્યાં પાડોશની એક સ્ત્રી એના પુત્રની ખબર પૂછવા આવી. "કેમ જીજીબા ! બચુને કેમ છે ?"

" છે એમ છે, જુઓની બ્હેન ! હજુ કાંઇ ફેર પડતો નથી. હું અબળા જાત તે હવે શું કરૂં ? મરૂં ? "

" કેમ, તે બચુના બાપા છે ને, એમને કહોને કોઇને દેખાડે. "

" મ્હારા ફૂટેલા નસીબની તો વાત જ જવા દે બ્હેન ! "

" ત્યારે ઉઠો, ચાલો મ્હારી સાથે. મ્હારા પતિ આજ ઘરમાં છે. તે તમને સંકલ્પ મૂકાવશે. "

" શાનો સંકલ્પ ? બ્હેન ! "

" એજ કે મ્હારા દીકરાને સારૂં થશે, એટલે પાંચ બ્રાહ્મણો સજોડે જમાડીશ. "

"મ્હારૂં ગરીબ માણસનું એટલું ગજું નહિ, બ્હેન ! થાય એટલું જ માનીએ, દેવતાના બંધનમાં શા માટે રહીએ ? આ જન્મે તો આટલું ભોગવીએ છીએ, અને વળી આવતે જન્મે..."

" વધારે નહિ બને તો એક જોડું જમાડજે. પછી શું છે ? આજના કળિયુગના વખતમાં બ્રહ્મભોજન કરાવ્યાનું પુષ્કળ પૂન્ય છે. "

" એમ ! ત્યારે તો ચાલ. સાથે સાથે વળી આજ શનીવાર છે, એટલે હનુમાનને દર્શને પણ જતી આવીશ, ને બાધા પણ લેતી આવીશ. "

બંને બ્હેનપણીઓ ઉભી થઇ ગઇ. માળા ફેરવવામાં લીન થયેલ પતિને જીજીએ જતાં જતાં મ્હોટેથી કહ્યું:

"સાંભળ્યું કે? એ...જરા જોજો. એને જોતાં રહેજો. હું હમણાં ગંગાબ્હેનની સાથે જઇ એમને ત્યાં એક બ્રાહ્મણનું જોડું જમાડવાનો સંકલ્પ કરીને, અને હનુમાનને મંદિરે બાધા લઇને આ આવી..."

"શું કહ્યું? બાધા–માનતા? જરા થોભો. દેવી! ભગવંત તો ભાવ ના ભૂખ્યા છે, બ્રહ્મભોજનના નહિ. દેવ કાંઇ ત્હારા સવા પાશેર તેલના લાલચુ નથી. એ તો પ્રેમ–ભક્તિના પૂજારી છે.

> અજ્ઞાની લોકોના મગજનો એક આ તો વ્હેમ છે,
> નાખે શિકારી જાળ એવી બૂરી એમાં નેમ છે.
> છે શાસ્ત્રનો સિદ્ધાંત કહી સ્વાર્થીઓ ઉંધુ વેતરે,
> ભોળા અને અજ્ઞાન ભાળી એ તમોને છેતરે.
> અંદરથી કાળી કીટલી...ઉપરથી ધોળું નાળચું,
> માનવ સમા નહિ દેવતા એ લાંચીયા ને લાલચુ.

એવી બાધા-માનતામાં અંધ વિશ્વાસ ન રાખો '

"તો રહ્યું. મ્હારે શું? હું તો આ ચાલી. મ્હારા વર કંઇ નવરા નથી પડયા" પાડોશણ ગંગાને એક દિવસનું ન્હોતરૂં જતાં વાંકુ પડી ગયું.

"ના, ના, બ્હેન! ત્હારે એમના બોલવા તરફ જોવાની જરૂર જ નથી. એમનો તો એવો સ્વભાવ જ પડયો છે. ચાલો, હું આવવા તૈયાર છું."

બંને બ્હેનપણીઓ ચાલતી થઇ. તુકારામ એમને જતાં જોઇ રહ્યા.

× × × ×

" અરેરે! આવા વ્હેમમાંને વ્હેમમાં જ હિન્દુધર્મે પોતાના પૂજ્ય ને પવિત્ર ધર્મશાસ્ત્રો ઉપર પાણી મૂક્યાં. જ્યાં દંભ દગા અને સ્વાર્થના સામ્રાજ્ય થાય, ત્યાં પછી શ્રદ્ધા અને સત્યને દેશવટો મળે જ! "

એટલામાં બચુ જાગ્યો, જાગતાં જ રડવા મંડયો. તુકારામ તેને માથે હાથ ફેરવતાં બોલ્યા: " ભાઇ! ત્હેને શું થાય છે? ચાલ, એક પ્રભુભજન ગાઇ સંભળાવું, એટલે સારૂં થઇ જશે. કહી એને રડતો રાખવા એમણે મંજીરા વગાડવા માંડયા.

—: ભજન :—

પ્રભુજી પાર ઉતારો......અમારી નૌકા પાર ઉતારો.
ભર દરિયામાં આવી અટકી...એકે રહ્યો ના આરો,
અંધારે આથડીએ અમે તો...કયાં છે સ્હામો કિનારો ?
　　　　બતાવો...કયાં છે સ્હામો કિનારો ?...પ્રભુજી
આ રે અજાણ્યો માર્ગ અમોને...બેલી કોણ અમારો ?
બેઠાં અમે તો આપની આશે...આશરો એક તમારો.
　　　　રહ્યાં વિશ્વાસે તમારે તારો........પ્રભુજી

આકારો અંધારૂં છવાયું...સૂઝે ન એકે તારો,
ભૂલાં પડીને ભટકી રહ્યાં અમે...ભવ ભગવંત સુધારો.
　　　　જીવન-નૈયાં અમ આજ ઉદ્ધારો...પ્રભુજી

" કેમ બાઇ ! હવે આરામ થયો ? " કહેતાં તુકારામે તેના ગરમ શરીર ઉપર પોતાનો ભકતીભીનો હાથ ફેરવ્યો.

" ઓ કરૂણાનિધાન કેશવ ! ત્હારા આ કુમળા કુસુમને કાળ પોતાની કરાળ દાઢમાં ખીલ્યાં પહેલા જ ન ચાવી જાય, એ સંભાળજે. "

છેલ્લા શબ્દો એમના મોઢામાંથી બ્હાર પડતાં જ બ્હાર ગએલી જીજી ત્યા આવી ઉભી રહી. પ્રભુકૃપાએ તુકારામની પ્રાર્થનાએ બચુ પણ આંખો ઉઘાડી હસવા લાગ્યો. તુકારામ એના હસતા વદન તરફ જોઇ બોલ્યા: " આહા ! પ્રભુએ આખરે એના ભકતની વ્હાર કીધી ખરી ! એની પ્રાર્થના સાંભળી ખરી ! "

એટલામાં તો જીજીએ એને હર્ષભેર ઉંચકી લઇ છાતી સરસો ચાંપ્યો. "હાસ...મ્હારા બચુડા ! આખરે હુરમાનદાદાએ મ્હારી રાંકડીની માનતા તરફ જોયું ખરું ! મ્હારી બાધા ફળી: "

" દેવી ! એ ત્હારી બાધાનો પ્રતાપ નહિ પરન્તુ મ્હારા પરમકૃપાળુ પ્રભુની અમીદ્રષ્ટિની જ પ્રસાદી છે ! "

" હા...ત્યારે ? તમારા પ્રભુ અત્યાર સુધી કયાં ગયા હતા ? એતો મ્હારા સંકલ્પ અને માનતાના પ્રતાપ ! "

" ભલે, એમ માન.

મિથ્યાં ફૂલી માનવી...જે ઇચ્છે તે માન,
પણ શું એમાં સત્ય છે ? એ જાણે ભગવાન.

દેવી ! મ્હેં ત્હને કેટલીયે વાર કહ્યું, કે બાધા–માનતાના તરકટી ફંદમાં તું જરાયે શ્રદ્ધા ન રાખ. પરન્તુ જો સંકટોના સમુદ્રોમાંથી ડૂબતાં બચવું હોય, તો...

સ્નેહે સ્મરો એ તાતને સંકટ તમારાં કાપશે,
બસ હાથ ઝાલો એમનો..સર્વસ્વ તમને આપશે.

તન મન તમે અર્પણ કરો...રહો એમના વિશ્વાસ પર,
સંતોષથી સુખદુઃખ સેવો...અમર એની આશા પર.

મન–બળદને માયા રૂપી...નાહક પરોણી ઘોંચશો,
એને ભરોસે વ્હાણ હાંકો...પાર જલ્દી પહોંચશો.

આખું જગત જેનો પરિવાર છે, એ પિતાની અમીનજરથીજ આપણો પુત્ર સાજો થયો છે."

"ભલે, તમારી માન્યતા તમને મુબારક !" કહી જીજી ત્યાંથી પુત્રને લઇ ચાલતી થઇ.

એના ગયા પછી એ સંત-હૃદય સંસારના આ ચિત્ર વિચિત્ર રંગોના પાશમાંથી પાછું પતિત અને મૂકત થવાને પ્રભુલીલાના પારાવાર અને અગાધ સમુદ્રમાં ડુબકી મારવા લાગ્યું.

"હે પ્રભો ! ત્હારી આ શી લીલા ! સંસાર–સિન્ધુમાં આવાં માયાના મોજા ઉછળતાં ત્હેં ન રાખ્યા હોત તો ! તો મનુષ્યને ઉન્નતિને પારથી અવનતિને પાર કોણ ઘસડી જતે ! છતાંય

ત્હારી એ અગાધ લીલામાં કંઇને કંઇ પણ શીખવાનું અને સમજવાનુ હશે જ ! દિનરાત વહેતા સંસાર-સિન્ધુના એ ઉંડા જળ-માંજ માનવ-કલ્યાણની અને ઉદ્ધારની અનંત લહરીઓ લહેરતી હશેજ ! એટલું જ કે કોઇ એને જોઇ શકે છે, જ્યારે કેટલાંક એ સિન્ધુમાં ડૂબકી મારી અંદર કેવળ કાદવ અને કાંકરા જ દેખે છે."

સંત તુકારામના સંસાર-સિન્ધુમાં શું હતું ?

પુષ્પઃ– ૧૫ મું.

"આંખો ઉઘડી."

"બ્હેન ! સાધુ તુકારામનું ઘર અહીં ક્યાં આવ્યું ?"

"કેમ ? તમારે એમનું શું કામ છે ?"

"હું મહારાજ શિવાજીની આજ્ઞાથી......"

"શિવાજી ? પણ ભાઇ ! અમે તો તમારા મહારાજાનું કંઇ જ બગાડ્યું નથી." જીજીબાઇ મહારાષ્ટ્રના સિંહ શિવાજીનું નામ વીર તાનાજીના મોઢામાંથી સાંભળતાં જ ફિકકી પડી ગઇ.

"જો તુકારામ આજ ઘરમાં રહેતા હોય, તો એમને બોલાવો, અમે એમને પકડી જવાને નહિ, પરન્તુ મહારાજાના હુકમથી એમને આ અમૂલ્ય વસ્તુઓ ભેટ આપવા આવ્યા છીએ." કહી તાનાજીએ સાથે આવેલા સેવકના હાથમાંહેની થાળ ઉપરથી ઢાંકેલું વસ્ત્ર દૂર કર્યું.

જીજીની આંખો એમાંના કીમતી વસ્ત્રાલંકારો અને સુવર્ણ-મ્હોરો ઉપર પડી. એ તો એ બધું જોઇને સ્થંભી જ ગઇ! "આ શું ? આ બધું તમે અમારે ત્યાં આપવાને લાવ્યા છો ?"

"નહિ, મહારાજ શિવાજીએ એ સંત તુકારામને માટે મોકલાવ્યું છે."

"તો તો લાવો, તમે શું લાવ્યા છો ? મ્હને જરા જોવા તો દ્યો. આ એમનું જ ઘર છે, અને હું એમની જ સ્ત્રી થાઉં."

"ત્યારે તો લ્યો, પરન્તુ એઓ ક્યાં ગયા છે ?"

"જરા નદિએ સ્નાન કરવા ગયા છે, ત્યાંથી પંઢરીનાથની પૂજા કરી હમણાં આવી પહોંચશે. તમે અહીં ઓસરી ઉપર બેસોની..." કહી જીજીએ એ મૂલ્યવાન ભેટની થાળ ઉઘાડી અંદરના આભૂષણો અંદર જઇ શરીરે ધારણ કરવા માંડયા.

તાનાજી તેના સેવક સાથે બ્હાર ઓસરીએ બેઠો. ત્યાં થોડીવારમાં પ્રભુનામની માળા ફેરવતા સંત તુકારામ આવી રહ્યા. તાનાજીએ તેમને નમસ્કાર કર્યા. તેને હાથ જોડી "જય પંઢરીનાથ !" કરતાં તુકારામે પૂછ્યું: "ભાઇ ! આપ કોણ છો ? અને અહીં શા માટે આવ્યા છો ?"

"મહાત્મા પુરૂષ ! આપના નામની ખ્યાતિ મહારાજ શિવાજીને કાને પહોચવાથી તેમણે મ્હને આપને ચરણે યતકિંચિંત ભેટ ધરી સન્માનપૂર્વક આપને તેડી લાવવા મોકલ્યો છે. મ્હારૂં નામ તાનાજી."

"ભેટ ! શાની ભેટ ? કઇ ભેટ ?"

અને તાનાજી એનો જવાબ આપે એ પ્હેલાં તો મોંઘા વસ્ત્રાલંકારોથી વિભૂષિત થયેલી જીજીબાઇ મલકાતે મુખડે બ્હાર

આવી. આંગણામાં તાનાજી સાથે પોતાના પતિદેવને ઉભેલા જોતાં જ એ હર્ષભેર બોલી ઉઠીઃ "લ્યો! આ મ્હારા સ્વામીનાથ આવી આવી પહોંચ્યા...પ્રભુ! શિવાજી મહારાજે........"

"પરન્તુ દેવી ત્હારા શરીર ઉપર આ બધું શું?"

"પ્રભુ! શિવાજી મહારાજે આપને એ બધું ભેટ મોકલાવ્યું છે, અંદર તો આવો, બીજું પણ થોડું બતાવું."

"હા મહાત્મન્! મહારાજની એવી ઇચ્છા છે, કે આ તુચ્છ ભેટ સ્વિકારો, અને દર્શન દેવા મ્હારી સાથે પધારો તો કૃપા."

"તેમાં આ બધાની શી જરૂર છે? આ મૂલ્યવાન વસ્તુઓ તો મહારાજને મહેલે જ શોભે, આ પામર તુકાના ઝુંપડીમાં એ માયાવી અને ચિન્તાભરી ચીજો ન જોઇએ. તાનાજી! આ તમામ પાછું લઇ જઇ મહારાજને વિનયપૂર્વક કહેજો, કે તુકારામનો પ્રભુ! તમારી આ પ્રભુતાને સ્વપ્નેય નહિ અડે એને તો પ્રેમ ભકિત ને ભાવની જ ભૂખ! વિઠોબાનું નામ ભુલાવે, મન ચગાવે, એવાં ચળકતા આ પત્થરોને હું કયાં સંઘરૂં? એ તો રાજભંડારે જ શોભે! એને પાછા લઇ જાવ...દેવી! તાનાજીને તમામ પાછું સુપ્રત કરો."

"પણ પ્રભુ!........"

"બસ! આપી દે...આપણે એ કંઇ જ કામનું નથી."

"પરન્તુ ભૂખે મરીએ છીએ, તેનો તો કંઇ...લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે તો........"

" હજાર હાથવાળો વિઠોબા જેને માથે છે તે ભૂખે મરશે? કદી નહિ. દેવી! શ્રદ્ધા રાખ. ત્હને આ માયા વ્હાલી છે? કે હું?"

" બંને. "

" તો બસ, જો ત્હને મ્હારી જરૂર હોય, તો એ માયાને જતી કર, અને માયાને રાખવા માગતી હોય, તો મ્હને જવા દે."

" અરેરે! જગત્‌માં જન્મીને મ્હેં અભાગીનીએ પરણીને, ઘરસંસાર માંડીને પણ શા સુખભોગ દીઠાં?" પ્હેરેલાં વસ્ત્રાલંકાર ઉતારી આપતાં જીજીએ નિશ્વાસ મૂકવા માંડયો.

" ઉપરથી દેખાતું એવું આ સુખ નહિ, પરન્તુ ઉલ્ટું દુઃખ છે. તેમ છતાં જો ત્હારે એજ સુખ જોઇતું હોય, તો લે... મ્હારો વિઠોબા ત્હને ધનના ઢગલે ઢગલાથી દાટી દેવા તૈયાર છે. લૂંટ...લૂંટાય એટલું લૂટી લે..."

તુકારામે વિઠોબાને સંભાર્યાં. ભક્તની વ્હારે ધાવા એ ક્યારે ચૂક્યા છે? કે ચૂકે! તુકારામના આંગણામાં આકાશમાંથી સોના-મ્હોરોનો વરસાદ વરસ્યો. જીજી અને તાનાજી તો ફાટી આંખે આ અદ્ભુત ચમત્કાર જોઇ જ રહ્યાં.

" કેમ હવે ધરાઇ? મ્હારા વિઠોબાના સામર્થ્યનું ભાન હવે થયું?"

પતિવ્રતાની આંખમાં પાણીના રેલા ચાલ્યા. આજ લાંબે વખતે એની લક્ષ્મીની ભૂખ ભાંગી, માયાવી વૃત્તિ આજ એને છોડી ગઇ. પોતાના પતિદેવને એણે આજ પૂરેપૂરા ઓળખ્યા. આજ

એને આત્મજ્ઞાન થયું, એની ચર્મચક્ષુઓ અંધ થઇ જ્ઞાનચક્ષુઓ ઉઘડી. પતિદેવના પગમાં માથુ મૂકતાં એ ગદ્દગદ્દ કંઠે બોલીઃ

" પ્રભુ ! મ્હારી ભૂલ આજ ભાંગી. મ્હને માફ કરો. આજ મ્હારી મીંચાયલી **આંખો ઉઘડી.** આજ મ્હેં આપને અને આપના પ્રભુને ઓળખ્યા. મ્હને તો તમારૂં કામ છે, માયાનું નહિ. "

" તો માયાનો બહિષ્કાર કરી માયાપતિને મેળવવા પ્રયાસ આદરો. "

" હવેથી એમજ કરીશ."

" તાનાજી ! તમારૂં આપેલું તમામ ધન પાછું લઇ લ્યો. અને ચાલો, હું મહારાજની ઇચ્છા પૂરી કરવાને તમારી સાથે આવવા તૈયાર છું. "

" પ્રભુ ! વ્હેલા પાછા ફરજો. "

સ્વર્ગલોકથી એ સંતને માથે ફૂલડાંનો વરસાદ વરસ્યો

પુષ્પઃ- ૧૬ મું.

"મંદિર કે મસ્જીદ?"

સરિતા કિનારે ભટ્ટ રામેશ્વર સ્નાન કરી વસ્ત્ર બદલી રહ્યા હતા. પંડિતાઇના સેંકડો પોથા-પુરાણો ઉથલાવ્યા છતાંય એમની દૃષ્ટિ-સૃષ્ટિમાં હજુ ઉંચ-નીચનો ભેદભાવ કાયમ હતો. અંત્યજનો પડછાયો પડે એટલે એને પાપ લાગતું. એ દિવસમાં પચાસ વાર અભડાતા-અપવિત્ર થઇ જતા, અને પચાસ વાર ન્હાતા. તેમાંય મહારાષ્ટ્ર કેશરી શિવાજી મહારાજના ભગવા ઝુંડાની બોલબાલાને લીધે તો એઓશ્રી પરધર્મીઓનો ઓળો પડતા જ સરસ્વતી સંભળાવવા ન ચૂકતા.

જે સરિતામાં સેંકડોના પાપ અને મલિનતા ધોવાય છે, એવા ગંદા જળને પરમ પવિત્ર ગણનાર રામેશ્વર બદલેલું બીજું વસ્ત્ર એમાં ધોઇ રહ્યા હતા, ત્યાં એક ખુદાના બંદા મુસલમાન ફકીરે આવી એનાથી થોડે દૂર જઇ પોતાના હાથ-પગ ધોવા માંડયા, અને જ્યાં પાણીનો એક જ કોગળો એણે કીધો, ત્યાં તો ભટ્ટ રામેશ્વરની આંખો ચાર થઇ ગઇ. એ પોતાનું વસ્ત્ર નીચોવવું જ્યાં ને ત્યાં જ પડતું મુકી એની પાસે દોડયા.

"હાં...હાં...સાંઇબાવા! આ નદીના નીરને સ્પર્શી એને અપવિત્ર કરતાં પહેલાં તમને હું એટલા માટે અટકાવું છું, કે એનું પુણ્ય-જળ સ્હામે દેખાતા ભગવાન શંકરના દેવાલય માંહેની દેવમૂર્તિને દરરોજ સ્નાન કરાવવા માટે વપરાય છે, અને વળી આ સરિતામાં તો સર્વ કોમમાં ઉચ્ચ એવા બ્રાહ્મણો સ્નાન કરે છે."

"એથી શું થઇ ગયું? બચ્ચા! પાવક, પૃથ્વી અને પાણી એ ત્રણ તો બિલકુલ પવિત્ર વસ્તુઓ છે. જે પાણી સ્નાન કીધે દેહના સારા પાતક પ્રજાળી નાખે, એને વળી અપવિત્રતાની આંચ સરખીય લાગે ખરી કે? અને એ પાણીથી પાવન થયેલ મનુષ્ય પછી પાતકી રહે પણ ખરો કે...?"

"પરન્તુ હું તો હિન્દુઓને માટે કહું છું. નહિ કે......"

"ચાહે તે હો! હિન્દુ, મુસલમાન, ઇસાઇ યા પારસી! પવિત્રતામાં પક્ષાપક્ષીને કે ભેદભાવને સ્થાન જ હોતું નથી, અને જો હોય છે, તો પછી તે પવિત્ર પણ ન જ કહેવાય.

બંને છે એના બાળકો......હિન્દુ અગર મુસ્લીમ હો,
એક જ પિતા છે બેઉના...શ્રી રામ હો યા રહીમ હો.
છે સૂર્ય તો એ એક...પણ ઓછું વધારે તેજ છે,
છે ડાળ-પર્ણો જૂજવાં..પણ ઝાડ એનું એજ છે.
છે જાન્હવી ઝમઝમ જૂદાં...એ નામ એક જ નીર છે,
મંદિર તે મસ્જીદ ને મસ્જીદ તે મંદિર છે.

ઓ ભણેલા ભૂદેવ! ગંદી જગ્યામાં ગંદા ખાતરથી ઉગતી વનસ્પતિનો આહાર કરતાં નથી અભડાતા! ગૌ-મૂત્રના ગંગાજળ

સમા આચમન લેતાં નથી અચકાતા ! અને આ વ્હેતા પાણીમાં એક ફકીર ! તમારા જેવો હાથ-પગ વાળો માણસ ! મોઢું ધૂએ એમાં આભડછેટ ! જરા વિચાર કરો. એ કયાંથી આવે છે ? કયાં જાય છે ? એમાં દરરોજ કેટલા આત્માની મલિનતા ધોવાય છે ? આપણા વેશના પરિવર્તનને, ધર્મના ફર્કને અને એ વસ્તુને શા લેપન ! શો સંબંધ ! **સોમલ મનુષ્ય તેમજ જનાવર ઉભયને એક સરખી જ અસર કરે છે. સૂર્ય ચંદ્ર પ્રકાશ દેતાં ઉંચ નીચ અને જાત-ભાતનો વિચાર નથી કરતા.**

—:ગઝલ:—

ગીતાનું જ્ઞાન કહો કયાં છે ? કુરાનો કોણ જાણે છે,
પરાયા ધર્મને નિન્દી નકામા નિજ વખાણે છે.
અમારો ધર્મ મ્હોટો છે...તમારો ધર્મ ખોટો છે,
તપાસો એક જોટો છે...છતાં પોતિકું તાણે છે.

હીરા હિન્દુ-મુસલમાનો તણા બે એક ખાણે છે,
ખરા બંદા ખુદાના તો બધાને એક જાણે છે.
તમારા વેદ-પૂરાણો અમારા મંત્ર-કુરાનો,
રહસ્યો બેઉના પૂરાં જુઓ સરખા પ્રમાણે છે.

અમે અલ્લા ઉચ્ચરીએ તો તમે ઈશ્વર પુકારો છો,
તમે મંદિર અમે મસ્જીદ પ્રભુનું ધામ ધારો છો.
તમારૂં શુદ્ધ ગંગોદક અમારૂં પાક જળ ઝમઝમ,
નિતારે પાપ બંને એ...જુઓ બે એક ભાણે છે.

અમે મક્કા મદીના તો...તમે શ્રી દ્વારકા-કાશી,
અમે કબ્રે...ચિતાવાસી તમે પણ એક સ્થાને છે.
અમે બાંગો પુકારીએ...તમે જય જય પુકારો છો,
બધાના જન્મ ને મૃત્યુ જુઓ એકજ ઠીકાને છે.

અમારે બુરખા નાખે...તમારે ઘુંઘટા તાણે,
રહે બે એક ઠેકાણે...બધું આ જગત જાણે છે.
તમે છો હિન્દના વાસી...અમે પણ હિન્દના પુત્રો,
બિરાદર આપણે બંને...અખિલ આલમ પિછાને છે.

નિમાજે જો અમે પડતાં...પૂજા-સંધ્યા તમે કરતાં,
અચળ શ્રદ્ધા તમારી ને અમારી સહુ વખાણે છે.
અમે રોજા કરી રહીએ...તમે ઉપવાસ અગીઆરસ,
અધિક-રમજાન મહીનામાં અહા ! બે એક સ્થાને છે.

અમારે હોય મુલ્લાંજી...તમારે (ધર્મ) ગોર મહારાજો,
સકળનું સત્વ તો સરખું...પુરાણે ને કુરાને છે.
અમારો ધર્મ પયગમ્બર...તમે અવતાર દશ માનો,
ભલે છે માલ જૂદો પણ...ભરેલો એક વ્હાણે છે.

અમારા ઓલીયા પીરો...શહીદો ને ફિરસ્તાઓ,
મુની સંતો મહંતો દેવ-દૂતો આપ માનો છો.
ફકીરો-સાંઇ ગોંસાઇ...બરાબર સાધુ સંન્યાસી,
દટાવા કે જલાવાને...બધા છેવટ સ્મશાને છે.

અમે રહીએ મકાનોમાં...તમે કયાં ધર્મશાળામાં ?
અમારે ઝુંપડી છે ને મહાલય શું તમારે છે ?
જહન્નમ જે અમારૂં તે...તમારી નર્કપુરી છે,
જુદાં જન્નત અને સ્વર્ગો નથી જૂદાઇ નામે છે.
તમે આવો અમારે ત્યાં અમોને આપ બોલાવો,
પરસ્પર ચાહના રાખો... ખરેખર ધન્ય ન્હાને છે.
બિરાદર આપ અમને ને...અમે ગણીએ તમોને જો,
તૂટે બંધન જૂદાઇના... અધુના જે પ્રધાને છે.
બનો અમ-દુઃખમાં ભાગી બનાવો આપમાં અમને,
પરસ્પર દઇ દિલાસો બે બતાવો એક તાને છે.
તમારૂં તે અમારૂં ને અમારૂં આપનું માનો,
ધરમ ઇસ્લામ ને હિન્દુ લખેલા એક પાને છે.
પવન પાણી અને પૃથ્વી તણા ઉપયોગની ચિન્તા,
તમારે ને અમારે બેઉને સરખા પ્રમાણે છે.
હવે હિન્દુ-મુસલમાનો પરસ્પર ભાઇને ભેટી,
બિરાદર બેઉ સંપીને અભાગી દેશ ઉદ્ધારો."

" અહોહો ! જાણે મોટા પયગમ્બરનો અવતાર !"

" વિદ્વત્તાના અભિમાનમાં અંધ બની અન્યને હલકી દ્રષ્ટિએ જોનાર ઓ બ્રહ્મદેવ ! અગર જો તને આ .ખુદાના બંદાના પાક-ખુદાઇ લફ્ઝોમાં કાંઇ શંકા હોય, તો જો...આ તે પરવરદિગારના પાક કલમાની પ્રતિતિ......"

પાણીની અંજલી ભરી એ ફકીરે દેવસ્થાન પ્રતિ છાંટી, અને પંડિતની અસંત અજાયબી વચ્ચે એક ક્ષણને માટે એ મંદિર એની આંખે મસ્જીદના રૂપમાં પલ્ટાયલું દેખાયું. એ પ્રભુનો બંદો એના શરીર ઉપર બીજી અંજલિ છાંટતો બોલ્યો:

" મંદિર અને મસ્જીદ, બંને દેવસ્થાનમાં એક જ ખુદાનો વાસ હોઇ બંને ખુદાને એક સરખા પાક અને પ્રિય છે. હિંદુ અને મુસલમાન બંને એક જ ખુદાના ફરજંદ હોઇ એક જ જમીન ઉપર જન્મી એક જ આસમાન ઉપર જવાના છે. તેમ છતાં તું ત્હારી આંખે એમાં ભેદભાવ જુએ છે, તો જા...જે દુર્ગંધી મટોડીનું બનેલું શરીર તેના જ ભાઇઓના શરીરનો સ્પર્શ કરતાં અભડાય છે, તે જ્યાં સુધી કોઇ સચ્ચા ખુદાઇ બંદાના શરીરને નહિ સ્પર્શે ત્યાં સુધી આતશથી જલતું રહેશે."

ફકીરના ખુદાઇ શાપે રામેશ્વરના શરીરમાં છૂપો અગ્નિ પ્રકટાવ્યો. એ " બળું છું...બળું છું..."ની બૂમ મારતો સરિતાના જળને શરીરે ઉડાડવા લાગ્યો. ત્યાં તાનાજીની સાથે શિવાજી મહારાજની મુલાકાતે જતાં સંત તુકારામની ઉપર એની નજર પડી. કુદરતની શિક્ષાએ રામેશ્વરના અભિમાનને ઉંચુ મૂકાવ્યું. ફકીરના શાપમાંથી મુક્ત થવાની અને સાથે સાથે એના પવિત્ર સંત હૃદયની પરીક્ષા કરવાની આશાએ એ દોડયો, એમના ચરણમાં પડયો.

" મહાપુરૂષ ! મ્હને બચાવો...ઉગારો...હું આ ફકીરના શાપથી સળગી રહ્યો છું."

" ભાઇ ! વિઠોબાનું નામ લ્યો. જેના નામે પત્થર તર્યા (સાત સમુદ્ર પર પાજ) જેના નામે તપેલી તેલ-કઢાઇ ઠંડી થઇ

ગઇ, (ભક્ત સુધન્વા) જેના નામે લાલચોળ ધીકતો લોહ સ્થંભ બરફ જેવો શીત થઇ ગયો, (ભક્ત પ્રહ્લાદ) અને જેની અમીદ્રષ્ટીએ ભડભડાટ સળગતા નિભાડામાંથી બિલ્લીના દુધપીતાં બચ્ચાંઓ બચી ગયાં, એ જ ત્હારા અજ્ઞાન હ્રદયનો અગ્નિ બુઝાવી નાખશે." એટલું કહી એ ભક્તિભીનો હાથ એને સ્કંધે પડયો.

ભટ્ટ રામેશ્વર શાપમુક્ત થઇ ગયો. ફકીર તથા તાનાજી બંનેએ આ ખુદાના બંદાને મસ્તક ઝૂકાવ્યાં. તે પછી એ પ્રભુભક્ત બોલ્યા: " ભાઇ ! જાતિ અને ધર્મની ભિન્નતાની સંકુચિત ભાવનાને તમારા જેવા વિદ્વાન પુરૂષે હ્રદયમાં સ્થાન આપવી જેટલી ઇષ્ટ નથી, તેટલો જ ઓ ખુદાના બંદા ! તમારા જેવાને ક્રોધ કરવો ઉચિત નથી. તામસી વૃત્તિ હરિના ભક્તોએ તજવી જોઇએ."

" હું ભૂલ્યો, મહાનુભાવ ! " ફકીર એના પગમાં પડયો.

"બંધુઓ ! સાંભળો. એક ખુદાનો બંદો શું ગાઇ ગયો છે ?"

—: ગઝલ :—

પ્રભુનુ નામ પ્યારૂં છે...તમે લ્યો તો તમારૂં છે,
અને ત્યાં આપણું એ છે...પ્રભુનુ નામ જે લે છે.
પ્રભુનુ નામ બોલાશે પછી ત્યાં આપણું થાશે,
અમારૂં ને તમારૂં એ જુદા શબ્દો તુટી જાશે.
પ્રભુમાં ચિત્ત જો જાશે સુખેથી ઐક્ય તો થાશે,
ગુણો એના બધા ગાશે જીવન તેનું સફળ થાશે.

પ્રભુનાં ગીતડાં ગાશે ભવાબ્ધિ તે તરી જાશે,
તમારા ને અમારામાં તણાતા તે બચી જાશે.
પ્રભુના ગાન જે ગાશે પ્રભુમાં તે ભળી જાશે,
અહા ! એ દિવ્ય જ્યોતિમાં લઘુ-જ્યોતિ શમી જાશે.

['તકિલ' ફેરફાર સાથે]

દેહ જુદાં દેખાય પણ...દીલ જુદાં નહિ ખાસ,
સુર્ય-ચંદ્ર સંપી રહે...એક સ્થાન આકાશ.
પવિત્ર મક્કા-દ્વારિકા...ઝમઝમ જાહ્નવી સ્નાન,
સાચાં ને સરખાં ગણે...વેદ પુરાણ કુરાન.
એક લતાના પુષ્પ બે...હિન્દુ-મુસલમાન,
મંદિર યા મસ્જીદ હો...બંને દેવસ્થાન.

જે સમજુ છે, તે તો સમજે જ છે, પણ જે સમજતા નથી તેજ ધર્મ અને જાતિને આગળ કરી નકકામા લઢી મરે છે.

એકજ નદીનું નીર પણ બે ભિન્ન એની ધાર છે,
જો ધર્મ-હિંદુ ઢાલ તો ઇસ્લામ એ તરવાર છે.
બંને મળી જો એકઠા શકિત તમારી વાપરો,
તો એજ બે હથીયારથી...પાછી વિજયકીર્તિ વરો.
અથડઇ મરો એકેકથી...નાહક તમારી ભુલ એ,
આ બગીચો તો એક એના ફકત જુદા ફૂલ છે.

"મહાપુરૂષ હવે ચાલશું ?" તાનાજીએ વિનયપૂર્વક કહ્યું.

"હા, ચાલો. તાનાજી ! મહારાજને પણ મ્હારે એજ સંદેશો કહેવો છે, કે:-

આદર્શ ગૌ–બ્રાહ્મણ તથા રક્ષણ તણો હોજો ભલે !
'આશ્રય અનાશ્રિતને' અનેરી ઉર્મિ ઉર હોજો ભલે !
સદ્ધર્મ સેવાની ધગશ ને ભાવના હોજો ભલે !
આંસુ અભાગી આંખના આનંદથી લો'જો ભલે !
પણ મંદિરોને પૂજતા......મસ્જીદને અડશો નહિ,
ધાર્મિક દેવસ્થાનના ઝઘડા વિષે પડશો નહિ.
× × × ×
મુર્તિને ભાંગી મહમુદે તેવા તમે થાશો નહિ,
ઇતિહાસને પાને તમે ધર્માંધ કહેવાશો નહિ.
જ્યાં જ્યાં પ્રભુના સ્થાન ત્યાં નીચાં તમારાં શીર હો !
ચાહે તો એ મસ્જીદ હો ! ચાહે તો એ મંદિર હો !

અને ઇશ્વર તો સર્વવ્યાપી છે, એકજ છે, અણુએ અણુમાં છે, એનું સર્વસ્વ છે, તેમ એ સહુનો છે. નથી એકલા હિન્દુનો કે નથી એ એકલા કોઇનો યે, એ તો આખા વિશ્વનો છે. પછી એના સ્થાનક એક હોય તો શું, અનેક હોય તો શું ? અને અલગ અલગ હોય તોય શું ?

એ તો છે તેનો તેજ...ત્યાંનો ત્યાં જ

પુષ્પઃ– ૧૭ મું.

"સંતના શબ્દો."

"મહારાજ ! સંત તુકારામને સાથે લઇ સરદાર તાનાજી આવી પહોંચ્યા છે, અને તે અંદર આવવા રજા માગેછે ." ભર્યા દરબારમાં પ્રતિહારે આવી મહારાજને આ શબ્દો કહ્યા.

"ભલે ! જા, તેમને સન્માન સાથે અંદર લાવ, સાથે સાથે પેલા કેદમાં નાખેલા ખૂની ગોંસાઇ મંબાજીને પણ હાજર કર."

"જેવો હુકમ."

સર્વ દરબારીઓ સાથે એ વજ્રકાય પ્રચંડ પુરૂષ સંતનું સ્વાગત કરવા ઉભો થયો. તુકારામને સ્હામે જઇ મસ્તક નમાવતાં તે બોલ્યોઃ "પધારો, મહાપુરૂષ ! પાવન કરો તમારા પુનિત પગલાંથી આ રંકનું ભુવન !"

"ભુવન ! ભુવન કોનું ?

વિશ્વના માલીકનો આ માનવાનો મ્હેલ છે,
મ્હારૂં તમારૂં કંઇ નથી કુદરત તણો સહુ ખેલ છે.
બે દિનની સામ્રાજ્ય-સત્તા બે દિવસનો તાજ છે,
આ બે દિવસની બાદશાહી બે દિવસનું રાજ છે.
વાડી બગીચા એમના બસ બે દિવસ એમાં ફરો,
મ્હારૂં કહી એને તમે...અપરાધ ઇશ્વરનો કરો."

"આહા ! શી રત્નકણીકાઓ ! તાનાજી ! તમારી તપાસનું પરિણામ ?"

"મહારાજ! અત્યારે જાતેજ અનુભવી રહ્યા છે, સમજી રહ્યા છે છતાં, પૂછી રહ્યા છે ? એમના શ્રી મુખમાંથી પલક પ્હેલાં સરેલાં સુવર્ણરેખા શા વચનામૃતો એ સંતપુરૂષનાં પરિચય માટે પૂરતાં છે. મહારાજ ! સંત તુકારામ એ મહારાષ્ટ્રના સાક્ષાત્ મહાત્મા છે.

પરવા નથી જેને જગતની ને જગતના લોકની,
આઠે ઘડી આનન્દ છે છાયા નથી જ્યાં શોકની.
મંગળ અમંગળ અવસરે જ્યાં એક સરખો હર્ષ છે,
માનવ-જીવન સાફલ્યનો જ્યાં અનેરો ઉત્કર્ષ છે.
મહા લય નથી મ્હોટાઇના...જગ્યા છે સાદી ઝુંકડી,
સંતોષ ને સુખથી ભરેલી......સંતની છે ઝુંપડી.

મહારાજ ! સંતની ગેરહાજરીમાં એમની ગૃહદેવીથી ભુલમાં સ્વિકારાયલી આ ભેટ એમણે પાછી મોકલી છે."

"કારણ ?"

"કારણ... કારણ... એજ કે...

સેવક નથી માયા તણો... માયાપતિનો દાસ છે,
ધનનો નહિ પણ ધર્મનો એના હૃદયમાં વાસ છે.
આલમ ભલે અંધો કરે...ઇશ્વર ઉપર વિશ્વાસ છે,
જે આપણી પાસે નથી... તે સર્વ એની પાસ છે.
વરસાદ વરસે હેમ ના... એતો હરિની મ્હેર છે,
જુની પુરાણી ઝુંપડીમાં દિવ્ય લીલા લ્હેર છે.

"મહારાજ! અપરાધી હાજર છે."

"અંદર લાવો."

પ્રતિહાર ગોંસાઇ મંબાજીને ન્યાયસભામાં મૂકી ચાલતો થયો એટલે શિવાજી મહારાજ એને પૂછવા લાગ્યાઃ "મંબાજી! તું જે સંતના ચારિત્ર્ય ઉપર આક્ષેપ મુકતો હતો, તે આંજને?"

"જી, હા...મહારાજ!"

"આવા મહાપુરૂષને માથે ખોટું આળ ચઢાવવાની ત્હારે જરૂર?"

"મહારાજ! મ્હને તો ભટ્ટ રામેશ્વરે આ કામ સોંપ્યું હતું."

"ઠીક છે. અને વેશ્યા સુંદરીના ખૂનને માટે હવે તું શું જવાબ દે છે?"

"મ્હારી ભૂલ થઇ, મહારાજ!"

"અને એ ભુલને સુધારતાં શીખાય, ત્યારેજ માણસ થવાય. તાનાજી! આ ખૂની મંબાજીને તથા તેના મળતીયા ભટ્ટ રામેશ્વરને અવળે ગધેડે બેસાડી સારા શહેરમાં ફેરવી જાહેર કરો, કે શ્રી. સમર્થ ગુરૂ રામદાસના રાજ્યમાં સંતપુરુષોની ખોટી અવગણના કરનારની આ

દશા થાય છે. ભટ્ટ રામેશ્વરને એટલી શિક્ષા એમની વિદ્વત્તાનું ઘમંડ ઉતારવા બસ છે, જ્યારે આ મંબાજીને જીંદગીભર એકાન્ત કારાગૃહ વાસનો સમય એના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા પૂરતો થશે જાવ લઇ જાવ."

તાનાજીએ શિવાજી મહારાજનો હુકમ કોટવાળને કહી સંભળાવી મંબાજીને તેની સાથે વિદાય કર્યો, તે પછી સંતને સંબોધી રાજવી બોલ્યાઃ "પ્રભુ! આપના ગુણાનુગાન મ્હેં ગામલોકને મોઢે ગવાતાં સાંભળ્યા છે. કૃપા કરી આજનો દિવસ માતા ભવાનીના દેવાલયમાં પધારી બે શબ્દ સંભળાવશો?"

"ખુશીથી. ગૌ–બ્રાહ્મણ–પ્રતિપાળ! પ્રભુ ભજન કરવામાં તે વળી માન શા? રજા શી? આજ્ઞા શી? ખુશી શી? અવકાશ શો?

પ્રભુનું નામ લેવામાં વળી શી માન મ્હોટાઇ,
પ્રભુનું નામ દેવામાં ન પડતી એક પણ પાઈ.
પ્રભુના નામનો નક્કી સમય કરવો નથી પડતો,
ન દયો તો એ નથી હસતો ન લ્યો તોયે નથી વઢતો.
પ્રતિમા ફિર પધરાવી ઝૂલાવો પ્રેમને ઝૂલે,
તમે એને ભૂલો તોપણ ન એ તમને કદી ભુલે.

સિંહગઢ નરેશ! દિવસના ચોવીસ કલાકમાંથી એક કલાક, અર્ધો કલાક પણ એની કૃપાભિક્ષા મેળવવાને માટે અવશ્ય જુદો કાઢવો જ જોઇએ.

સંસારમાં રહેજો છતાં સર્વેશને ના ભૂલશો;
સ્પર્શો ન સદ્દગુણને ભલે પણ દુર્ગુણે ના ડૂલશો.
રાજ્યાસને બેસો છતાં એને હૃદયમાં રાખજો,
રસ્તે રખડતાં થાવ તો પણ નામ એ સંભારજો.
સદ્દભાગ્યની સરિતા વિષે ભરતીના પાણી આજ છે,
પણ કોણ જાણે કાલ કોના રાજ કોના તાજ છે?

અને એ ભરતીના પાણીનો તે વળી ભરોસો શો!

પુષ્પઃ— ૧૮ મું

"ભક્તિનો પ્રભાવ."

"કેમ દેવી! મ્હારા ભક્તને જોયો?"

"હા પ્રભુ!"

"એની ઉપર તો આપને વિશ્વાસ આવે છે ને?"

"જરૂર."

"તો ચાલો, એનો આયુષ્યદોર પણ હવે આવી રહ્યો છે. એટલે આપણી સાથે એને વિમાનમાં બેસાડી વૈકુંઠધામમાં લઇ જઇએ, ત્યાં આપણી હાર–જીતની બાજીનો નિર્ણય થશે."

"ભલે, ચાલો."

શ્રી કૃષ્ણ તથા દેવી રૂક્મણી સંત તુકારામના આત્માને અમરલોકમાં લઇ જવા તૈયાર થયા.

જ્યારે આ બાજુ ભકત તુકારામ દેવી ભવાનીના મંદિરમાં શિવાજી મહારાજ તથા તેના સરદારોને પ્રભુભજનની લ્હાણી કરી રહ્યા હતા.

—: ભજન :—

આહાહા ! એક પ્રભુનું નામ,
હૃદયમાં એક પ્રભુનું નામ.

આંખો અવલોકે અંતરમાં...પલક પલક ઘનશ્યામ,
મુખડું બોલે...જીહ્વા બોલે...પળ પળ જય જય રામ...
અમૂલું તો ય ન બેસે દામ...અહાહા.

ઘટ ઘટ વ્યાપ્યા વિશ્વવિહારી...પરબ્રહ્મ પૂરણ કામ,
એની સેવા...એની ભક્તિ...જીવ કરે નિષ્કામ...
કરે તે કાયાનું કલ્યાણ... અહાહા.

દીન અનાથ દુઃખી દીલડાંને...ઠરવાનું એ ઠામ,
જેનું કોઇ નથી આ જગમાં...તેને એ વિશ્રામ.
સદાવ્રતનુ એ સખાવતી ધામ...અહાહા.

અહીં અન્યાય થયો છે તેને...એ છે ન્યાય-મકાન,
હડધૂત અહીંઆં થનારાને...પણ ત્યાં સમ સન્માન,
અહા ! એ પૂણ્યવન્તનું ગામ,
કરે જ્યાં રાજ પ્રભુનું નામ...અહાહા.

હરિભક્તો ! સંતમહંતો ! સાધુ મહાત્માઓ ! અને મહાપુરૂષો આ સ્વાર્થી સંસારના માયા–બંધન વિષે પોતાના શા શા અનુભવ અને અભિપ્રાય ટાંકી ગયા છે, તે જુઓ.. ...

[હરિગીત]

નિર્મળ ઝરો ખૂટી ગયો છે સૃષ્ટિના આગારમાં,
ક્યાં છે બતાવો કોઇ સાચો સ્નેહ આ સંસારમાં ?
સંસારમાં મ્હેં તો દીઠાં સ્વાર્થી સગાંવ્હાલાં સહુ,
જ્યાં પોતપોતાનું રડે ત્યાં પારકાનું શું કહું ?

કાકા અને મામા બધા મા બાપ ને બ્હેનો વળી,
નિઃસ્વાર્થતાના તેજથી એકે ઉઠે ના ઝગઝગી.
રે ક્યાંછ સ્વાર્ગીય સ્નેહથી ચાહનાર આજે સુંદરી ?
ત્યમ એક પત્નીવ્રત તણી ક્યાં ભાવના નરમાં ભરી ?

ચઢતી ઉપર ચાળીસ પણ પડતી ઉપર એકે નહિ,
કળિયુગમાં કહેવત ભલા ! પૂરી પ્રતિતિ દઇ રહી.
બંધુ રહ્યો ના બ્હેનનો... ને બ્હેન રહી ના બાંધવની,
પુત્રો પિતાના ક્યાં રહ્યા ? છે વાત સ્વાર્થી સગાંવ્હાલાંની.

અદ્રશ્ય નિર્મળ પ્યાર અંગત એ પરસ્પરનો થયો,
પાગલ બનાવી હાય ! પૈસો પ્રેમ ચૂસાવી રહ્યો.

રે ! બાળ ગોપાળો બધામાં સ્વાર્થ સીંચીને ભર્યો,
નિઃસ્વાર્થ ભાવે એક તો દેખાડશો...પાછળ મર્યો ?

રાજા પ્રજાનો તાત ના...રૈયત હવે રૈયત નથી,
વૃધ્ધો જીવે ને યુવક-યુવતી બાળની મૈયત થતી.
સંસારમાં નહિ સાર છે....સંન્યાસમાં પણ સ્નેહ ના,
ક્યાં છે બતાવો ભાઇ ! કોઇ જગતમાં સાચી મઝા.

ના. ના. સનાતન કંઇ નથી...સંસાર કે સંસારીઓ,
સંપત્તિ ક્ષણભંગુર બધી...સુખ-સાધનોની બારીઓ.
સાચો સનાતન સૃષ્ટિમાં...તો ૐ થી પરબ્રહ્મ છે,
પરમાત્મનનો પ્રેમ વિશ્વાધાર રૂપી સ્તંભ છે.

અને એ પવિત્ર પુરૂષો સંસારનો આવો કડવો અનુભવ કીધા પછી, સંન્યસ્તનો અનુભવ લઇ અંતમાં શું કહી ગયા છે ?

—:ભજન:—

ચાલો ઉઠો...શું ઉંઘો છો ? ભૈયા ! બાજી ખેલો,
.................તમારી કૂકી મંજે મ્હેલો... રે...ભૈયા

મનુજ-જીવનની બાજી બિછાવી(ને)રમત શરૂ મ્હેં તો કીધી,
સત્ય ધર્મ નીતિ ને ભક્તિ...(એ)સોકટી ચારે લીધી...
બેડો રમવા હર્ષે ઘેલો......રે...ભૈયા

પાપ-પૂણ્યના પાસા લઇને...દાવ જુઓ મ્હેં નાખ્યા,
એવા દાણા કંઇ કંઇ આવ્યા...સ્વાદ મરણના ચાખ્યા.
બેઠો વ્હેલો પાકયો છેલ્લો...રે...ભૈયા

ઘર ઘર ભટકી છેવટ ફુકી...મ્હારા ઘરમાં આવી,
એ ટાણે મ્હારી આંખ મળી ગઇ...પળ અણમુલી ગુમાવી.
અનુભવ કીધો છે મ્હેં પ્હેલો...રે ભૈયા

"સિંહગઢ નરેશ! તું રાજા થવા ઇચ્છતો હોય તો રૈયતના હૃદય ઉપર રાજ્ય કરતાં અને વિજય મેળવતાં શીખજે. આજ આ સ્થિતિ છે, અને કાલ કોણ જાણે એથી વિપરિત કફોડી હાલતમાં મુકાય તો પણ દીલ આવું ને આવું જ દયાળુ અને દિલાવર રાખજે.

સુખનો હિંડોળો સાંપડે...હદમાં રહી તો ઝૂલજો,
ખાઇ હુંપદના હીંચકા...હર્ષે કદી ના ફૂલજો.
દુનિયા દિવાની છે તમે ડાહ્યા ન એમાં ડુલજો,
તૂટે ગમે ત્યારે નહિ એને ભરોસે ભૂલજો.
ઉંચે જશે એ જેમ નીચે તેમ તમને નાખશે,
આજે હસે તે કાલ રડવાની મજા પણ ચાખશે.
ને એક વાર તુટયા પછી પાછો નહી બાંધી શકો,
કહેવાય કાચી દોરનો એ વિધાતાનો હીંચકો.

જેટલો એ ઉંચો ખાશો, એટલી જ ઉંચાઇએથી એ તમને નીચે પછાડશે. જેટલા લાડ લડાવશે, તેટલા જ પોષ પોષ આંસુડાંથી રડાવશે. અને એવો વખત ન આવે એટલા માટે અત્યારથી જ ચેતીને ચાલજો.

આરામ આજે મ્હેલમાં તો કાલ ભટકો રાનમાં,
આજે તમે આ સ્થાનમાં તો કાલ રણમેદાનમાં.
ચંચળ ચકરડી દૈવની થોભ્યા વિના ફરતી ફરે,
આંખો ઉઘાડીને મીંચો ત્યાં તૃણનો મેરૂ કરે.
સુખમાં ન કો સંતાપજો દુઃખમાં ન હિંમત હારજો,
સચ્ચાઇથી પોતે તરી સાથે બીજાને તારજો.

× × × ×

ઉપદેશની અમીવર્ષામાં એકાએક ગડગડાટ સાથે વિજળીનો ચમકારો થયો. એક ધવાયલા જાસુસે આવી અપધાન સરદાર મીરખાંના અણચિંતવ્યા હલ્લાના સમાચાર શિવાજીને કાને નાખ્યા.

જોતજોતામાં તાનાજી અને મરાઠાવીરો ભવાનીને મ્યાન મૂકત કરી આવનાર શત્રુનું સ્વાગત કરવા ઉભા થઇ ગયા. ત્યાં જ એ સંત પુરૂષનો સ્નેહાળ શબ્દ સર્વેના કાનમાં અથડાયોઃ "શાન્ત !"

શિવાજી તથા સરદારો એની સ્હામે જોઇ રહ્યા. એ સંત પુરૂષ સ્મિતભર્યાં મુખે બોલ્યાઃ "સિંહગઢ નરેશ ! તથા શૂરા સરદારો ! તરવારને મ્યાનમાં મુકી તમે નિરાંતે મ્હારી સાથે ચાલો.

શત્રુઓ છૂપો ઘા કરવા ભલે ધસી આવે, એમને આવવા દયો. સેવા-ભક્તિની સમશેર પાસે શત્રુત્વની સમશેરનો વિજય કદાપી પણ નથી થયો, અને નહિ થાય, એ અમર વાક્ય તમારા હૃદયની ઉંડાણુમાં આજથી જીવનપર્યંત કોતરી રાખજો. સત્સંગની શાન્તિમાં ભંગ કરવાની તાકાતનું પાણી એની તરવારમાં તો શું પણ ત્રિલોકના કોઇપણ શસ્ત્રમાં નથી.

નિર્ભય બની ચાલો તમે હથીયારને હેઠા કરી,
કેવળ તમારા મુખમાં હો નામ એક જ શ્રી હરિ.
શ્રદ્ધા હૃદયમાં રાખશો આ સંતના જો શબ્દ પર,
તો પકડવું પડશે નાહ પળ વાર પણ હથીયાર કર.
એ દુશ્મનો પાષાણુના પૂતળા બરાબર થઇ જશે,
જાશો તમે ને એ તમારા મુખ જોતાં રહી જશે."

"ભલે, તાનાજી! સંતના શબ્દો ઉપર શ્રદ્ધા રાખી તરવાર મ્યાન કરી અમે આગળ ધસીએ છીએ, તમે માતા ભવાનીનું નામ દઇ સાવચેતીથી પાછળ આવો."

"જેવી મહારાજની મરજી."

એક પછી એક વીર સૈનિકો સાથે સંત તુકારામ શિવાજી તાનાજી તથા સરદારો દુસ્મન-દળની વચ્ચેથી પસાર થઇ ગયા, પરંતુ ભકતની અચળ ભકિતના પ્રતાપે એ સર્વ શત્રુઓની આંખ આંજી નાંખી હતી.

"કયાં છે? કયાં ગયો? એ શિવાજી?" કરતો મીરખા એના સૈનિકો સાથે માતા ભવાનીના મંદિર આગળ આવી પહોંચ્યો. ત્યાં

તો દૂર નીકળી ગએલા શિવાજીએ અશ્વ ઉપર બેઠાં બેઠાં એને બૂમ મારીઃ "ચાલ્યો આવ, ઓ દગાબાજ યવન સરદાર! મ્હને પકડવો હોય તો મ્હારી પૂંઠે ચાલ્યો આવ"

"ઓહ્...પેલા કોઇ ભામટા સાધુએ જ આપણી બાજી બગાડી નાખી. શિકાર હાથમાંથી છટકી ગયો શરમની વાત છે... બીજી વાર જોઇ લઇશું."

જેવા આવ્યા તેવા જ ખાલી હાથે એ બહાદુર જવાંમર્દો પાછા કુચ કરી ગયા, જ્યારે શિવાજી તેના સરદારો અને સૈનિકો સાથે જોતજોતામાં નજર બ્હાર નીકળી ગયો. એની આંખો આગળ સંતના ચમત્કારના સાક્ષાત્કાર તરવરતાં હતાં! એના કાનોમાં સંતના શ્રદ્ધાળુ શબ્દોના ઘોર ગૂંજી રહ્યા હતા. એ આજ એક નૂતન પાઠ શીખ્યોઃ

સેવા ભક્તિની શક્તિ પાસે સામ્રાજ્ય, સમશેર, અને શૂરવીરતા પાણી ભરે છે

પુષ્પઃ— ૧૯ મું.

"રાસલીલા."

સંત તુકારામ આજ માંદગીને બિછાને પડેલાં હતા. પાસે પત્ની અને પુત્ર આંખમાંથી આંસુ ટપકાવતાં બેઠાં હતાં. છતાં આવી ગંભીર હાલતમાં પણ વિઠોબાનું નામ તો એને હૈયે ને હોઠે, એવું ને એવું જ હતું.

"લ્યો, પ્રભુ! આટલી દવા પી જાવ, કે જરા આરામ થાય." પતિવ્રતા જીજીએ એમના મોઢા આગળ દવાની પ્યાલી ધરી.

"દેવી! હવે આ દેહની ઇમારતને દવાના થાંભલાના ટેકાની કશી જરૂર નથી. હવે મ્હારી છેલ્લી ઘડી છે, તો......"

પ્યાલી પ્રભુના નામની...પાઓ ભરીને પ્રેમથી,
હંમેશ રે'જો દૂર સહુ અજ્ઞાનથી ને વ્હેમથી.
રોગી હૃદયને એકલું ઔષધ પ્રભુનુ નામ છે,
આ લોકને પરલોકમાં એના વડે આરામ છે.
અંતીમ ઘડી જ્યાં આવશે...સાં આંખ સહુની ખૂલશે,
એને તમે જો ભૂલશો તો એ તમોને ભૂલશે.

એ જગતપિતાનું નામ લ્યો. મૃત્યુને કિનારે આવી પહોંચ્યા પછી માયા ને મોહના આકર્ષણ કેવાં !

પંચભૂતનું પૂતળું...પળમાં તૂટી પડશે,
સગાં-સંબંધી સર્વ કો...ક્ષણભર પૂંઠે રડશે
પ્રાણ-પિંડ-પરિવાર આ કોની ચંચળ કાયા ?
પલકારામાં પલટતી...મૃગજળ સરખી માયા.
રંગી એને ઉપરથી......કાળી-પીળી-ગોરી,
એનો તે વિશ્વાસ શો ? એ તો કાચી દોરી.

જો...જો...પેલો પ્રકાશ... પેલી જ્યોતિ...ત્હને દેખાય છે ?

સંત તુકારામને પ્રભુદર્શન થયાં. એક સાધુના વેશમાં શ્રીકૃષ્ણ ભગવાન એની પાસે આવ્યાં, બોલ્યાં: " કલ્યાણ હો ! બ્હેન ! તમારી શી ઇચ્છા છે ? "

" મ્હારા પતિદેવને આરોગ્ય બક્ષો. "

" એમની આયુષ્યદોરીનો છેડો આવ્યો છે, એટલે હવે..."

" ત્યારે હવે અમારૂં શું થશે ? "

" પ્રભુનુ નામ લ્યો. એ સર્વ સારૂં કરશે. "

" પરન્તુ એથી કાંઇ આ પેટ થોડું મૂકી દેવાનું છે ? "

" તો તમને શું જોઇએ છે ? તમારા ભરણ-પોષણના સાધનો જ ને ? "

" સંસારી મનુષ્યને એ સિવાય બીજું શું જોઈએ ? ભાઇ ! "

" તથાસ્તુ...તમારી ઇચ્છા પરિપૂર્ણ થાવ. અને મહાપુરૂષ ! આપની ઇચ્છા ? "

" મ્હારા વિઠોબા...પ્રભુ પંઢરીનાથના છેલ્લા દર્શન. "

" તથાસ્તુ "

બીજી જ પળે આકાશમાર્ગેથી વિમાન લઇ રૂક્ષ્મણી આવી રહ્યાં. સાધુનો વેશ પલટી શ્રી કૃષ્ણ ભગવાન સંતને લઇ એમાં બેસી ગયા જ્યારે, જીજી તથા તેનો પુત્ર તો આકાશમાર્ગેથી આવી પડતી સુવર્ણ મ્હોરો વીણવામાં જ તદાકાર થઇ ગયા હતા. ભકત તુકારામે ઉંચે જતાં જતાં પોતાની એ પ્રતિવ્રતા પત્નીને છેવટની બુમ મારી: " દેવી ! ભગવતી ! આમ જો......"

લક્ષ્માપ્રિય જીજીએ પતિની પથારી તરફ જોયું, નિર્જીવ શરીરની આંખો મીંચાઇ ચૂકી હતી. એ વ્હેલી વ્હેલી દોડી: " નાથ ! પ્રભુ !...તમે કયાં છો ? "

" અહીં આવ......આમ ઉંચે જો......હું વિઠોબા સાથે વિમાનમાં બેઠો છું. ત્હારે સાથે આવવું હોય, તો ચાલ. "

જીજીએ ઉંચે જોયું. પતિદેવને સ્વર્ગગમન કરતાં દીઠાં. ત્યાં તો એના ન્હાનકડા પુત્રે આવી સોનામ્હોરની મુઠ્ઠી ભરી એના ખોળામાં વેરી. એ વ્હેલી વ્હેલી ઉઠી સુવર્ણમ્હોરો બ્હારી પોતાના પાલવમાં ભરી જવાબ દેવા લાગી: " જરા થોભો...થોડી વાર ઉભા રહો...મ્હને આટલું...એકઠું કરી લેવા દ્યો...પછી હું આ ...આવી......"

" અરેરે! લક્ષ્મી ચાંલ્લો કરવા આવી ત્યારે, એને કપાળ ધોવા જવાનું સૂઝે છે. અફસોસ..."

માતા-પુત્ર કાંચન એકઠું કરવામાં રોકાયાં. સંત તુકારામે સ્વર્ગગમન કર્યું.

× × × ×

" ભક્તરાજ ! જૂઓ આ અમારા શેતરંજનો દાવ ! કહો વારૂં, હવે પોબાર કોના છે? મ્હારા કે દેવી રૂક્ષ્મણીના? જીત કોની અને હાર કોની?" વૈકુંઠધામમાં પ્રભુએ પોતાના ભક્તની પાસે પોતાની તકરાર રજુ કરી.

તુકારામે પાસા હાથમાં લીધા. હાથ જોડી એ સંતપુરૂષ બોલ્યો: "ત્રિકાળજ્ઞાની દેવ! હજારોના ન્યાય જેને હાથે થાય, એનો ન્યાય કરવાનું કામ આજ મ્હારા જેવા એક પામરના હાથમાં!

અહોભાગ્ય મ્હારાં. પ્રભુ ! આમાં હાર અને ભૂલ તમારા બંનેની છે, જ્યારે સાચી જીત તો તમને બંનેને લઢાવી મારનાર આ બે પાસાનીજ છે. મ્હારો નિર્ણય આપ બેમાંથી ગમે તે એકને ખોટું લગાડે એના કરતાં તો કલહ–કંકાશના કારણ રૂપ આવાં દ્યુત ન રમાય, એ જ વધારે ઉત્તમ છે. આજથી જ એની પ્રતિજ્ઞા મૂકાય, એની ઉપર પાણી મૂકાય એજ અત્યુત્તમ છે.

નિર્દોષતા નહિ નીતરે...જે મશ્કરી–આનંદમાં,
અડશો અગર પડશો નહિ સ્વપ્નેય એવા છંદમાં.
જે જે મધુરી મોજમાં કંકાશ ને કડવાશ છે,
જે મસ્તીમાં એ પ્રેમીઓની મિત્રતામાં નાશ છે.
જેની પછાડી જાનના જોખમ અને તકરાર છે,
પસ્તાઇએ એવી રમત રમવા વિષે નહિ સાર છે.
પાછળ પસ્તાવો કરે...પ્હેલાં રાખે રાજી,
પાણી મૂકો આજથી...આ પાસા ને બાજી.”

“ધન્ય છે...તુકારામ! ધન્ય છે ત્હારા નિર્ણયને...તું મ્હારો પરમ ભકત છે. કહે હવે ત્હારી શી ઇચ્છા છે?”

“પ્રભુ! જો આપ મ્હારી ઉપર પ્રસન્ન થયા હો, તો આપની માયાની માયા અર્થાત્ રાસલીલાના દર્શન કરાવી કૃતાર્થ કરો. માયાપતિને મેળવવાના પ્રયાસમાં મ્હેં માયાની અવગણના કરી છે, તો હવે કૃપા કરી એના દર્શન કરાવો.”

"તથાસ્તુ."

અને બીજી જ પળે સંત તુકારામને ઘેલી ગોપાંગનાઓના રાસમંડળની વચ્ચે મધુરી બંસરી બજાવતાં મધુસૂદનનાં દર્શન થયાં. આ વખતે એ ભકત હૃદય માયા તેમજ માયાપતિ બંનેને નમ્યું.

ભકિતથી મૂકિત છે, એ મહામંત્રને ભૂલશો મા.

જનની જણ તો ભકત જણ, કાં દાતા કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી...નહિ ગુમાવીશ નૂર.

આનંદ !! ... ૐ ... આનંદ !!

સમાપ્ત

ગુપ્તાની અમી-કુપી



નકલોથી હોશિયાર !!

હમારી હિંદુસ્તાન ભરમાં પ્રસિદ્ધ પામેલી અમી-કુપી ખરીદતી વખતે કાળજીપુર્વક સાવધ મનથી ખરીદ કરજો આજકાલ હમારા માલની આબેહુબ નકલ થઇ રહી છે નામની નહી માલની નહિ પણ પેકીંગ લેબલ સુધીની નકલ થઇ રહી છે માટે 'અમી કુપી' ખરીદ કરતી વખતે બાજુમાં બતાવેલું ચીત્ર છે તે પ્રમાણે પેકીંગ બોક્સ અને તે ઉપર અમારો ફોટો છે કે નહી તે તપાસી લેશો નકલીયાઓથી સાવધ રહેવા આ સુચનાઆપી છે.

"અમી-કુપી" જો તમારા ગામમાં ખાત્રીની મળે નહિ, તો હમારી પાસેથી મંગાવવી તેજ ઉચીત છે કારણ કે પૈસા ખર્ચી અસલ માલ નહિ મળવા સંબંધી પશ્ચાતાપ કરવાનું કારણ મળે નહિ કીંમત શીશી ૧ નો રૂ. ૧॥, ત્રણ શીશીના રૂ. ૪) છના રૂ. ૭॥, ૧ ડઝનના રૂ. ૧૨) પો. અલગ.

અમી-કુપીની ઉત્તમતા માટે પ્રદર્શનોમાંથી મેડલ મળેલ છે.

સોલ એજન્ટ—સી. સી. ગુપ્તા એન્ડ કંપની.

મુ. પો. નડીઆદ (ગુજરાત)

રાજશાહી વાયટોજન

હરહંમેશ સેવન કરવાથી ૨૦ ઘોડાની તાકાતવાળી મોટર અટકાવી શકાય છે.

મગજને શાંત રાખી યાદ શકિતનો વધારો કરે છે. ચહેરો હરહંમેશ હસમુખો ખુબસુરત રાખે છે. આ દવા બનાવવામાં કેશર, કસ્તુરી, બરાસ, ઇલાયચી, જાવંત્રી, મરી તજ, સુંઠ, દ્રાક્ષ, વીગેરે વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે સ્વાદ પણ ઘણો ઉત્તમ છે. હરહમેશાં સેવન કરવાથી ક્ષય, દમ, જુની ખાંસી, અરૂચી, અશક્તિ દુર થાય છે. આ દવા તાકાત વધારવામાં અદભુત છે. કીંમત બાટલીના રૂ. ૨) ત્રણ બાટલીના રૂ. પા, પો. અલગ.

રાજશાહી ગોનોરીઆ સ્પેસીફીક.

(પ્રમેહારી રસ.)

જુનો કે ગમે તેવો પ્રમેહ હોય માત્ર ચોવીસ કલાકમાંજ નાસવા માંડે છે. જાણે જાદુનો ચમત્કાર! એક ડોઝ પેટમાં ગયો કે બેઆની આરામ થયો છે એમ સમજો. પ્રમેહ માટે આવી ફતેહમંદ દવા બીજી કોઇ નથી પેશાબમાં આગ, બળતરા, ટીપેટીપે પેશાબ થવો, જાડો રગડા જેવો પેશાબ થવો કપડામાં ડાઘ પડવા, પેશાબની આગળ પાછળ ધાતુનું જવું, ઉનવા, હાથ પગમાં ફાટ, ઉંઘ નહી આવવી, અને આખો દીવસ એમાં જીવ લાગી રહેવો. એ સર્વ આ દવાથી નાબુદ થાય છે. જેઓ માને છે કે પ્રમેહ એક નહિ સારૂ કરી શકાય એવું દરદ છે, તેઓને હમે રાજશાહી પ્રમેહારી રસ લેવા ખાસ ભલામણ કરીએ છીએ. સો એ સો દરદી સારા થયા છે, હજુ સુધી કોઇ નિષ્ફળ ગયો જ નથી. કીંમત શીશીના રૂ. ૨) ત્રણ શીશીના રૂ. પા, પો. અલગ.

ફક્ત રૂપીઆ ત્રણમાં નવી જુવાની. !

ફ્રાન્કો હેર ડાઇ (ખીજાબ)

આ ખીજાબથી પાંચ મીનીટમાં સફેદ વાળ કાળા કુદરતી રંગના જેવાજ થઇ જાય છે. એકજ વખત લગાડવાથી કેટલાક મહીના સુધી વાળ કાળાજ રહે છે. દર અઠવાડીએ જો લગાડયા કરે તો સફેદ વાળ કોઇ વખત માલમ પડતાજ નથી તેમજ લાલ પીળા ભુરા, રંગના વાળ થતા નથી કીંમત બાટલી ૧ ના રૂ. ૩.) પો. અલગ.

ફક્ત શુદ્ધિ માટે

રાજશાહી સારસાપરિલા.

રાજશાહી સાર્સાપરિલા વિસ્ફોટક ચાંદી, પ્રમેહ, ખસ ખરજવાં પારાનું સીસાનું ઝેર, કંઠમાળ, લકવા, સંધીવા પ્રમેહ આંખમાં કળતર, શરીર પીળુ પડવું ઝાડો સાફ નિયમિત ન આવવો વિગેરે વિકારો ઉપર ઘણો સારો ફાયદો કરે છે. તમને ડોક્ટર ઉંચામાં ઉંચી સારસાપરિલા લેવા ભલામણ કરે ત્યારે રાજશાહી સાર્સાપરિલાજ લેજો કીં. બાટલી ૧ ના રૂ. ૧॥ ત્રણ બાટલીના રૂ. ૪) પો. અલગ.

રાજશાહી ટૉનીકસીરપ

શકિત આપનાર ઉત્તમ પદાર્થો મેળવી બનાવેલ છે, અત્યંત તેજસ્કર, બળ વર્ધક, સ્ફુર્તિકર અને ઘણો સ્વાદિષ્ટ છે. સ્નાયુની, મનની અને શરીરની દુર્બળતા, વૃદ્ધાવસ્થાની ક્ષીણતા, સ્મરણ શકિતનો નાશ; માથાનો વેગ, ચકરી કામ પર ચીત ન ચોટવું, કમ તાકાત, મનો વિકાર, લોહીનું કમતીપણું. અકાળ, વૃદ્ધાવસ્થા, પુરૂષત્વની ખામી, પેશાબનાં વિકટ દરદો, અજીર્ણ, બંધકોષ, ભુખ ન લાગવી, જીર્ણ અગર દરેક પ્રકારના તાવ વિગેરે ઘણા દરદોને એકદમ નાબુદ કરે છે, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો અને માનસિક શ્રમ લેનારને અતિ ફાયદો કરે છે, ટુંકામાં અખુટ બળ, તેજ, વિર્ય. અને સ્ફુર્તિ આપનાર છે.

કીં. શીશી ૧ ના રૂ. ૨) ૩ શીશીના રૂ. ૫॥ પો. અ.

સી. સી. ગુપ્તા એન્ડ કંપની મુ. પો. નડીઆદ [મુંબઇ]

રાજશાહી

અસ્થમા કયોર

(સર્વ પ્રકારના શ્વાસરોગ યાને દમની દવા)

જુના અને હઠીલા દમના સખતમાં સખત હુમલામાં પણ ફકત એકજ ડોઝ લેતાની સાથે દર્દીને કરાર વળે છે. દમ રાતને વખતે બહુ ચઢે છે. તે વખતે એવું થઇ આવે છે, કે આ દર્દમાં જીવવાથી મરવું સારૂં દમથી હેરાન હેરાન થઇ ગયેલા દર્દીઓને હમો ખાત્રી પુર્વક સલાહ આપીએ છીએ કે તેમણે રાજશાહી **"અસ્થમા કયોર"** પહેલીજ તકે વાપરવા શરૂ કરી આ દવામાં રહેલા અજબ ગુણોનો લાભ જરૂર લેવો. રાજશાહી **"અસ્થમા કયોર"** જુના અને હઠીલા દમ—હાંફણ ઠાંસો, ખાંસી ઉધરસ વિગેરે દરદો ને જડ મુળથી નાબુદ કરે છે. કીંમત બાટલી ૧ ના રૂ. ૨ાા. ત્રણ બાટલીના રૂા. ૭) પોસ્ટેજ અલગ.

કમતાકાત સ્ત્રી પુરૂષો માટે,

રાજશાહી ટૉનીક પીલ્સ

રાજશાહી ટોનીક પીલ્સ ગએલી શકિત પાછી લાવે છે, સ્વપ્નામાં યા પેશાબમાં જતી ધાતુ અટકાવે છે, હમેલ દરમ્યાન વાપરવાથી ગર્ભાશય સંપુર્ણ રીતે જાળવે છે. વિદ્યાર્થીઓના મગજને પુષ્ટી આપી યાદ શકિતમાં વધારો કરે છે, ત્રણ દિવસ વાપરવાથી બુઝર્ગોને પણ વીજળીની ઝડપે જુવાનીની મઝા દેખાડે છે. કીંમત રૂ. ૨) ત્રણ શીશોના રૂા. પાા પો. અલગ.

એક રૂપીઆથી ઓછી કીંમતનો માલ મોકલવામાં આવશે નહિ

આ ચોપડી બરાબર સાચવી રાખો જરૂર વખતે તે ઉપયોગી થશે કારણ કે તેમાં હજારો દરદો જલદીથી કેમ સારાં કરવાં તે બતાવવામાં આવ્યું છે.

વૈદ્ય ડૉક્ટર હકીમની મદદ સિવાય હજારો દરદો સારાં કરી શકાય છે.

ગુપ્તાની અમી-કુપી.

અમી—કુપી સર્વ પ્રકારનાં દરદો સારા કરવામાં ઘણીજ ગુણકારી દવા હોવાથી દસ વર્ષમાં ૧૦૦૦૦૦, (એક લાખ) શીશીઓથી વધુ એકજ સપાટે વેચાઇ ગઇ છે. દવા એવી તો ગુણકારી માલમ પડી છે કે જ્યાં એક બાટલી નમુના માટે મોકલવામાં આવી છે ત્યાંથી ડઝનબંધ માગણી આવવા લાગી છે દીન પ્રતિદિન સુર્યોદય થતાં અમી-કુપીની માગણી વધુને વધુ થતી જાય છે ગામડાના નાના વેપારી પણ તેનું વેચાણ કરે છે એજ તેના અદ્‌ભુત ગુણોનો સૌથી સરસ પુરાવો છે. કેટલાક લોભાગુ વેપારી મોટી મોટી જાહેરાત છાપી ગુપ્તાની અમી-કુપી બનાવવાનો નુસખો જાણવાનો દાવો કરે છે એવા ઢંઢાસખોર વેપારીથી ચેતતા રહેજો. ખરો નુસખો હમારા સિવાય કોઇ જાણતુંજ નથી.

કાનના સણકા—પરૂ વહેવું, કાનમાં સણકા, કાનમાં દુખાવો બહેરાપણુ, કર્ણંસુળ વિગેરે કાનનાં સઘળાં દરદો ઉપર અમી—કુપીનો ઉપયોગ કરવો જોઇએ એક તોલા ડુંગળીના રસમાં અથવા ૧ તોલા તલના તેલમાં અથવા એક તોલા દારૂમાં માત્ર એક ટીપુ અમી—કુપીનું મેળવી તેનાં કાનમાં ટીપાં પાડવાનું મટવાં સુધી ચાલુ રાખવું.

ઝાડા સંગ્રહણી—ઝાડા સંગ્રહણી, કોલેરા. અતીસાર ઉલટી એ રોગમાં અમી—કુપી ઘણીજ અકસીર દવા છે. દીવસમાં ૧૦, ૧૦ વખત ઝાડા થતા હોય. પાતળાં પેટ આવતાં હોય, ખાધુ કે તરત ઝાડા છુટી જતા હોય કે સાધારણ ઝાડા થતા હોય. ટુંકમાં જેને ઝાડાનો રોગ થતો હોય. તેણે પહેલી તકે અમી—કુપીનો ઉપયોગ કરવો. એકજ દીવસમાં ખાત્રી પુર્વક આરામ પહોંચાડે છે ઉલટી શરૂ થતાની સાથેજ જો "અમી—કુપીનો" ઉપયોગ કરવામાં આવે તો પાંચ દશ મીનીટમાં ફાયદો પહોંચાડે છે. જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરા ઉપરી જમણવાર ચાલતા હોય યાત્રામાં થંડા પાણીથી સ્નાન ખોરાકનું અનીયમીતપણું અને રખડપટીથી સરદી લાગી ઉપરના રોગ થવાનો સંભવ છે તેવે-સ્થળે એક શીશી અમી-કુપીની ગજવામાં રાખવી તે ઘણું ડહાપણ ભર્યું છે પોતાનો અને બીજાનો કીમતી જાન બચાવવા માટે દરેક ગૃહસ્થની ફરજ છે તેણે અમી—કુપીની એક શીશી ગજવામાં રાખવાની હંમેશાં કાળજી રાખવી

ઉપયોગ—દીવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલટી હોય તો દર કલાકે ચાર ટીપાં અમી—કુપી થોડા પાણી સાથે ઝાડા ઉલટી બંધ થતા સુધી લીધા જવું અથવા વધારે જરૂર જણાય તો અંદર બે ટીપાં લવીંગનો અર્ક નાંખવો લવીંગનો અર્ક રૂા. ૦।। ની એક શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકશે.

ચુંક આંકડી પેટદર્દ—ઠંડા પાણીમાં રહેવાથી ખોરાકની સંભાળ નહી રાખવાથી, વાયડી ચીજ ખાવાથી, તેલમાં તળેલા પદાર્થ ગળચી ગળચી ખાવાથી ભૂખ ન હોવા છતાં ખોરાક લેવાથી, અને બીજા અનેક કારણોથી પેટમાં ચુંક, આંકડી, પેદા થાય છે તથા ઝાડો કબજ થાય છે. અને કેટલીકવાર તો એટલી બધી ચુંક આવે છે કે તે સહન થઇ શકતી નથી દરદી આસપાસના માણસોને ગભરાવી મારે છે તેવે વખતે અમી કુપીનાં માત્ર બેજ ટીપાંથી જાદુઇ અસર થાય છે માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક બેદીવસ દવા ચાલુ રાખવાથી પ્રકૃતિ પાછી અસલ હાલતમાં આવી જાય છે.

ઉપયોગ—દર કલાકે આંકડી બંધ થતાં સુધી બે બે ટીપાં અમી-કુપી એક એક ચમચા દુધ મા પાણી અથવા વલયારીના અર્કમાં દશ ટીપાં સાથે લીધા કરવી તેમજ પાવલીભાર તપકીર છીકણીમાં ૧ ટીપુ અમી કુપીનું મેળવી ડુંટીમાં ભરવી વલયારીનો અર્ક શીશી રૂ. ૦ાા ભાવે હમારે ત્યાંથી પણ મળે છે.

ઝેરી ડંખ—ભમરી, વીંછુ, મધમાંખ, ચાંચડ, માંકડ, મચ્છર કાનખજુરો વિગેરેના ડંખ ઉપર અમી-કુપી અમુલ્ય દવા છે હજારો વખત તેની અજમાયેશ લેવાઇ છે અને હજી સુધી એક વખત પણ નિષ્ફળતા મળી નથી. દવા લગાડતાં વારજ અસર થવા માંડે છે. અને પાંચ મીનીટમાં તો દરદનું ચિન્હ પણ રહેતું નથી.

ઉપયોગ—ડંખ ઉપર એક ટીપુ અમી-કુપી ચોળવું.

સીરદર્દ, આધાશીશી-સળેખમ—માથાનો ગમે તેવો સખત દુખાવો, સણુકા, ચસ્કા આધાશીશી, વગેરે રોગોમાં અમી કુપી ખાત્રી ભરેલી દવા છે માત્ર બે પાંચ મીનીટમાંજ આરામ થઇ જાય છે.

જાણે કદી માથું દુખતુંજ નથી તાવમાં પણ જ્યારે માથું દુખતુ હોય ત્યારે આ દવાથી માથુ દુખતુ તો મટી જાય છે જ. ગમે તેવો સખત દુખાવો પાંચ મીનીટમાં જ આરામ થઇ જાય છે. ઝામરના દરદીએ પણ અમી-કુપીનું સેવન કરવું કે જેથી તેઓ ખાત્રીથી ફાયદો મેળવી શકે.

ઉપયોગ—એક ટીપુ કપાળ ઉપર ચોળવું પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી બે ટીપાં ચોળવાં સંભાળ રાખવી કે આંખમાં લાગે નહીં. શીશી ખોલીને વારંવાર દવા સુંઘવાથી જુનાં દરદો ઉપર સારો ફાયદો થાય છે.

આંખનો દુખાવો—આંખનો દુખાવો, કળતર, લાલી ગરમી વીગેરે દુર કરવા માટે સૌથી સરસ દવા માત્ર અમી કુપી છે, આંખોની ગરમી દુર થઇ જાય છે, અને લાલી કપાઇ જાય છે જ્યારે આંખમાં રેતી કે કાંઇ રજ જેવું પડ્યું હોય છે. અને ઘણું ખુંચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય આખમાંથી પાણી પુષ્કળ કાઢવું તે છે આંખમાંથી પુષ્કળ પાણી કાઢવા માટે અમી-કુપી ઘણી સરસ અને સસ્તી દવા છે.

ઉપયોગ— આંખ ઉપરની ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તરત આખમાંથી પાણી વહેવા માંડશે અને ગરમી ઝરી જશે સંભાળજો જરા પણ આંખની અંદર જવા નહી પામે; જો ૧ તોલા સુરમામાં માત્ર એક ટીપું અમી કુપી મેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે. સુરમો હમારે ત્યાંથી પણ મળશે.

દાંત દાઢમાં કળતર—દાંતમાંથી લોહી નીકળવું દાઢમાં કળતર દંતશુળ, સણુકા વિગેરે દાંતના રોગ ઉપર તત્કાળ અસર કરવા માટે અમી કુપી ખાત્રી ભરેલી દવા છે, દાઢના સણુકાનો રોગ કેટલો ત્રાસદાયક છે તે વિતે તેજ જાણે. એક એક મીનીટ એક એક યુગ

એટલી થઇ પડે છે. તેવા વખતે અમી કુપી માત્ર લગાડવાની જોઇએ છે, દાંત કે દાઢને અડતાની સાથે આરામ થઇ જાય છે. જેમને દાંતનો રોગ અસલથી હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થશે નહી દાઢના સણકા ઉપર જરા પુમડું ભીજવી કળતરવાળા ભાગ ઉપર લગાડવું અથવા પોલાણુ હોય તો પુમડું દાબી દેવું

દરાજ ધાધર ખસ; ખરજવું—દરાજ અથવા ધાધર ઉપર અમી કુપી રામબાણુ દવા છે બે ત્રણુ વખતજ લગાડવાથી આરામ થાય છે ખસ અને ખરજવા ઉપર પણ ઘણીજ અકસીર દવા છે. આવા રોગો જુદી જુદી દવાઓ કરીને જેઓ કંટાળી ગયા હોય તેમણે છેવટના ઉપાય તરીકે અમી કુપીની અજમાશ લેવી અને હમે ખાત્રીથી કહીએ છીએ કે જેમના એ દરદનું આયુષ્ય પુરૂં થયું હશે તેમને અમીકુપીના ઉપયોગની સલાહ ખરી લાગશે. પણ જેમના એ દરદનો છેડો આવવાનું હજી દુર હશે તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી અમીકુપી વાપરશે.

ઉપયોગ—એક તોલા તલના તેલમાં ચાર ટીપાં અમી કુપી નાંખી દાદર ઉપર ચોળવું ખસ ઉપર લગાડવાની વખતે અગન બળે તો તલના તેલની જગાએ ચંદનનુ તેલ લેવું ચંદનનું તેલ હમારે ત્યાંથી રૂ. ૧ માં એક શીશી મળશે.

સોજો—કાંઇ વાગવાથી અથવા બીજા કોઇ રોગથી શરીરના અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે. તેના ઉપર અમી-કુપી ઘણી અકસીર દવા છે. બે ત્રણુ વખત એક એક બે બે ટીપાં અમી-કુપી ચળવું સંભાળજો આંખમાં લાગે નહી.

સંધીવા લકવો–અર્ધાંગ વાયુ સંધીવા, લકવો, વિગેરે દરદ ઉપર ખાસ કરીને અમી–કુપી વાપરવા લાયક છે. સાંધાઓ ઝલાઇ જઇ માણસ ખાટલા વશ કેમ ન થયો હોય, પણ લગાડતાંજ આરામ થતો ખુલ્લો જણાય છે. એકજ દીવસમાં દરદીતે પોતાને કરાર વળેલો જણાય છે. સાધારણ હાથ પગમાં થતો ફાટ, તોડ ચુંથારો ઝઝણી; સાંધાઓમાં કળતર થવું, કમરમાં દર્દ, બરડાની કરોડમાં દુખાવો સુળ, પાંસળામાં કળતર, છાતીમાં દુખ થવું, હાથ પગનું ભરાઇ જવું વિગેરે દરદમાં સસ્તી કીંમતે જલદી આરામ મેળવવાનો એકલો રસ્તો અમીકુપી ઉપયોગજ છે થોડાક કલાકમાં તે મનમાનતો ફાયદો પહોંચાડે છે ગમે તેવાં જુનાં દરદ ઉપર પણ એકજ શીશી પુરતી છે ૧૦૦) રૂપીઆના ખરચે જેઓનો લકવો સારો થયા હતો નહી તેવા દરદીઓને અમીકુપીની એકજ શીશીએ સંતોષકારક આરામ પહોંચાડ્યો હતો એવા એક બે નહિ પણ અનેક દરદીઓ ઉપર તેની અજમાયેશ લેવાઈ છે. અને તે સઘળામાં ફતેહમંદ નીવડી છે. સરસવનું અથવા તલનું તેલ ટરપેનટાઇન કે ઘાસલેટ એક તોલો લઇ તેમાં ૦।। તોલો અમી–કુપી મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવું. ઉપરથી ગરમ કપડાનો શેક કરવાથી જલદી આરામ થશે અગન બળતી જણાય તો અમી–કુપી ૦।। ને બદલે ૦। તોલો લેવી.

કમજોરી નિર્બળતા—શરીરમાં લોહી ચઢતુંજ નહી હોય, ગમે તેવા ઉંચા ખોરાકની જાણે શરીર કીમતજ નહી કરતું હોય, આખો દિવસ સુસ્તી લાગતી હોય આંખો નિસ્તેજ મોં ફીકું ડાચાં બેઠેલાં છાતીનાં પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય. પાંચશેર ડેચકી પાંચ પગલાં ચલાતું નહિ હોય, ચાલતાં શ્વાસ ભરાઇ જતો હોય, મન હમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળ બળ થયા કરતો હોય, રસહીપણું જતું રહ્યું હોય, નિરાશામાં દિવસો વ્યતીત થતા હોય, ઉઠી

ને ઉભું થવું ભારી પડતું હોય, આખો દીવસ સુઇજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય યાદ શક્તિનો નાશ થતો હોય, મગજમાં અનેક ગુંચવાડાઓ ઉભા થતા હોય, ટુંકમાં જ્યારે શરીર કેવળ શક્તિ વગરનું થઈ ગયું હોય ત્યારે અમી કુપીનો જરૂર ઉપયોગ કરવો. અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર હાડકાં ચીકણાં અંગ ભરાવાદાર, ચહેરો ગુલાબી, છાતી ભિડાવદાર, કમર મજબુત, હાથ પગ તાકાતવાળા, આંખો તેજ; સ્વી અને મન ઉમંગી બની મગજ પણ આનંદી બને છે. એકજ શીશીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે. વિદ્યાર્થીઓને ખસુસ કરી વાપરવું જોઇએ ધાતુપૌષ્ટિક દવાઓમાં પહેલો નંબર અમી-કુપી નો આવે છે.

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ અથવા ૧ તોલો માંખણ અને અડધો તોલો પીસેલી સાકર અથવા એક તોલો બદામનું તેલ અથવા ૧૦ તોલા દુધ એમાંના કોઇપણ અનુપાન સાથે બે બે ટીપાં અમી-કુપી સવાર સાંજ લેવું.

મંદ જઠરાગ્નિ, અજીર્ણ, અપચો—સર્વ રોગનું કારણ અજીર્ણ બદહજમી છે માણસને જ્યારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણવું કે રોગની શરૂઆત થઇ ચુકી છે માટે તેનો તત્કાળ ઉપાય કરવો ગમે તેવા અજીર્ણમાં અમી-કુપીનાં માત્ર બેજ ટીપાં ઘણી સારી અસર કરે છે એક દીવસમાં કકડીને ભુખ લાગે છે અને કોઇપણ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે જો પંદર દીવસ લાગલાગટ બબે ટીપાં અમી કુપીનાં લેવામાં આવે તો

હંમેશ કરતાં ડબલ ખોરાક ઉઠાવી શકાય છે અને પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બંને વખત જમ્યા પછી એક ચમચા પાણી સાથે દસ ટીપાં સુંઠનાં અર્ક સાથે બે બે ટીપાં અમી-કુપી અને એક ચમચો પાણી મેળવી પીવું સુંઠનો અર્ક અગર હમારે ત્યાંથી મંગાવશો તો દર શીશી દીઠ રૂ. ૦॥ પડશે.

ક્ષય, ખાંસી, દમ, ઉંટાટીયું—ખાંસી, દમ-શ્વાસ, ક્ષય બાળકોનું ઉંટાંટીયું વગેરે છાતીના દરદો ઉપર અમી-કુપી ઘણી અસરકારક દવા છે બે ત્રણ દીવસ દવા ચાલુ રાખવાથી જરૂર આરામ પહોંચે છે. "રોગનું ઘર ખાંસી" એ વાત યાદ રાખજો. અને શરૂઆતના ઉપાય તરીકેજ અમી કુપી ઉપયોગમાં લેજો જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો દમ અને ક્ષયના દરદીઓએ સામાન્ય રીતે એક મહીનો દીવસ અમી-કુપીનું સેવન ચાલુ રાખવું જોઈએ ઓછા ખરચે વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એકજ છે.

ઉપયોગ—બે ટીપાં અમી-કુપી સવાર સાંજ જમ્યા પછી એક ચમચા દુધ સાથે લેવું ૦ા તોલો અમી કુપી ૮ તોલા ચોખા ટરપેનટાઈનમાં મેળવી તે મેળવણીને શીશામાં ભરી રાખી રોજ તેમાંથી છાતી ઉપર ચોળવું અને ઉપરથી શેક કરવો ટરપેનટાઈન રૂ. ૦॥ની શીશી એક હમારે ત્યાંથી મળશે.

પ્લીહા-બરોળ—બરોળના દરદીએ ખાસ કરીને અમી-કુપી અજમાવવું જ્યાં કોઈ દવાએ ફાયદો નથી પહોંચાડયો ત્યાં તે જરૂર સારૂ પરિણામ લાવશે થોડા ખરચે જલદી આરામ કરવાનો એકજ રસ્તો છે. અમી-કુપીની અજમાશ લેવી.

ઉપયોગ—સાચા મોતીની છીપની ભસ્મ બે આની ભાર લઈ

તેમાં બે ટીપાં અમી-કુપી મેળવી રોજ દિવસમાં બે વાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ હમારે ત્યાંથી મંગાવવામાં આવશે તો રૂ. ૧) ની તોલો એક એ હિસાબે મોકલવામાં આવશે.

પ્રમેહ-ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ અમી-કુપી થી તે જરૂર મટશેજ.

ઉપયોગ-રોજ સવારમાં ૧) તોલો વાટેલા ગોખરૂ ૧ તોલો દાડમડીનાં પાંદડાંનો રસ ૧] તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં બે ટીપાં અમી-કુપી નાખી પી જવું અથવા દસ કે બાર ટીપાં ચોખ્ખું ચંદનનું તેલ તેમાં બે ટીપાં અમી કુપી મેળવી રોજ સવાર-સાંજ ચાટી જવું ચંદનનું ચોખ્ખું તેલ હમારે ત્યાં પણ મળશે કી. રૂ. ૧

ચામડાનું ફાટવું-શિયાળામાં ઘણું કરીને દરેક માણસના હાથ પગની ચામડી ઓછી વધારે પણ ફાટયા વિના નથી રહેતી તેવે પ્રસંગે અમી-કુપી વાપરવા લાયક દવા છે.

ઉપયોગ-માંખણ ઘી, તેલ, દીવેલ, અથવા વેસેલીન એમાંથી કોઇપણ ચીજ ૦ાા તોલો લઇ તેમાં બે ટીપાં અમી-કુપી નાંખી ચોળવું એટલે જલદી આરામ થઇ જાય છે

નપુંસકતા-વિર્યનો કોઇપણ રીતે નાશ થવાથી આ દરદ ઉત્પન્ન થાય છે સૃષ્ટિ વિરુદ્ધ કર્મ હસ્ત દોષ, અતિશય વિહાર, રાત દિવસ હલકી ભોજના વિહારો બીભત્સ વાંચન લેખન, સ્વપ્નાવસ્થા ઇત્યાદિ કારણોથી વિર્યનો અઘટિત રીતે નાશ થઈ માણસ પુરુષત્વ ખોઇ બેસે છે તેવે વખતે તેમને ચિંતામાંથી મુક્ત કરનાર એક અમી-કુપી એજ ખરો આધાર છે ધાતુક્ષિણતાથી ઢીલી પડેલી

નસોને પાછી તંગ બનાવી તેમાં તાકાત લાવવા માટે અમી-કુપી રામબાણ દવા છે પુરૂષત્વના નાશથી જેઓ રાત દીવસ ચીંતામાં રહેતા હોય હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નિરાશ થઇ ગયા હોય તેઓને છેલ્લા ખાત્રી ભરેલા ઉપાય તરીકે અમી-કુપી વાપરવાની ભલામણ કરવામાં આવે છે અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથો તેઓની ભવની ચીંતા ખચીત ટળી જશે ઉપયોગ રોજ સવાર સાંજ ૫ પાંચ ટીપાં માલકાંકણીના તેલમાં એક ટીપુ અમી કુપી મેળવી તેને ચોળવું માલકાંકણીનું તેલ ફી શીશી રૂ. ૦॥

પ્રદરરોગ—સ્ત્રીઓના પ્રદર રોગ ઉપર અમી-કુપી અજાયેબ અસર કરે છે રક્ત યા સ્વેત પ્રદર ઉપર તે આપી શકાય બે ચાર દીવસમાં તેનાથી આરામ થઇ જાય છે સ્ત્રીઓને તંદુરસ્ત આરોગ્ય મજબુત બાંધાની રાખવાથી તેમની સંતતી પણ નિરોગી બનાવી શકાય છે સ્ત્રીઓને નિરોગી બનાવવા માટે દર વર્ષે એક શીશી અમી-કુપી આપવામાં આવે તો સુવાવડોમાં આવનારી નબળાઇથી પણ તેમનું રક્ષણ કરી શકાય. ઉપયોગ સવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ૦॥ તોલો નાગકેસર (ઝીણું વાટેલું) લઇ તેમાં એક તોલા માખણ તથા બે ટીપાં અમી કુપી મેળવી ખાવું ઉપરથી રૂચી અનુસાર દુધ પીવું.

શરદી—અતિશય શરદી થઇ જવાથી માણસ ઘણી વાર ગાર બની જાય છે સ્થિતિ ઘણી ભયંકર છે અને જો આ સ્થિતિ માંથી તત્કાળ તેને બચાવવામાં નહિ આવે, અંગમાં ગરમી લાવનાર ઉપચારો કરવામાં નહિ આવે તો થોડા કલાકોમાં તેનું આયુષ્ય પુરૂં થઇ જાય છે ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય અમી-કુપીજ છે આવી સ્થિતિમાં તે પગના તળીએ ચોળવાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાંની સાથેજ

હુશિયારી આવી જાય છે, ઉપયોગ એક તોલા સરસીયાનું તેલ લઈ તેમાં ૧૦ ટીપાં અમી-કુપી મેળવી ખુબ ચોળવું વધારામાં જરૂર જણાય તો ૧૦ ટીપાં તજનું તેલ ઉમેરવું તજનું તેલ હમારી પાસેથી મગાવતાં રૂ, ૦ાા ની એક શીશી મોકલવામાં આવશે.

તાવ—ઠંડીનાં લખલખાં આવીને, રોજીંદો એકાંતરીઓ, ચોથીઓ ગમે તેવો તાવ આવતો હોય તેને નાબુદ કરવાને સહેલો ઉપાય અમી-કુપી છે જીર્ણજ્વર ઉપર પણ તે ઘણું સારૂં કામ કરે છે સેંકડે ૮૦ માણસોને તેથી આરામ થઇ જાય છે ઉપયોગ તુળસી આદુ અને ખાવાનાં પાન પ્રત્યેકનો રસ (૦ા) તોલો મેળવી તેમાં બે ટીપાં અમી કુપી નાખી દરદીને દિવસમાં બે વખત પાવું.

ન્હારૂ—ન્હારૂ અથવા વાળો એ એક જાતનો તારના રૂપનો કીડો છે ખરાબ પાણી અથવા બીજાં ઘણાં કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગે વાળો નીકળે છે એકવાર વાળો બહાર દેખાયો કે તેને બાંધી રાખવો પડે કારણ તાણી કાઢતાં તે તુટી જાય છે અથવા અંદર પેસી જાય છે તો તે પોતાનો રસ્તો ફેરવે છે અને ઘણી ઘણી વેદના દિવસો કે મહીનાઓ સુધી આપે છે અમી-કુપી લગાડવાથી વાળો બળી જાય છે ઉપયોગ ચાર ટીપાં હીંગનો અર્ક લઇ તેમાં બે ટીપાં અમી કુપી નાખી થોડુ પાણી ઉમેરી રોજ દિવસમાં ત્રણ વાર પાવું હીંગનો અર્ક હમારી પાસેથી મંગાવશો તો રૂ. ૦ાા શીશીને હિસાબે મોકલીશું.

જંતુ નાશક—ઘરમાં ખાળ, મોરિયો, વિગેરે જગાઓ સાધારણ પાણીથી ધોવા છતાં ઘણી દુર્ગંધી મારે છે તથા જીવ ઉત્પન્ન થાય છે. આવી વખતે ઘરમાં વસનારને ઘણો કંટાળો ઉપજે છે. એટલુંજ નહિ પણ એવી દુર્ગંધમાં વસવું તે પણ જોખમ ભરેલું

છે થોડા પાણીની અંદર બે ટીપાં અમી—કુપી નાંખી તેની જગાઓ સાફ કરવામાં આવે તો દુર્ગંધી દુર થશે એટલુંજ નહિ પણ હાની કરતા જંતુઓનો નાશ થાય છે,

માંકડ—પલંગ, ખુરસી, ટેબલ, મેજ, કબાટ, ભભરાઇ, બારી, બારણાં ભીતની તરડો વિગેરે જગાઓમાં માંકડ પુષ્કળ ભરાઇ રહે છે. તેમનો નાશ કરવા માટે અમી—કુપી ઘણી અકસીર દવા છે. માંકડનો કંટાળો લગભગ દરેક ઘરમાં હોય છે. અને માંકડના ઉપદ્રવથી બચવાની ઇચ્છા પણ દરેકને હોય છે ત્યારે માંકડનો નાશ કરવા ઉપરાંત જેમાં બીજા સેંકડો ગુણો સમાયલા છે તેથી અમી—કુપીની દરેક ઘરમાં જરૂર છે એ વાત પુરવાર થાય છે.

ઉપયોગ સાબુનું ફીણુ બનાવીને તેનું પાણી ગ્લાસ ભરીને તૈયાર કરી તેમાં ચાર ટીપાં અમી—કુપી નાંખી માંકડ ભરાવાની જગ્યાઓમાં તે ફિનાગવું એથી માંકડ મરી જસે અને મહીનાઓ સુધી તે જગામાં માંકડ ભરાઇ બેસશે નહીં

હરસ—હરસની પીડા જેને વીતી તે જાણે જ્યારે હરસની દવા કરી કરીને તમો કંટાળી ગયા હોય, ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર અમી—કુપા અજમાવજો અને ખાત્રીથી એ પીડા હંમેશની દુર થઇ જશે.

ઉપયોગ—રોજ સવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર ૦। તોલો વાટેલી સાકર ભેગાં કરી તેમાં બે ટીપાં અમી—કુપી નાંખી ફાકી મારવી અને ઉપરથી ૦। શેર દુધ પી જવું જો ફાકવું પસંદ નહી હોય તો માખણમાં મેળવી ચાટવું.

ઉંચુ નાગકેશર દળેલું તૈયાર શીશી ૧)નો રૂ. ૦।। હમારે ત્યાંથી પણ મળશે.

મ્હોં—આવવું—ગમે તે કારણથી મોં આવ્યું હોય, જવાળુ ફુલી ગયેલ હોય, મોંમાં ચાંદાં ધારાં પડી ગયાં હોય, બધું બે ચાર વખતમાંજ મટી જાય છે.

ઉપયોગ—વ તોલો કબાબચીની (ચીણીકબાલા) બારીક વાટી તેમાં માત્ર એક જ ટીપું અમી કુપીનું નાખી મેળવી મોંમાં ચોપડવું અને મોં ગળતું મુકવું. (લાળ જવા દેવી) એ રીતે દિવસમાં ત્રણ કે ચાર વખત કરવું.

પેટ ચઢવું પવનનું ઘુંચાવું—**અમી-કુપી** જરા હથેળીમાં લઇને પેટ ઉપર ડુંટીની આસપાસ તેમજ પેઢુ પર ચોળવું. એકાદ કલાકમાં પવન છુટીને પેટ હલકુ પડશે.

શુળ—છાતીમાં, પાંસળામાં અગર કમરમાં સુળ આવી ચસકા મારતા હોય તેને માટે **અમી-કુપી** અકસીર છે. દરદવાળા ભાગ ઉપર **અમી-કુપી** ચોળી શેક કરવો.

ઉપર લખવામાં આવેલા **અમી-કુપીના** સઘળા ગુણ અતિશયોકિતથી કેવળ નિરાળા છે. દરેક ઘરમાં તેની આજકાલ જરૂર છે. પોતાના સ્વાર્થને માટે ઘણા માણસો આ શીશી ખરીદ કરે છે. જે ઘરમાં **અમી-કુપીની** એક શીશી છે તેને વૈદ્ય ડોકટરોની જરૂર કવચીતજ પડે છે.

કીમત—ગુમાની **અમી-કુપી** એક શીશી સેકડો રૂપીઆની કીંમતની છે એમ કહીએ તો ચાલે કારણ કે તેનાથી વૈદ ડોકટરનાં મોટાં બીલો ભરવાનાં બચી જાય છે. ગરીબોને પણ દવા વાપરવાનો લાભ મળે છે. તેટલા માટે ફકત તેની કીંમત શીશી એકનો રૂ. ૧॥, ૩ શીશીના રૂ. ૪) ૬ શીશીના રૂ. ૭॥, ૧ ડઝન શીશીના રૂ. ૧૨) ટપાલ ખર્ચ જુદું.

અમી-કુપીની કીંમત શીશી ૧ ના રૂ. ૧॥ ત્રણ શીશીના રૂ. ૪) ૭ શીશીના રૂ. ૭॥, ૧ ડઝનના રૂ. ૧૨) પો. અલગ.

રાજશાહી મેન્થોલ ઓઇન્ટ મેન્ટ

(શીરદર્દની દવા)

એક મહાન વિદ્વાન ડોકટરની શોધ ઉપરથી બનાવેલો છે. આ મલમ ચોળવાથી માથાનો દુખદાયક રોગ ટુંક વખતમાં નાબુદ થાય છે. આ રામબાણ ઉપાયની એક બાટલી દરેક કુટુંબોમાં અવશ્ય રાખતો જોઇએ. કીંમત શીશી ૧ નો રૂ. ૦ાા ત્રણ શીશીનો રૂ. ૧ા, ૧ ડઝનના રૂા. ૪) પો. અલગ.

રાજશાહી રૂમેટીઝમ ઓઇલ

[વાતહરણ તેલ]

૨૪ કલાકમાં પ્રત્યક્ષ ફાયદો

વાથી દરેક અંગ ઝલાઇ ઝકડાઈ કેમ નહિ ગયાં હોય, દરદી ખાટલા વશ હોય, સાંધાઓમાં હદ બહારનું કળતર, કમરમાં દુખાવો છાતીમાં, પાંસળામાં દર્દ, બરડાની કરોડમાં નહિ સહન થાય તેની પીડા, હાથ પગમાં ફાટ. અરધાંગ વાયુ. ધ્રતો વા સરદીથી શરીરમાં થતા તોડ વિગેરે રોગો ઉપર આ તેલ ચોળવાથી તદન આરામ થાય છે. તેલ ચોળતાં ચોળતાં જ જાણે આરામ થતો હોય તેમ દરદીને લાગે છે. આજકાલ રાજશાહી રૂમેટીઝમનો મોટો ઉઠાવ છે કીંમત શીશી ૧ ના રૂ. ૨) ત્રણ શીશાના રૂ પાા પો. અલગ.

રાજશાહી બાલામૃત.

ગુલાબી ગાલ, ભરેલું અંગ, તેજસ્વી આંખ, ભરાવાદાર બાલક, હસતુ બોલતું બાળક આપણુને કેટલું પ્રીય લાગે છે તેના ઉપર ફોનોગ્રાફ અને ગ્રામોફોન કરતાં તમારૂં એક નાનું રંગીલું હસમુખું વાચાળ આનંદી બાળક પોતાના કુટુંબીઓ ઉપરાંત તમારા પાડોશી અને દોસ્તોને વધારે સારી રીતે રીઝવી શકશે શું તમે એક બાળકના માતા પિતા છો! તમારૂં બાળક તન્દુરસ્ત અને આનંદી છે નહિ તો શા માટે

રાજશાહી બાલામૃત નથી વાપરતા એકથી ત્રણ શીશી સુધીમાં તમારૂ બાળક સુંદર અને નીરોગી થઈ ઘરમાં પાડોશમાં શેરીમાં કે પોળમાં આનંદ આનંદ વર્તાવી મુકશે કીંમત શીશી ૧ નો રૂ. ૧) ત્રણ શીશીના રૂ. ૨ાા પો. અલગ.

રાજશાહી ઈચ ઓઇન્ટ મેન્ટ
[ખસની દવા]

આ ચોપડવાની દવા છે. માત્ર બે ત્રણ વખત ચોપડવાથી ખસ મટી જાય છે એમાં જરા પણ શક નથી કીમત રૂા. ૦ાા ત્રણ શીશીના રૂ. ૧ા, ડઝન ૧ ના રૂ. ૪ પો. અલગ.

રાજશાહી એકઝીમા ઓઇન્ટમેન્ટ.
[ખરજવાની દવા]

ખરજવાં બે પ્રકારનાં છે. લીલુ અને સુકું લીલામાંથી પાણી ઝર્યા કરે છે આ દરદ મટતુ નથી અને જો દવા કરવામાં ન આવે તો તે આખા શરીરે પથરાઇ જવાનો સંભવ છે માટે તેની દવા તરત જ કરવી કીંમત શીશી ૧ રૂ. ૦ાા ત્રણ શીશીના રૂ. ૧ા

લોહીના બગડવાથી વારંવાર ખસ, ખરજવું, દાદર નીકળ્યા કરતી હોય તો એક બે શીશી રાજશાહી સારસાપરીલા પીવાથી જલદી આરામ થઇ જશે. રાજશાહી સારસાપરિલાની કીમત રૂ. ૧ાા ત્રણ શીશીના રૂ. ૪)

રાજશાહી કફ પીલ્સ.
[ખાંસીની ગોળીઓ]

ગમે તેવી નવી જુની હઠીલી ખાંસી કોઇપણ દવાથી ન જતી હોય તો ફકત બે દીવસમાં રાજશાહી કફ પીલ્સથી પુરાની સુકી ખાંસી, ગોળી લેવાની સાથે નરમ પડતી જાય છે એક જ દીવસમાં તેનો ચમત્કાર બતાવે છે કિમત રૂ. ૦ાા ત્રણ શીશીના રૂ. ૧ા ડઝન ૧ ના રૂા. ૪) પો. અલગ.

રાજશાહી રીંગવર્મ ઓઇન્ટમેન્ટ
[દરાજનો મલમ]

ગમે તેવી હઠીલી કાળી કે લાલ દરાજ અગર ખુજલી શરીરના કોઇ પણ ભાગમાં લાગેલી હોય અને અનેક ઉપાયો લીધા છતાં કાદર નહિં મટતી હોય તો છેવટે આ મલમ અજમાવી જોવો બેથી ત્રણ વખત લગાડવાથી જડમુળથી નાબુદ થાય છે કીમત રૂ ૦ાા ત્રણના રૂ. ૧ા. ૭ ના રૂ. ૨ા, ડઝન ૧ ના રૂ. ૪)

રાજશાહી ભીમસેની ચુર્ણ.

અજીર્ણ થયું છે કે? ખાટા ધચરકા આવે છે કે? પેટ ડમ-ડમ બોલે છે કે? ખોરાક જોતાંજ દીલ કમકમે છે કે? ત્યારે ભલા માણસ રાજશાહી ભીમસેની ચુર્ણજ વાપરો? અન્ન પચે નહિ અન્ન ઉપર રૂચી લાગે નહીં ત્યારે ભીમસેની ચુર્ણ ખાઇ જોઇ લ્યો મમ્મત હલાડામાં બે ત્રણ જગાએ ચાર વાર અને સાંગલની જગાએ ડબલ નહીં તો થોડો ખોરાક તો જરૂર લેવો પડશે ખાશો ખાશીને જાણે ભૂખ્યાભીમ? પેટમાં ભૂખ નહી હોય અને ઘી દુધ, શક્તિની દવાઓ હોજલીમા ભરે જાવ અને પછી વાત કરો કે કોઇ ચીજનો ગુણુજ લાગતો નથી. પણ લાગે શી રીતે? ભીમસેની ચુર્ણ વાપરી પ્રથમ તમારા જઠરાગ્નિને ભડભડાટ સળગાવી દો અને પછી તેમા ઘી, દુધ અને પોષ્ટિક વસાણાં નાંખી જુવો! પછી માલમ પડશે તે કેવાં ગુણકારી છે. કીમત રૂા. ૦ાા ત્રણ શીશીના રૂા. ૨) પો અલગ.

રાજશાહી સ્તંભનરાજ પીલ્સ.

હ્યો? સાંભળો લ્યો આ તેજ દવા છે કે જેને માટે આજકાલના નવજુવાનો રાત્રી દીવસ ખુણે ખોચરે ભારે ઉત્સાહથી શોધખોળ ચલાવે છે અને ખરે દવા મળે તો મ્હોં માગ્યા દામ આપવા તૈયાર છે તે જ આ દવા છે! રતિ-સુખની સંપુર્ણતા પ્રાપ્ત કરવા માટે આ દવા વગર બીજી ફની છે કી માત્ર રૂ ૧ાા, ૩ શીશીના રૂ. ૪ પો અલગ

એક રૂપીઆથી ઓછી કીમતનો માલ મોકલવામાં આવશે નહી.

રાજશાહી લ્યુકોરીના.

સેંકડો નૌજુવાન રમણી રત્નો મુગ્ધા અવસ્થા નો લાભ લીધો ન લીધો એટલામાં આ બુરા રોગમાં ફસી પડી હોય છે. યૌવાન રૂપી ખીલતી કળી પોતાની પાંખડીઓને વિકાશ આવતાં આવતાંજ કરમાઇ જાય છે, લજ્જાને લીધે સેંકડો સ્ત્રીઓ પોતાનું આ ગુપ્ત દરદ બને ત્યાં સુધી છુપાવવાની કોશીષ કરે છે પરંતુ મોં ઉપરની તે ગુલાબી લાલી, આંખનો તે થનથનાટ હૃદયનો તે ઉમળકો, મનનો તે અહ્લાદ, ભ્રગુટીનું તે મોહક પણું શરીરનું તે તેજ, વૃત્તીઓનું તે રસીક પણું, હાસ્યમાં રહેલી તે મધુરતા એ સર્વ તેના પુર બહારમાં ખીલી ઉઠવાના વખતેજ નષ્ટ થતું જણાય છે, ત્યારે ચતુર જોનારથી તે છુંપું રહી શકતું નથી આ સર્વનું કારણ માત્ર તે બુરો પ્રદર રોગજ છે તેનાથી સ્ત્રીઓનો બને તેટલો જલદી ઉદ્ધાર થવો જોઇએ નહિ તો રોગ દીન પર દીન વૃદ્ધિને પામી સ્ત્રીઓને મરણનાં વિકાસી રહેલા ડાચામા ધકેલી મુકે છે. પેડુમાં દરદ પાણીનું નીરંતર ટપકયા જવું, લાલ કે સફેદ ડાઘ કપડામા પડવા સંસાર સુખ ઉપર અભાવ આવવો, એ સર્વમાંથી સ્ત્રીઓનાં રક્ષણને માટે સ્હેલો અને ખાત્રી ભર્યો રસ્તો એ કે રાજશાહી લ્યુકોરીના આપવી અને જુવો કે તરતજ કરમાઇ જતી જુવાની ફરીથી તેના પુર્ણ બહારમાં કેવી ખીલી ઉઠે છે. કીંમત શીશી ૧ ના રૂ. રાા, ત્રણ શીશીના રૂ. ૭ાા પો. અલગ


અર્ક! તેલ!! ફુલ!!!

	એક સીસીની કીંમત	ત્રણ શીશીના
અજમાનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
પીપરમીન્ટનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
તજનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
લવીંગનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
ઇલાયચીનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
વરીયારીનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
ગંધાબીરોજાનો અરક	રૂા, ૦ાા	રૂા. ૧ા
હીંગનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
સુંઠનો અરક	રૂા. ૦ાા	રૂા. ૧ા
પીપરમીંટ ફુલ	રૂા. ૦ાા	રૂા. ૧ા
અજમાનાં ફુલ	રૂા. ૦ાા	રૂા. ૧ા
ચંદનનું તેલ ચોખ્ખું........	રૂા. ૧).................	રૂા. ૨ાા
ચહાનું તેલ	રૂા. ૦ાા	રૂા. ૧ા
બદામનું તેલ	રૂા. ૦ાા	રૂા. ૧ા
પીપરમીંટ તેલ	રૂા. ૦ાા	રૂા. ૧ા
ટરપેનટાઇન તેલ	રૂા. ૦ાા	રૂા. ૧ા
માલકાંકણીનું તેલ	રૂા. ૦ાા	રૂા. ૧ા

ભેળસેળ વગરનો ચોખો ખાત્રીનો માલ મળશે.

એક રૂપિયાથી ઓછી કીંમતના માલનું પારસલ મોકલવામાં આવશે નહિ.

જગદ્ગુરૂ સ્વામી શંકરાચાર્ય મહારા



બુકસેલર કંચનલાલ શાન્તીલાલ બ્રધર્સ મુ. નડીઆ

મુખ પૃષ્ઠ ફીનીક્ષ પ્રી. વર્ક્સ, અમદાવાદ.